અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૧ જુલાઈ ૨૦૨૫, શુક્રવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, અષાઢ વદ ૧ | અંક : ૧૨ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### નાણામંત્રી નિર્મલા સીતારમણની NBFCને ચેતવણી

## વાજબી દરે રાખો વ્યાજદર, હપ્તા વસૂલી પણ સન્માનજનક રીતે થવી જોઈએ

### નિર્મલા સીતારમણે નોન-બેંકિંગ ફાઈનાન્સ કંપનીઓને ભારતીય રિઝર્વ બેંકના લોન વસૂલીના ધોરણોનું પાલન કરવા માટે વિનંતી કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા. ૧૦ ।

નાણામંત્રી નિર્મલા સીતારમણે નૉન-બેંકિંગ ફાઈનાન્સ કંપનીઓને ગ્રાહકોને લોન આપવા માટે આક્રમક અભિગમ ન અપનાવવા અને વ્યાજ દર વાજબી રાખવા ચેતવણી આપી છે. આ સાથે જ તેમણે નાણાકીય શોષણ ન કરવાની અપીલ કરી. નાણામંત્રીએ નૉન-બેંકિંગ ફાઈનાન્સ કંપનીઓ (NBFC)ને ભારતીય રિઝર્વ બેંકના લોન વસૂલીના ધોરણોનું કડક પાલન કરવા પણ વિનંતી કરી. નિર્મલા સીતારમણે કહ્યું કે, નાણાકીય સમાવેશના નામ પર નાણાકીય શોષણ ન કરી શકાય. લોન ગ્રાહકોની વાસ્તવિક જરૂરિયાતો અને તેને ચૂકવવાની તેમની ક્ષમતા પર આધારિત



હોવી જોઈએ. લોન આપવા માટે આક્રમક રીતે માર્કેટિંગ ન કરવું જોઈએ અથવા તેને વ્યક્તિઓ પર થોપવી ન જોઈએ. હપ્તા વસૂલી પ્રક્રિયા ન્યાયી, સહાનુભૂતિ પૂર્ણ અને સન્માનજનક રીતે થવી જોઈએ અને તે RBI નિયમો પ્રમાણે હોવી જોઈએ. તેમણે NBFC ને કહ્યું કે, લોનની વસૂલી તમારા કામનો હિસ્સો છે, પરંતુ અસંવેદનશીલ રહેવું તમારા કામનો હિસ્સો નથી. તમને જણાવી દઈએ કે દેશમાં NBFCની સંખ્યા લગભગ ૯,૦૦૦ છે. નાણામંત્રીએ આગળ કહ્યું કે, જેમ-જેમ NBFC મોડેલ પરિપક્વ થાય છે, તેમ-તેમ રિસ્ક મેનેજમેન્ટ પર ધ્યાન વધારવું જોઈએ. સીતારમણે NBFCને કહ્યું કે, રિસ્ક ઉઠાવવું આયોજિત અને ડેટા પર આધારિત હોવું જોઈએ અને સંબંધિત સંસ્થાના જોખમ સહન કરવાની ક્ષમતા કરતાં ક્યારેય વધુ ન હોવું જોઈએ. રોકડ અને લોન જોખમોનું કડક મૂલ્યાંકન અને સંચાલન કરવું જોઈએ. મજબૂત આંતરિક નિયંત્રણ વ્યવસ્થાથી સંપત્તિ-જવાબદારીની વચ્ચે અંતર, ફંડ સોર્સની પ્રકૃતિ અને સમયગાળાની દેખરેખ સુનિશ્ચિત થવી જોઈએ. નાણામંત્રીએ વધુમાં કહ્યું કે હાલમાં કોમર્શિયલ બેંકો દ્વારા આપવામાં આવતી કુલ લોનમાં તેનો હિસ્સો લગભગ ૨૪% છે અને ટાર્ગેટ ૫૦% સુધી પહોંચવાનો હોવો જોઈએ. NBFC હવે શેડો બેન્ક નથી. તેનું મજબૂત નિયમન અને દેખરેખ નાણાકીય વ્યવસ્થા અને અર્થતંત્રમાં તેમના મહત્વનો શ્રેષ્ઠ પુરાવો છે. જેમ-જેમ ભારત આગળ વધશે, તેમ-તેમ ભવિષ્યની લોન જરૂરિયાતોને પૂર્ણ કરવામાં NBFC મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

### ન્યૂઝ બ્રિફ

#### દિલ્હીના વકીલ દ્વારા ધોનીની અરજીને પડકારવામાં આવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

કેપ્ટન કૂલ શબ્દ સાંભળતા જ જે વ્યક્તિનો ચહેરો યાદ આવે છે તે ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની છે. ધોની ઈચ્છે છે કે આ નામ તેની સાથે હંમેશા માટે જોડાયેલું રહે. કદાચ એટલા માટે જ તેણે કેપ્ટન કૂલ પર ટ્રેડમાર્ક માટે અરજી કરી છે. પરંતુ, હવે દિલ્હીના એક વકીલ દ્વારા તેની અરજીને પડકારવામાં આવી છે. તે પણ યોગ્ય દલીલો સાથે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર દિલ્હી સ્થિત વકીલ આશુતોષ ચૌધરીએ કેપ્ટન કૂલ પર ટ્રેડમાર્ક માટે અરજીને પડકાર ફેંક્યો છે. તેમનો દાવો છે કે, આ એક ખૂબ જ સામાન્ય શબ્દ છે.

#### નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોએ બે મિત્રોની ધરપકડ કરી

। શ્રીગંગાનગર, તા.૧૦ ।

રાજસ્થાનમાં નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોએ એક સનસનીખેજ કાર્યવાહી કરતા બે મિત્રોની ધરપકડ કરી છે, જે પોતાના ફ્લેટમાં ડ્રગ્સ બનાવવાનો ધંધો ચલાવતા હતા. નવાઈની વાત એ છે કે, બંને વ્યવસાયે ટીચર છે. એક ૩૫ વર્ષિય કેમિસ્ટ્રી ટીચર, જે ખાનગી સ્કૂલમાં ભણાવે છે અને બીજો ૨૫ વર્ષિય સાયન્સ ટીચર, જે સરકારી સ્કૂલમાં ભણાવતો હતો. આ બંનેએ બે મહિના પહેલા રિદ્ધિ સિદ્ધિ એન્ક્લેવના ડ્રીમ હોમ્સ એપાર્ટમેન્ટમાં ૧૦,૦૦૦ રૂપિયા માસિક ભાડા પર એક ફ્લેટ લીધો અને તેને ડ્રગ્સ બનાવવાની ગુપ્ત લેબ બનાવી દીધી.

#### એકનાથ શિંદેના પુત્ર શ્રીકાંત અને મંત્રી શિરસાટને ITની નોટિસ

। (એજન્સી) મુંબઈ, તા.૧૦ ।

મહારાષ્ટ્રમાં નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેની આગેવાની શિવસેનાને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. શિંદે જૂથના નેતા અને સરકારના મંત્રી સંજય શિરસાટને ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ નોટિસ ફટકારી છે. મળતી માહિતી મુજબ, માત્ર શિરસાટ જ નહીં પરંતુ એકનાથ શિંદેના દીકરા અને સાંસદ શ્રીકાંત શિંદેને પણ નોટિસ ફટકારવામાં આવી છે. સંજય શિરસાટને તેમની સંપત્તિમાં થયેલા વધારાના કારણે નોટિસ ફટકારી હોવાનું સામે આવ્યું છે.

### સુપ્રીમ કોર્ટનો ચૂંટણી પંચને સવાલ

## તમારી પ્રક્રિયા બરોબર પણ ચૂંટણી પહેલા જ કેમ?

### બિહારમાં ચૂંટણી પહેલા વોટર લિસ્ટ વેરિફિકેશન સામે દાખલ કરવામાં આવેલી અરજીઓ પર સુનાવણી થઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

સુપ્રીમ કોર્ટે ગુરુવારે (૧૦મી જુલાઈ) બિહારમાં વર્ષ ૨૦૨૫ના અંતમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી પહેલા વોટર લિસ્ટ વેરિફિકેશન સામે દાખલ કરવામાં આવેલી અરજીઓ પર સુનાવણી હાથ ધરી હતી. ચૂંટણી પંચ (EC)ને સુપ્રીમ કોર્ટે કહ્યું કે જો તમારે બિહારમાં વોટર લિસ્ટ વેરિફિકેશન હેઠળ નાગરિકતા તપાસવી હોય, તો તમારે વહેલા પગલાં લેવા જોઈતા હતા. તમારી પ્રક્રિયા બરોબર છે પરંતુ ચૂંટણી પહેલા જ કેમ હોય છે? હવે થોડું મોડું થઈ ગયું છે. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ સુધાંશુ ધુલિયા અને જસ્ટિસ જોયમલ્યા બાગચીની બેન્ચ બિહાર વોટર લિસ્ટ વેરિફિકેશ અંગે ચૂંટણી પંચના નિર્ણયને પડકારતી લગભગ ૧૦ અરજીઓ પર સુનાવણી કરી રહી છે. ત્યારે વોટર લિસ્ટ વેરિફિકેશન માટે ડોક્યુમેન્ટની લિસ્ટમાં આધાર કાર્ડને ધ્યાનમાં ન લેવા બદલ સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને સવાલ કરતા કહ્યું કે, બિહાર વોટર લિસ્ટ વેરિફિકેશનમાં નાગરિકતાનો



મુદ્દો કેમ ઉઠાવવામાં આવી રહ્યો છે? આ ગૃહ મંત્રાલયનો અધિકારક્ષેત્ર છે. આના પર ચૂંટણી પંચે કહ્યું કે, બંધારણની કલમ ૩૨૬ હેઠળ, ભારતમાં મતદાર બનવા માટે નાગરિકતા વેરિફિકેશન જરૂરી છે. ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટને કહ્યું કે, નાગરિકતા ફક્ત આધાર દ્વારા સાબિત કરી શકાતી નથી. આના અંગે સુપ્રીમ કોર્ટે કહ્યું કે આ કેન્દ્રીય ગૃહ મંત્રાલયનું કામ છે.

ચૂંટણી પંચ તરફથી વરિષ્ઠ વકીલો રાકેશ દ્વિવેદી, કે.કે. વેણુગોપાલ અને મનીન્દર સિંહ પણ હાજર રહ્યા હતા. જ્યારે અરજીકર્તા તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ ગોપાલ શંકરનારાયણે જણાવ્યું હતું કે, મતદાર યાદીમાં સુધારો લોક પ્રતિનિધિત્વ અધિનિયમ હેઠળ મંજૂરી આપી શકાય છે. લગભગ ૭.૯ કરોડ નાગરિકોને સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) હેઠળ આવરી લેવામાં આવશે. મતદાર ID અને આધાર કાર્ડ પર પણ વિચાર કરવામાં આવી રહ્યો નથી. આ મામલાના સંદર્ભમાં સુપ્રીમ કોર્ટમાં ૧૦થી વધુ અરજીઓ દાખલ કરવામાં આવી છે. તેમાં મુખ્ય અરજદાર બિન-સરકારી સંગઠન એસોસિયેશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ છે.

આ ઉપરાંત આરજેડી સાંસદ મનોજ ઝા અને તૃણમૂલ કોંગ્રેસના સાંસદ મહુઆ મોઈત્રા ઉપરાંત કોંગ્રેસના કેસી વેણુગોપાલ, એનસીપી (શરદ પવાર જૂથ) નેતા સુપ્રિયા સુલે, સીપીઆઈના ડી રાજા, સમાજવાદી પાર્ટીના હરિંદર સિંહ મલિક, શિવસેના (ઉદ્ધવ જૂથ)ના અરવિંદ સાવંત, ઝારખંડ મુક્તિ મોરચાના સરફરાઝ અહેમદ અને સીપીઆઈ (એમએલ)ના દીપાંકર ભટ્ટાચાર્યએ સંયુક્ત રીતે સુપ્રીમ કોર્ટનો દરવાજો ખટખટાવ્યો છે.

### પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઐતિહાસિક સિદ્ધિ

## દુનિયામાં સૌથી વધુ સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર મેળવનારા પીએમ બન્યા મોદી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વધુ એક ઐતિહાસિક સિદ્ધિ મેળવી કરી છે. તે ભારતના પહેલા પ્રધાનમંત્રી બન્યા છે જેમને વિશ્વના ૨૬થી વધુ દેશો દ્વારા સર્વોચ્ચ નાગરિક સન્માનથી સન્માનિત કરવામાં આવ્યા છે. હાલમાં જ ઘાના અને બ્રાઝિલે તેમને સૌથી પ્રતિષ્ઠિત નાગરિક પુરસ્કાર આપ્યો છે. ઘાના સરકારે વડાપ્રધાન મોદીને ઓફિસર ઓફ ધ ઓર્ડર ઓફ ધ સ્ટાર ઓફ ઘાનાથી સન્માનિત કર્યા છે. આ પુરસ્કાર તેમને વૈશ્વિક



નેતૃત્વ ક્ષમતા અને ભારત-ઘાના સંબંધોને મજબૂત બનાવવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન માટે આપવામાં આવ્યો હતો.

અગાઉ બ્રાઝિલના પ્રમુખ લુઈઝ ઈનાસિયો લુલા દા સિલ્વાએ વડાપ્રધાન મોદીને દેશના સર્વોચ્ચ સન્માન ગ્રાન્ડ કોલર ઓફ ધ નેશનલ ઓર્ડર ઓફ ધ સાઉદર્ન ક્રોસથી સન્માનિત કર્યા હતા. આ સન્માન તેમને ભારત-બ્રાઝિલ દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવા બદલ આપવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૧૪ માં વડાપ્રધાન બન્યા પછી નરેન્દ્ર મોદીને ઘણાં દેશો તરફથી સન્માન મળી રહ્યા છે. સાઉદી અરેબિયા, યુએઈ, બહેરીન, અફઘાનિસ્તાન, પેલેસ્ટાઈન, કુવૈત જેવા ઘણા મુસ્લિમ બહુમતી ધરાવતા દેશોએ પણ તેમને તેમના સર્વોચ્ચ પુરસ્કારોથી સન્માનિત કર્યા છે.

#### ચીન બાદ હવે ભારતના મિત્ર દેશ સાથે ટ્રમ્પનું ટેરિફ યુદ્ધ

। વોશિંગ્ટન, તા.૧૦ ।

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વધુ સાત દેશો પર ટેરિફની જાહેરાત કરી છે. જેમાં સૌથી મોટો ઝટકો બ્રાઝિલને આપ્યો છે. બ્રાઝિલ પર ૫૦ ટકા ટેરિફની જાહેરાત કરવામાં આવી છે. સાથે સાથે અલ્જીરિયા, ઈરાક, લિબિયા, શ્રીલંકા પર ૩૦ ટકા ટેરિફ લગાવ્યો છે. જ્યારે બ્રુનેઈ અને મોલ્દોવા પર ૨૫ ટકા અને ફિલિપાઈન્સ પર ૨૦ ટકા ટેરિફની જાહેરાત કરવામાં આવી છે. નોંધનીય છે કે નવા ટેરિફ આગામી પહેલી ઓગસ્ટથી લાગુ થશે.

### વ્યવસ્થાના નામે ક્રૂરતા કરાઈ : થરૂર

## ઈમરજન્સીમાં લોકોની સ્વતંત્રતા છીનવાઇ : કોંગ્રેસ પર થરૂરના પ્રહાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

કોંગ્રેસ સાંસદ શશી થરુરે ફરી એકવાર પોતાની જ પાર્ટીની વિરુદ્ધ નિવેદન આપ્યું છે. આ વખતે તેમણે કટોકટી પર કોંગ્રેસને ઘેરી લીધી છે. તેમણે કહ્યું કે, કટોકટી દરમિયાન શિસ્ત અને વ્યવસ્થાના નામે ક્રૂરતા આચરવામાં આવી હતી. કટોકટીને ભારતના ઈતિહાસનો માત્ર એક કાળો અધ્યાય ન ગણવો જોઈએ, પરંતુ તેના પાઠને સંપૂર્ણપણે સમજવું મહત્ત્વપૂર્ણ છે. તેમણે કટોકટી દરમિયાન ઈન્દિરા ગાંધી અને સંજય ગાંધીના કાર્યો પર પ્રશ્નો ઉઠાવ્યા. મલયાલમ અખબારમાં પ્રકાશિત થયેલા એક લેખમાં, કોંગ્રેસ સાંસદ શશિ થરૂરે ૨૫ જૂન, ૧૯૭૫ થી ૨૧ માર્ચ, ૧૯૭૭ દરમિયાન વડાપ્રધાન ઈન્દિરા ગાંધી દ્વારા જાહેર કરાયેલી કટોકટીના કાળા યુગને યાદ કર્યો. તેમણે કહ્યું કે, શિસ્ત અને વ્યવસ્થા માટે કરવામાં આવેલા પ્રયાસો ક્રૂરતામાં પરિવર્તિત થયા જેને વાજબી ઠેરવી શકાય નહીં.

તિરુવનંતપુરમના સાંસદ થરૂરે લખ્યું, ઈન્દિરા ગાંધીના પુત્ર સંજય ગાંધીએ બળજબરીથી નસબંધી અભિયાન શરૂ કર્યું હતું જે આનું એક ગંભીર ઉદાહરણ બન્યું.

### સવારે ૯:૦૪ વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા

## દિલ્હી-એનસીઆરમાં સવારે અનુભવાયા ભૂકંપના આંચકા

### ભૂકંપની તીવ્રતા ૪.૪ હતી, ભૂકંપનું કેન્દ્ર ગુરુગ્રામ નજીક

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

દિલ્હી-એનસીઆરમાં ખૂબ જ તીવ્ર ભૂકંપના આંચકા અનુભવાયા છે. સવારે ૯:૦૪ વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. લાંબા સમય સુધી ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપની તીવ્રતા ૪.૪ હતી. ભૂકંપનું કેન્દ્ર ગુરુગ્રામ નજીક હોવાની માહિતી સામે આવી છે. ભૂકંપ દરમિયાન મેટ્રોનું સંચાલન થોડા સમય માટે બંધ કરવામાં આવ્યું હતું. હવે મેટ્રો ફરી સામાન્ય થઈ ગઈ છે. દિલ્હી-એનસીઆરના ઘણા વિસ્તારોમાં, જ્યારે પંખા અને ઘરની વસ્તુઓ ધ્રુજવા લાગી, ત્યારે લોકો તેમના ઘરની બહાર નીકળી ગયા. નોઈડા અને ગુરુગ્રામની ઓફિસોમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા, જ્યાં કમ્પ્યુટર સિસ્ટમ ધ્રુજી ઉઠી હતી અને કર્મચારીઓને પણ ભૂકંપનો અનુભવ થયો હતો. યુપીના મેરઠમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા. બુલંદશહેરમાં પણ આંચકા અનુભવાયા. આ ઉપરાંત બાગપત અને બારૌતમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. ૧૨ મેના રોજ યુપી અને બિહારના ઘણા શહેરોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. તે દરમિયાન લોકોએ સોશિયલ મીડિયા પર પોતાના અનુભવો શેર કર્યા હતા. કેટલાકે કહ્યું હતું કે ભૂકંપ હળવા હતા, જ્યારે કેટલાકે તેને ભયાનક ગણાવ્યા હતા. આ વર્ષે ૧૭ ફેબ્રુઆરીએ દિલ્હી-એનસીઆરમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રાજધાનીમાં સવારે ૫:૪૫ વાગ્યે ભૂકંપ આવ્યો હતો.

### નિરાશ થઈને બંધ કરાવા લાગ્યા ડીમેટ એકાઉન્ટ

## શેરબજારમાં સતત થઈ રહેલા નુકસાનથી થાક્યા રોકાણકારો

। (એજન્સી) મુંબઈ, તા.૧૦ ।

૨૦૨૫ના પહેલા છ મહિનામાં શેરબજારમાંથી સારું રિટર્ન મળવા છતાં દેશની ચાર મોટી બ્રોકિંગ કંપનીઓએ લગભગ ૨૦ લાખ એક્ટિવ રોકાણકારો (ઈનવેસ્ટર્સ) ગુમાવ્યા છે. આનો અર્થ એ છે કે રોકાણકારો અને ટ્રેડર્સનો શેરબજારમાં વિશ્વાસ ઘટ્યો છે. રોકાણકારો ગુમાવનારી કંપની ઓમાં ગ્રો, ઝેરોધા, એન્જલ વન અને અપસ્ટોક્સનો સમાવેશ થાય છે. એકલા જૂન મહિનામાં જ આ ચારેય કંપનીઓએ મળીને લગભગ ૬ લાખ એક્ટિવ ગ્રાહકો ગુમાવ્યા છે. જાન્યુઆરી ૨૦૨૫થી અત્યાર સુધી ગ્રોએ ૬ લાખ, ઝેરોધાએ ૫.૫ લાખ, એન્જલ વને ૪.૫ લાખ અને અપસ્ટોક્સે ૩ લાખથી વધુ એક્ટિવ રોકાણકારો ગુમાવ્યા છે. સૌથી મોટું કારણ છે F&O (ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ) ટ્રેડિંગમાં રોકાણકારોનો રસ ઘટવો. SEBI દ્વારા ગયા વર્ષે લાગુ કરવામાં આવેલા કડક નિયમોના કારણે રિટેલ રોકાણકારો માટે આ સેગમેન્ટમાં ટ્રેડિંગ કરવું મુશ્કેલ બન્યું છે. હવે કડક માર્જિન રિક્વાયરમેન્ટ્સ, વીકલી એક્સપાયરી ઓછી થવી, કેપિટલ લિમિટ વધવી અને ટેક્સેશન વધવાને કારણે ડેરિવેટિવ ટ્રેડિંગ (પુટ-કોલ)માં લોકોની રુચિ ઘટી રહી છે.



## રાજકોટમાં એક પરિવારે સોલાર પેનલ નંખાવ્યા બાદ બિલ ઘટવાને બદલે વધી ગયું

। (એજન્સી) રાજકોટ, તા.૧૦ ।

રાજકોટમાં એક પરિવારે સોલાર પેનલ નંખાવ્યા બાદ બિલ ઘટવાને બદલે વધી ગયું હતું. જેને પગલે પરિવાર આશ્ચર્યમાં મુકાઈ ગયો હતો. આ બનાવની વિગત મુજબ રાજકોટના ભગવતીપરા વિસ્તારમાં આવેલા શિવમ પાર્ક શિવમ પાર્ક શેરી નંબર ૩માં ૨૫ વારીયા ક્વાટરમાં રહેતા સામાન્ય પરિવારના મહીલા નિર્મલાબેન રામાવતને ૨ મહિનાનું રૂ.૧૬,૨૩૨ વીજ બીલ આવ્યું હોવાનું સામે આવ્યું છે. દર ૨ મહિને સામાન્ય સિઝનમાં રૂ.૧૫૦૦થી ૨૦૦૦ અને ઉનાળામાં રૂ. ૩૫૦૦ જેટલુ બિલ આવતું હતું. સોલાર પેનલ નાખ્યા બાદ વીજ બિલ ૫ ગણું વધી જતાં પરિવાર આશ્ચર્યમાં મુકાઈ ગયો છે. મકાન માલિક નિર્મલાબેન રામાવતના પુત્ર ભાવેશભાઈએ જણાવ્યું હતું કે, હું ભગવતીપરામાં ૨૫ વારીયા ક્વટરમાં રહું છું અને ૨ માળનું મકાન છે. મારા ઘરે સોલાર નાખ્યા બાદ રૂ.૧૬૦૦૦નું બિલ આવ્યું છે. પહેલા બે મહિને રૂ. ૧૫૦૦થી ૨૦૦૦ અને ઉનાળામાં રૂ.૩૦૦૦નું બીલ આવ્યું છે અને હવે સીધુ ૫ ગણું વધારે આવ્યું. જેમાં PGVCLની બેદરકારી હોઈ શકે અથવા તો મીટરમાં ટેક્નીકલ ખામી હોઈ શકે. જેથી અમારી એક જ માગ છે કે આ બિલ માફ કરવામાં આવે અને સોલાર પેનલમાં જમા થયેલા રીડિંગના પૈસા આપવામાં આવે. કારણકે અમે બચાવેલા વિજ યુનિટના નાણાં PGVCL પાસેથી લેવાના નીકળે છે.

## રસ્તા પર ગંદકી બદલ ચાંદખેડા-રાણીપ સહિતના વિસ્તારના ૧૨ એકમ સીલ કરાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

કોર્પોરેશનના પશ્ચિમ ઝોન સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ દ્વારા જાહેર માર્ગો પર ગંદકી કરતા ૧૨ એકમોને સીલ મારી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત ગંદકી અને પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગ બદલ ૨૮૯ યુનિટ ચેક કરી ૨૫૨ યુનિટને નોટિસ આપી રૂ. ૧.૨૨ લાખનો વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો છે. આગામી દિવસોમાં પણ કોર્પોરેશનના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા કડક કાર્યવાહી ચાલુ રાખવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, પશ્ચિમ ઝોન સોલેડી વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ગંદકી તથા ન્યુસન્સને લઈને તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટિકના વેચાણને લઈને કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. જેમાં રાત્રિ દરમિયાન સ્ક્વોર્ડ બનાવી પશ્ચિમ ઝોનના જુદાજુદા વિસ્તારોમાં ચકાસણી કરવામાં આવી હતી.

### ચીફ જસ્ટિસે કહ્યું હતું- ચોમાસામાં સાવધાની રાખજો

# બ્રિજની સ્થિતિ અંગે ગુજરાત સરકારે હાઈકોર્ટને ગુમરાહ કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

મોરબી ઝુલતા પુલ દુર્ઘટના મામલે ગુજરાત હાઈકોર્ટે દખલ કરેલી સુઓમોટો જાહેરહિતની રિટ અરજીમાં ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકાર પાસેથી રાજયના તમામ બ્રિજના ઈન્સ્પેકશન, તેની સ્થિતિ સહિતનો વિગતવાર રિપોર્ટ અગાઉ માંગ્યો હતો, જેમાં રાજય સરકારે રાજયના તમામ બ્રિજના નિરીક્ષણ સહિતની વાત જણાવી લગભગ તમામ બ્રિજ યોગ્ય સ્થિતિમાં એટલે કે, સબ સલામત હોવાનો દાવો કર્યો હતો પરંતુ સરકારના આ દાવા અને ખુદ ગુજરાત હાઈકોર્ટ સમક્ષ આપેલી ખાતરી ખોટી, અદાલતને ગેરમાર્ગે દોરનારી અને પોકળ સાબિત થઈ છે.મોરબી ઝુલતા પુલ દુર્ઘટના કેસની સુનાવણી દરમિયાન ગયા વર્ષે જ ખુદ ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલે રાજયના અન્ય બ્રિજની સ્થિતિને લઈ બહુ ગંભીર ચિંતા વ્યકત કરી હતી અને આવી દુર્ઘટના ફરી ના બને અને નિર્દોષ નાગરિકોના જીવ ના જાય તે માટેની સરકારને કડક તાકીદ કરી હતી. હાઈકોર્ટે સરકારને રાજયના તમામ બ્રિજનું ચોમાસા પહેલા અને ચોમાસા પછી ઈન્સ્પેકશન કરવા અને તેનો સ્ટેટસ રિપોર્ટ તૈયાર કરવા પણ નિર્દેશ કર્યો હતો. રાજય સરકાર તરફથી પણ હાઈકોર્ટને હૈયાધારણ અપાઈ હતી કે, રાજયના તમામ બ્રિજનું ચોમાસા પહેલા અને ચોમાસા પછી ઈન્સ્પેકશન કરવામાં આવશે અને તૈયાર કરવામાં આવશે. જોકે સરકારના આ આશ્વાસન દરમ્યાન ચીફ જસ્ટિસે માર્મિક ટકોર કરતાં જણાવ્યું હતું કે, ચોમાસા દરમિયાન પુલ ધોવાઈ જાય છે તેથી આ બાબતે પહેલેથી જ સાવધાની રાખવી ખૂબ જરૂરી છે. ચીફ જસ્ટિસે ઉત્તરાખંડનું ઉદાહરણ પણ આપ્યું હતું અને સરકારને આ મુદ્દે ગંભીરતા રાખવા ટકોર કરી હતી.આ કેસમાં રાજય સરકાર દ્વારા સમયયાંતરે તબક્કાવાર રાજયના તમામ બ્રિજની સ્થિતિ સહિતનો સ્ટેટસ રિપોર્ટ અને જવાબી સોગંદનામું હાઈકોર્ટમાં રજૂ કર્યુ હતું અને ભારપૂર્વકની રજૂઆત કરીને બ્રિજની સ્થિતિ સબ સલામત હોવાના દાવા કર્યા હતા. સરકાર તરફથી સંબંધિત સત્તાવાળાઓ, ઈજનેર અને સંબંધિત અધિકારીઓ દ્વારા રાજ્યના તમામ બ્રિજની ચકાસણી-નિરીક્ષણ કરીને યોગ્ય પગલાં લેવાઈ રહ્યા હોવાની વાત પણ કરી હતી અને તેને લઈને સ્ટેટ્સ રિપોર્ટ પણ રજૂ કયો હતો. જોકે સરકારના આ દાવાઓ અને રજૂઆતની પોલ આજે સર્જાયેલી ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ ખુલ્લી પડી ગઈ છે. હાઈકોર્ટે ઐતિહાસિક બ્રિજની જાળવણીને લઈ માર્ગ અને મકાન વિભાગની ક્ષમતા અંગે સવાલ ઉઠાવતાં એ વખતે સરકારને અગત્યનું સૂચન કર્યું હતું કે, ખાનગી વ્યકિતઓને બ્રિજના રીપેરીંગ કે મરામતનો કરાર આપતી વખતે તેમની ક્ષમતા, નિપુણતા સહિતની બાબતોની ચકાસણીની જવાબદારી રાજય સરકારની છે. ઐતિહાસિક અને પ્રાચીન બ્રિજની ધરોહર જાળવવા માટે આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયાનો પણ પરામર્શ આવશ્યક હોવાનો મત ચીફ જસ્ટિસે વ્યકત કર્યો હતો અને જણાવ્યું હતું કે, નિપુણ આર્કિટેક્ટસને જ આ પ્રકારનું કામ સોંપાવું જોઈએ.

### બ્રિજનું તાત્કાલિક રિપેરિંગ કરવા કરાઈ માગ

# ધરમપુરનો માન નદી ઉપરનો ૫૦ વર્ષ જૂનો બ્રિજ જર્જરિત

### અનેક રજુઆતો કરવામાં આવી હોવા છતાં અધિકારીઓના પેટનું પાણી હલતુ નથી

। (એજન્સી) વલસાડ, તા.૧૦ ।

વલસાડ જિલ્લાના ધરમપુરથી પસાર થતો નેશનલ હાઈવે ૫૬ પરનો માન નદીનો કરંજવેરી ગામનો બ્રિજ અંદાજિત ૫૦ વર્ષ પહેલા બન્યો હતો, જે વાપીથી શામળાજીને જોડે છે. તેમજ આ હાઈવે પરથી મહારાષ્ટ્ર તેમજ ગુજરાતને અન્ય જિલ્લામાં જવા માટે ટ્રાન્સપોર્ટ વાહનો ઉપયોગ કરે છે, જે બ્રિજ અત્યંત જર્જરિત થવા આવ્યો છે.થોડા દિવસો પહેલા આ બ્રિજ પર બોકારું પણ પડ્યું હતું અને હાલ આ બ્રિજ પર ખાડા પણ પડ્યા છે, ભારે વાહનો માટે આ બ્રિજ છેલ્લા ૧૦ દિવસથી બંધ છે, ત્યારે બ્રિજ નીચે વૃક્ષો ઉગી નીકળ્યા છે. તેમજ નીચે પણ ખરાબ થયો છે. તેમજ બ્રિજની રેલિંગ પણ જર્જરિત થઈ છે, સ્થાનિક તાલુકા પંચાયત અપક્ષ સભ્ય કલ્પેશ પટેલ ૨૦૧૯થી લેખિત રજુઆત કરી રહ્યા છે, છતાં અધિકારીઓનું પેટનું પાણી હલતુ નથી, ત્યારે લોકોની એજ માગ છે કે બ્રિજ બાબતે તંત્ર જાગે એની જાળવણી કરે અને સુધારો કરે અને ચકાસણી કરીને બ્રિજનું રીપેરીંગ કામકાજ શરૂ કરે.

વડોદરા જિલ્લાના ડેસર તાલુકાના અજબપુરા સિહોરાને જોડતા મેસરી નદી ઉપરનો બ્રિજ છેલ્લા ઘણા સમયથી બિસ્માર હાલતમાં હતો, આજે તૂટે કાલે તુટે તે હાલત થવા પામી હતી ઘણી રજૂઆતો બાદ ખખડધજ બ્રિજની બાજુમાં નવીન બ્રિજ સરકારે મંજૂર કરી બનાવાયો છે. જ્યારે સાવલી ઉદલપુર ૩૯ કિલોમીટરનો માર્ગ રાજ્ય સરકારે ડબલ માર્ગ મંજૂર કરાતા બાજુના જુના ખખડધજ બ્રિજની પણ મરામત કરાઈ રહી છે, સ્થાનિક પ્રજા એવું જાણતી હતી કે બાજુનો બ્રિજ પણ નવીન બાંધકામ કરીને બનાવાશે.

### અથડાણમાં છ જણા ઘાયલ

## ધ્રાંગધ્રાના જીવામાં રસ્તા મુદ્દે બે જૂથ વચ્ચે અથડામણમાં ફાયરિંગ

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૧૦ ।

સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકાના જીવા ગામે રસ્તા પરથી પસાર થવા બાબતે ક્ષત્રિય અને ભરવાડ સમાજ વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. આ ઘટનામાં ફાયરિંગ થતાં એક મહિલા સહિત ભરવાડ સમાજના ૬ લોકો ઘાયલ થયા હતા.આ ઘટનામાં પોલીસે નવ આરોપીની ધરપકડ કરીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.ક્ષત્રિય સમાજના કેટલાક લોકોએ પશુ લઈને જઈ રહેલા એક ભરવાડ યુવાન પર હુમલો કર્યો હતો. આ બનાવના પગલે બંને સમાજના લોકો સામસામે આવી ગયા હતા. પરિસ્થિતિ એટલી વણસી કે ક્ષત્રિય સમાજના લોકો દ્વારા ખાનગી હથિયાર વડે ફાયરિંગ કરવામાં આવ્યું હતું. ઘાયલ થયેલા તમામ લોકોને તાત્કાલિક ધ્રાંગધ્રાની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. પોલીસે ઈજાગ્રસ્તોની ફરિયાદના આધારે કાર્યવાહી કરી ૯ આરોપીઓની ધરપકડ કરી છે.

## અમદાવાદ પ્લેન ક્રેશનો પ્રાથમિક તપાસ રિપોર્ટ બે દિવસમાં જાહેર થશે: AAIB

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

અમદાવાદમાં ૧૨ જૂને ઘટેલી એર ઈન્ડિયા પ્લેન ક્રેશ દુર્ઘટનાનો પ્રાથમિક તપાસ રિપોર્ટ બે દિવસમાં જાહેર થશે તેમ ધ એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈવેસ્ટિગેશન બ્યુરો (એએઆઈબી)એ બુધવારે જણાવ્યું હતું. આ દુર્ઘટનામાં ૨૭૦થી વધુ લોકોનાં મોત નિપજ્યા હતા. સૂત્રોના મતે આ દેશની સૌથી ભયાવહ વિમાન દુર્ઘટના પૈકીની હતી અને તેની તપાસ ચાલુ હોવાથી અંતિમ અહેવાલ હજી સુધી તૈયાર થયો નથી.

આ વિમાન દુર્ઘટનામાં એર ઈન્ડિયાની અમદાવાદથી લંડન જતી ફ્લાઈટ ટેકઓફની ગણતરની સેકન્ડમાં જ ક્રેશ થઈ હતી. એએઆઈબીના અધિકારીઓએ સંસદીય પેનલને જણાવ્યું હતું કે, દુર્ઘટનાગ્રસ્ત વિમાનના બ્લેક બોક્સ અને વોઈસ રેકોર્ડર સુરક્ષિત મળ્યા હતા અને ડેટાની તપાસ ચાલુ છે. એરક્રાફ્ટ ઉત્પાદન કરતી કંપની બોઈંગ સહિતના વિદેશી નિષ્ણાતોની તપાસમાં મદદ લેવામાં આવી છે.

એએઆઈબીએ પ્લેન ક્રેશના બીજા જ દિવસથી ડાયરેક્ટર જનરલ જીવીજી યુગાંધરના વડપણ હેઠળ વિવિધ ટીમોની મદદથી વૈશ્વિક ધોરણો મુજબ તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. એએઆઈબીના વડાએ દિવસ દરમિયાન ચાલેલી પરિવહન, પ્રવાસન અને સંસ્કૃતિ પર સંસદીય સ્થાયી સમિતિની બેઠકમાં સાંસદોના સવાલોના જવાબો આપ્યા હતા.આ બેઠકના અધ્યક્ષ જેડી-યુ સાંસદ સંજય ઝા હતા અને બેઠક સવારે ૧૦થી સાંજના છ સુધી આશરે નવ કલાક સુધી ચાલી હતી. સંસદીય સમિતિમાં પૂર્વ નાગરિક ઉડ્ડયન મંત્રી રાજીવ પ્રતાપ રુડી, કોંગ્રેસના કુમારી શૈલજા, નીરજ ડાંગી તથા ઈમરાન પ્રતાપગઢી ઉપરાંત ભાજપના સુરેન્દ્ર સિંઘ નાગર અને તાપિર ગાઓ સહિત વિવિધ પક્ષોના સભ્યોનો સમાવેશ છે. સાંસદોએ નાગરિક ઉડ્ડયન ક્ષેત્રે સુરક્ષાને લઈને કેટલાક વેધક સવાલો પણ કર્યા હતા. પ્રાથમિક રિપોર્ટ રજૂ કરવાની સમય મર્યાદા અંગે અધિકારીઓએ સત્તાવાર જાહેરાત કરી નથી પરંતુ એએઆઈબીના ટોચના અધિકારીના મતે બે દિવસમાં રિપોર્ટ તૈયાર થશે. આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંસ્થાના નિયમો મુજબ એએઆઈબી પ્રાથમિક રિપોર્ટ દુર્ઘટનાના એક મહિનાની અંદર સોંપી શકે છે.

### અમદાવાદ એરપોર્ટ પરથી સતત ગાંજાની હેરાફેરી વધી રહી છે

# બેંગકોકથી આવતો મુસાફર એરપોર્ટ પરથી બે કરોડના ગાંજા સાથે ઝડપાયો

। (એજન્સી) અમદાવાદ તા.૧૦ ।

અમદાવાદ એરપોર્ટ પરથી સતત ગાંજાની હેરાફેરી વધી રહી છે, ત્યારે તમામ એજન્સીઓ આ દૂષણને દૂર કરવા કામે લાગી ગઈ છે. ડિરેક્ટોરેટ ઓફ રેવન્યૂ ઈન્ટેલિજન્સ એ બાતમીના આધારે વધુ બે કિલો હાઈબ્રીડ ગાંજા સાથે એક મુસાફરને ઝડપી લીધો છે. થાઈલેન્ડથી આવી રહેલો મુસાફર પોતાની ટ્રોલી બેગમાં બે કરોડ રૂપિયાનો ગાંજો લઈને આવી રહ્યો હતો. અમદાવાદ એરપોર્ટ પરથી દરરોજ ગાંજાના કન્સાઈન્મેન્ટ આવી રહ્યા છે. છેલ્લા બે મહિનામાં એરપોર્ટ પરથી લગભગ બસ્સો કરોડ રૂપિયાનો હાઈબ્રીડ ગાંજો ઝડપાયો છે. જે અંગેની વિગતો છેક દિલ્હી સુધી પહોંચી હતી. જેને પગલે તમામ સેન્ટ્રલ એજન્સીઓને એલર્ટ કરી દેવામાં આવી છે. સાથે સાથે અમદાવાદ ક્રાઈમ બ્રાંચ, એસઓજી, સાયબર ક્રાઈમ બ્રાંચ અને એટીએસની પણ મદદ લેવામાં આવી રહી છે. એરપોર્ટ પોલીસને પણ બાતમીદારો એક્ટિવ કરી ગાંજાની હેરાફેરી કરતા તત્ત્વો પર વોચ રાખવા માટે હાકલ કરવામાં આવી છે. દબાણ વધતાં તમામ એજન્સીઓની ટીમ એક્ટિવ બની ગઈ છે. ડિરેક્ટોરેટ ઓફ રેવન્યૂ ઈન્ટેલિજન્સ ના અધિકારીઓએ બાતમીદારો એક્ટિવ કરી દીધા છે. જેને પગલે ડિરેક્ટોરેટ ઓફ રેવન્યૂ ઈન્ટેલિજન્સ ના અધિકારીઓ બાતમી મળી હતી કે બેંગકોકથી અમદાવાદ આવી રહેલી થાઈ એરવેઝની ફ્લાઈટમાં એક ભારતીય મુસાફર મોટા પ્રમાણમાં નશીલ પદાર્થ લઈને ભારતમાં લાવી રહ્યો છે, ડિરેક્ટોરેટ ઓફ રેવન્યૂ ઈન્ટેલિજન્સ ની ટીમે એર ઈન્ટેલિજન્સ યુનિટની ટીમને એક્ટિવ કરી દીધી હતી. જેથી થાઈ એરવેઝની ફ્લાઈટ લેન્ડ થઈ અને મુસાફરો કસ્ટમ્સ ક્લિયરન્સ કરાવી રહ્યા હતા ત્યારે જ એક ભારતીય યુવકને અધિકારીઓએ રોક્યો હતો. તેની પ્રાથમિક પૂછપરછ બાદ ટ્રોલી બેગની તપાસ કરાઈ ત્યારે તેમાં છૂપાવેલા બે પેકેટ મળી આવ્યા હતા.

## ગાળાગાળી થતાં મિત્રએ જ મિત્રની હત્યા કરી

। (એજન્સી) સુરત, તા.૧૦ ।

સુરતના ઉત્રાણ વિસ્તારમાં મજાક મસ્તી કરતી વખતે ગાળાગાળી થતાં ઉશ્કેરાટમાં મિત્રએ ગળુ દબાવીને ધક્કો મારી દેતાં માથામાં ગંભીર ઈજા પહોંચતાં બીજા મિત્રનું મોત નિપજયું હતું. ઉત્રાણ પોલીસે હત્યાનો ગુનો નોંધી ૧૮ વર્ષીય હત્યારા મિત્રની ધરપકડ કરી હતી.ઉમરાગામ નહેર કોલોની ખાતે આવેલાં નવા હળપતિ વાસનાં ઘર નં. ૪૩૮ માં રહેતો ૨૫ વર્ષીય રાજેશ ઉર્ફે આંકો સુમનભાઈ રાઠોડ છૂટક મજૂરી કામ કરી પરિવારને મદદરૂપ થતો હતો. સાંજે ૫ વાગ્યાના અરસામાં ઉમરા ગામ નહેર ખાતે પાટીવાળી કરિયાણાની દુકાન પાસે તે મિત્ર રવિ વિજયભાઈ વસાવા (ઉ.વ. ૧૮ વર્ષ ૫ માસ, રહે. ભાથીજીદાદાનાં મંદિર પાછળ, નવો હળપતિ વાસ, ઉમરા ગામ, સુરત) સાથે મજાક મસ્તી કરતો હતો. રાજેશ અને રવિ બંને વચ્ચે ગાળાગાળી થતાં ઝપાઝપી થઈ હતી. રવિએ રાજેશનું ગળું પકડી લીધા બાદ જોરથી ધક્કો મારી નીચે પાડી દીધો હતો. તેને માથાનાં ભાગે ગંભીર ઈજા પહોંચી હતી.

### ૨૪૫ મુસાફરો બે કલાક ફસાયા

## ઘોઘા-હજીરા રોપેક્ષ જહાજ દરિયામાં ખોટકાઈ ગયું

। (એજન્સી) ભાવનગર, તા.૧૦ ।



ભાવનગરના ઘોઘાથી ગઈ કાલે સાંજે ૫.૨૦ કલાકે હજીરા જવા નીકળેલું ઘોઘા-હજીરા રોપેક્ષ સર્વિસનું વોયેજ એક્સપ્રેસ જહાજ ટેકનિકલ ખામીને કારણે દરિયામાં ખોટકાયું હતું. અંદાજે ૨૪૫ મુસાફરોને લઈને નીકળેલું આ જહાજ બે કલાક સુધી દરિયામાં ફસાયેલું રહ્યું હતું, જેને કારણે મુસાફરોના જીવ તાળવે ચોંટી ગયા હતા.પ્રાથમિક માહિતી અનુસાર, જહાજ ટર્નિંગ સર્કલમાં અટકી પડ્યું હતું અને બોયા એન્જિનના પંખામાં સલવાઈ ગયું હોવાનું જાણવા મળ્યું છે. ચોમાસાના કારણે દરિયામાં ભારે કરંટ હોવાથી પરિસ્થિતિ વધુ ગંભીર બની હતી. નેવિગેશન બોયાને કારણે વોયેજ એક્સપ્રેસ બે કલાક સુધી દરિયામાં ખોટકાયું હતું અને અનેક પ્રયત્નો કરવા છતાં તે હજીરા તરફ આગળ વધી શક્યું ન હતું.બે કલાકની જહેમત બાદ આખરે ઘોઘા તરફ પાછા વળવાનો નિર્ણય લેવાયો હતો. દરિયામાં કરંટ હોવા છતાં મહામહેનતે ટગની મદદથી જહાજને ખેંચીને જેટી સુધી લાવવામાં આવ્યું હતું. રાત્રે ૧૦.૩૦ કલાકે ૨૪૫ મુસાફરો અને અનેક વાહનો ભરેલું આ જહાજ સહીસલામત ઘોઘા પરત ફર્યું હતું. જહાજ ફસાતા હજીરા ખાતે રાહ જોઈ રહેલા લોકો ચિંતાતુર બન્યા હતા. ઉપરાંત, મધદરિયેથી મુસાફરોએ પરિવારજનોને ફોન કરતા તેઓ પણ ચિંતામાં મુકાઈ ગયા હતા. જોકે, તમામ લોકો સહીસલામત પરત ફરતા સૌએ હાશકારો અનુભવ્યો હતો.

**વિશેષ**

### ત્રણ મહિનાના જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાન પર પત્રકારોને માહિતગાર કરાયા

# ‘જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાન’ દ્વારા ૧૪૬૧૦ ગ્રામ પંચાયતોને આવરી લેવાનો પ્રયાસ: અગ્રણી જિલ્લા પ્રબંધક

। (પીઆઈબી) અમદાવાદ ।

ભારત સરકારના નાણા મંત્રાલયના નાણાકીય સેવાઓ વિભાગ (DFS) દ્વારા ૦૧.૦૭.૨૦૨૫થી ૩૦.૦૯.૨૦૨૫ સુધી શરૂ કરાયેલા ત્રણ મહિનાના નાણાકીય સમાવેશ અને સામાજિક સુરક્ષા યોજના અંતર્ગત આયોજિત જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાનની પ્રગતિ અને ઉદ્દેશ્યો વિશે મીડિયાને માહિતી આપવા માટે આજે બેંક ઓફ બરોડા, અમદાવાદમાં એક પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

પત્રકાર પરિષદને સંબોધતા શ્રી અશ્વિની કુમાર, કન્વીનર, SLBC ગુજરાત અને અગ્રણી જિલ્લા પ્રબંધક, બેંક ઓફ બરોડા દ્વારા કરવામાં જણાવવામાં આવ્યું હતું કે આ અભિયાનનો રાજ્ય સ્તરીય પ્રારંભ ૦૧ જુલાઈ ૨૦૨૫ના રોજ ગુજરાતના ગાંધીનગર જિલ્લાના પુંધરા ગામમાં યોજાયો હતો. તેનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું અને ગુજરાતના માનનીય નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, તમામ ૩૩ જિલ્લા કલેક્ટરો અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં થયું હતું, જેઓ ભૌતિક અને વર્ચ્યુઅલી બંને રીતે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન SLBC ગુજરાત દ્વારા બેંક ઓફ બરોડાના કન્વીનરશિપ હેઠળ કરવામાં આવ્યું હતું.

તેમણે અભિયાનના ઉદ્દેશ્યો, અમલીકરણ વ્યૂહરચના વિશે વિગતવાર સમજ આપી હતી. તેમણે એ પણ ઉલ્લેખ કર્યો હતો કે આ અભિયાન ગુજરાત રાજ્યના




૩૩ જિલ્લાઓમાં ફેલાયેલા તમામ PSB, ખાનગી બેંકો, સહકારી બેંકો, ગ્રામીણ બેંકોનો સામૂહિક પ્રયાસ દ્વારા ૧૪૬૧૦ ગ્રામ પંચાયતોને આવરી લેવાનો છે. દરેક ગ્રામ પંચાયતમાં મુખ્ય જિલ્લા મેનેજરો સંબંધિત બેંક શાખાઓ દ્વારા શિબિરોનું આયોજન કરવામાં આવશે અને સ્થાનિક વસ્તીને PMSBY માટે રૂ. ૨૦/- ના નજીવા પ્રીમિયમ અને PMJJBY માટે રૂ. ૪૩૬/- ના પ્રીમિયમ પર ઉપલબ્ધ દરેક સામાજિક સુરક્ષા જે રૂ. ૨ લાખના કવરેજ સાથે ઉપલબ્ધ છે. આ યોજનાઓનો લાભ લેવા અને નોંધણી કરાવવા માટે લોકોને જાગૃત કરવામાં આવશે.

શ્રી અશ્વિની કુમારે જણાવ્યું કે આ ઝુંબેશ મુખ્ય નાણાકીય સમાવેશ અને સામાજિક સુરક્ષા યોજનાઓ હેઠળ ૧૦૦% કવરેજ પ્રાપ્ત કરવા પર કેન્દ્રિત છે. જેમાં પ્રધાનમંત્રી જન ધન યોજના (PMJDY) હેઠળ ખાતું ખોલવું, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના (PMJJBY), પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના (PMSBY) અને અટલ પેન્શન યોજના (APY) હેઠળ નોંધણીનો સમાવેશ થાય છે. વધુમાં, આ ઝુંબેશ નિષ્ક્રિય પ્રધાનમંત્રી જન ધન ખાતાઓને ફરીથી KYC અને સક્રિય કરવા, ડિપોઝિટ ખાતાઓમાં બાકી નામાંકન વિગતો અપડેટ કરવા અને સઘન નાણાકીય સાક્ષરતા સત્રો પૂરા પાડવાનો સમાવેશ કરે છે. આ સત્રો સાયબર અને ડિજિટલ છેતરપિંડીને રોકવા, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)માં ટ્રાન્સફર કરાયેલા દાવા વગરની થાપણોને પરત મેળવવાની પ્રક્રિયા અને બેંકિંગ લોકપાલની ભૂમિકા અને લાભો અંગે જાગૃતિ લાવશે.

પરિષદ દરમિયાન, શ્રી અશ્વિની કુમારે ઉલ્લેખ કર્યો કે ૩૦.૦૬.૨૦૨૫ સુધીમાં, સામાજિક સુરક્ષા યોજનાઓ હેઠળ, ૨૯ લાખ અટલ પેન્શન યોજના (APY) નોંધાયેલા છે. ૯૨ લાખ PM જીવન જ્યોતિ વીમા યોજના (PMJJBY) રજિસ્ટર્ડ છે અને જેમાંથી ૫૫૫૮૯ દાવાઓનું સમાધાન અને ચૂકવણી કરવામાં આવી છે. ૧૯૪ લાખ PM સુરક્ષા વીમા યોજના (PMSBY)ની નોંધણી કરવામાં આવી છે અને ૪૯૪૩ દાવાઓનું સમાધાન અને ચૂકવણી કરવામાં આવી છે. તેમજ ૧૯૪ લાખ PM જન ધન યોજના (PMJDY) અંતર્ગત ખાતા ખોલવામાં આવ્યા છે. આ ઝુંબેશ માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા રજૂ કરાયેલા ‘વિકસિત ભારત’ના વિઝન સાથે સુસંગત છે અને તેનો ઉદ્દેશ્ય સમાવેશી નાણાકીય સશક્તિકરણ અને સામાજિક સુરક્ષાને પ્રોત્સાહન આપવાનો છે એમ જનરલ મેનેજરે જણાવ્યું હતું. વધુમાં માહિતી પ્રસારમાં મીડિયા અસરકારક ભૂમિકા ભજવે છે અને ઝુંબેશના ઉદ્દેશ્યોના વ્યાપક આઉટરિચને ટેકો આપવા માટે તેમના સક્રિય સહયોગ માટે અપીલ કરી હતી. સાથે જ તેમણે ખાતરી કરવાના મહત્વ પર ભાર મૂક્યો કે કોઈ પણ પાત્ર નાગરિક મુખ્ય નાણાકીય અને સામાજિક સુરક્ષા યોજનાઓના લાભો મેળવવાથી પાછળ ન રહી જાય. આ પત્રકાર પરિષદમાં બેંક ઓફ બરોડાના વરિષ્ઠ અધિકારીઓ શ્રી અશ્વિની કુમાર, કન્વીનર SLBC ગુજરાત અને જનરલ મેનેજર; શ્રી વિપિન કુમાર ગર્ગ, ડેપ્યુટી જનરલ મેનેજર; શ્રી રણજીત રંજન દાસ, ડેપ્યુટી જનરલ મેનેજર; શ્રીમતી વીણા કે. શાહ, ડેપ્યુટી જનરલ મેનેજર અને બેંકના અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨




નવી દિલ્હીના વિજય ચોક ખાતે વરસાદ દરમિયાન મુસાફરો છત્રી સાથે નજરે પડે છે.

### Xના CEOએ કહ્યું ટાટા-બાય-બાય

# ટ્રમ્પ સાથેના મતભેદ વચ્ચે મસ્કની વધુ એક વિકેટ પડી

## લિન્ડા યાકારિનોએ તેમના પદ પરથી રાજીનામું આપ્યું

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૦ ।

મોટી સંખ્યામાં લોકો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠનો ઉપયોગ કરે છે. જેના દ્વારા લોકો તેમના સંબંધિત લોકો સુધી પોતાનો મેસેજ પહોંચાડે છે. X ના માલિક એલોન મસ્કના જીવનમાં ઘણી ઉથલપાથલ આવી છે. યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને મસ્ક વચ્ચે અણબનાવ છે. તો Xના CEO લિન્ડા યાકારિનોએ તેમના પદ પરથી રાજીનામું આપી દીધું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, કંપનીના ગ્રોક ચેટબોટ દ્વારા આપવામાં આવેલા જવાબમાં યહૂદી વિરોધી વાતો કહેવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. જે પછી તેમનું રાજીનામું



સામે આવ્યું છે. એવી પણ ચર્ચા છે કે મસ્કે સોશિયલ મીડિયા કંપની X ને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કંપની xAI સાથે મર્જ કરી દીધી છે. જે પછી નવી કંપનીમાં તેમની ભૂમિકા પર પણ પ્રશ્નો ઉભા થયા હતા.રાજીનામાની જાહેરાત કરતાં તેમણે લખ્યું કે બે અદ્ભુત વર્ષ પછી, મેં Xના CEO પદ પરથી રાજીનામું આપવાનો નિર્ણય લીધો છે. જ્યારે મેં અને એલોન મસ્કએ X માટેના તેમના વિઝન વિશે પહેલી વાર વાત કરી, ત્યારે મને ખબર હતી કે આ કંપનીના અસાધારણ મિશનને પૂર્ણ કરવું મારા માટે જીવનભરની સુવર્ણ તક હશે. અભિવ્યક્તિની સ્વતંત્રતાનું રક્ષણ કરવા, કંપનીને પુનર્જીવિત કરવા અને ઠને એવરીથિંગ એપમાં ફેરવવાની જવાબદારી મને સોંપ વા બદલ હું તેમની ખૂબ આભારી છું. મને X ટીમ પર ખૂબ ગર્વ છે, અમે સાથે મળીને જે ઐતિહાસિક વ્યવસાયિક પરિવર્તન પ્રાપ્ત કર્યું છે તે નોંધપાત્ર છે. અમે અમારા યુઝર્સ ખાસ કરીને બાળકોની સલામતીને પ્રાથમિકતા આપવા અને જાહેરાતકર્તાઓનો વિશ્વાસ પુનઃસ્થાપિત કરવા માટે જરૂરી પ્રારંભિક મહત્વપૂર્ણ કાર્યથી શરૂઆત કરી હતી.

## કોંગ્રેસની બેઠક અને સ્વાગત સમારોહ કાર્યાલયમાં હોબાળો

। (એજન્સી) ભોજપુર, તા.૧૦ ।

ગુરુવારે બિહારના ભોજપુર જિલ્લાના આરામાં કોંગ્રેસની મહત્ત્વપૂર્ણ સંગઠનાત્મક બેઠક અને સ્વાગત સમારોહ કાર્યાલયમાં ભારે હોબાળો થયો હતો. આ દરમિયાન, પાર્ટીના બે જૂથો એકબીજા સાથે અથડાયા હતા. બંને જૂથો વચ્ચે મારામારી થઈ હતી. વાસ્તવમાં, આ સમગ્ર ઘટના અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના સચિવ અને બિહાર પ્રદેશ કોંગ્રેસ સમિતિના સહ-પ્રભારી અને છત્તીસગઢના ભિલાઈ વિધાનસભાના ધારાસભ્ય દેવેન્દ્ર યાદવના સ્વાગત સમારોહ દરમિયાન બની હતી. વીડિયોમાં કાર્યકર્તાઓ વચ્ચેની મારપીટ સ્પષ્ટપણે જોઈ શકાય છે, જ્યારે કેટલાક લોકો તેમને ખેંચતા જોવા મળે છે. કોંગ્રેસના કાર્યકરો વચ્ચેના વિવાદ અને લડાઈનો આ વીડિયો ચોંકાવનારો છે. લોકો એકબીજાના કપડાં ખેંચતા જોવા મળી રહ્યા છે. આ પરસ્પર લડાઈમાં ભૂતપૂર્વ સ્ન્ઝ અજય સિંહના જૂથના એક ૪૧ વર્ષીય કાર્યકર સુનીલ કુમાર સિંહને માથામાં વાગ્યું હતું. સુનીલ કોંગ્રેસના વરિષ્ઠ કાર્યકર છે. મારપીટ દરમિયાન કેટલાક લોકોએ સુનીલ કુમારના માથા પર ઈંટથી હુમલો કર્યો. ફ્રેક્ચરને કારણે તેમના માથામાં છ ટાંકા આવ્યા. કોંગ્રેસના કાર્યકરોએ તેમને ઘાયલ હાલતમાં સદર હોસ્પિટલમાં દાખલ કર્યા. ઘાયલ સુનીલ કુમારે જણાવ્યું કે તેઓ ભિલાઈના ધારાસભ્ય દેવેન્દ્ર યાદવને જોવા અને સાંભળવા માટે કોંગ્રેસ કાર્યાલય પહોંચ્યા હતા. દેવેન્દ્રના આગમન પછી, અહીં ઝિંદાબાદના નારા લગાવવામાં આવી રહ્યા હતા. નવાદા પોલીસ સ્ટેશનના પ્રભારી વિપિન બિહારીએ જણાવ્યું હતુ કે સૂત્રોચ્ચાર દરમિયાન થયેલા વિવાદને કારણે આ લડાઈ થઈ હોવાનું જણાવવામાં આવી રહ્યું છે.

## એક છત નીચે જોવા મળ્યા ગિલ અને સારા તેંડુલકર

। (એજન્સી) લંડન, તા.૧૦ ।

ટીમ ઈન્ડિયાના યુવા બેટ્સમેન શુભમન ગિલ અને સચિન તેંડુલકરની પુત્રી સારા તેંડુલકર ફરી એકવાર સમાચારમાં છે. આ વખતે કારણ કોઈ અફવા નથી, પરંતુ એક વાયરલ વીડિયો છે. ૮ જુલાઈના રોજ લંડનમાં યુવરાજ સિંહના કેન્સર ફાઉન્ડેશન YouWeCan માટે એક ચેરિટી ડિનર પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બ્રાયન લારા, કેવિન પીટરસન, વિરાટ કોહલી અને કોચ ગંભીર જેવા વિશ્વભરના ક્રિકેટ દિગ્ગજો અને ભારતીય ટીમના તમામ ખેલાડીઓ હાજર રહ્યા હતા. સારા તેંડુલકર પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. તે તેના પિતા સચિન અને માતા અંજલિ તેંડુલકર સાથે પહોંચી હતી. શુભમન ગિલ પણ ભારતીય ટીમ સાથે આ કાર્યક્રમનો ભાગ બન્યો હતો. આ પાર્ટીનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે, જેમાં ટીમ ઈન્ડિયાના બધા ખેલાડીઓ ઈવેન્ટ વેન્યુમાં પ્રવેશતાની સાથે જ લોકો તાળીઓ પાડીને તેમનું સ્વાગત કરે છે અને ફોટા અને વીડિયો બનાવે છે. આ લોકોમાં સારા તેંડુલકર છે, જે ખેલાડીઓને તેના ફોન કેમેરામાં કેદ કરી રહી હતી, પરંતુ નોંધનીય વાત એ છે કે સારાએ કેમેરા ચાલુ કર્યો ત્યાં સુધીમાં શુભમન ગિલ ત્યાંથી પસાર થઈ ગયો હતો. વીડિયો પરથી સ્પષ્ટ થાય છે કે ગિલ ખેલાડીઓથી થોડો આગળ ચાલી રહ્યો હતો અને સારાનો કેમેરો મોડો ચાલુ થયો. જોકે, સારાએ બાકીના ખેલાડીઓનો વીડિયો ચોક્કસ બનાવ્યો હતો. શુભમન ગિલ અને સારા તેંડુલકરના અફેરની ચર્ચા લાંબા સમયથી ચાલી રહી છે. બંનેએ ક્યારેય તેમના સંબંધો વિશે જાહેરમાં કંઈ કહ્યું નથી, પરંતુ તેમના સોશિયલ મીડિયા પરના સંપર્કો અને સાથે જોવા મળ્યાના સમાચાર ઘણીવાર સામે આવ્યા છે. લંડનની આ પાર્ટીએ ફરી એકવાર આ અફવાઓને વેગ આપ્યો છે. જો કે, ઘણા લોકોએ શુભમન ગિલનું સારા અલી ખાન સાથે પણ જોડ્યું હતું. આ ઉપરાંત અવનિત કૌર સાથે પણ ગિલનું નામ જોડાયું હતું.

### ૧૯ માર્ચના રોજ ૨૯ સેલિબ્રિટી વિરુદ્ધ FIR નોંધી

# વિજય દેવરકોંડા, પ્રકાશ રાજ, રાણા દગ્ગુબાતી સહિત ૨૯ પર ED સકંજો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ તેલંગાણાના ૨૯ જાણીતા ફિલ્મ અભિનેતાઓ, યુટ્યુબર્સ અને ઈન્સ્ટાગ્રામ ઈન્ફલુએન્સર્સ સામે મોટી કાર્યવાહી કરી છે. આ તમામને ગેરકાયદેસર સટ્ટાબાજી એપ્સનું પ્રમોશન કરવા બદલ કાયદાના સકંજામાં લેવામાં આવ્યા છે. આ યાદીમાં ફિલ્મ જગતના મોટા નામો જેવા કે વિજય દેવરકોંડા, રાણા દગ્ગુબાતી, પ્રકાશ રાજ, મંચુ લક્ષ્મી, નિધિ અગ્રવાલ, પ્રણીતા સુભાષ, અનન્યા નાગલ્લા, એંકર શ્રીમુખી, યુટ્યુબર હર્ષા સાઈ, બય્યા સની યાદવ અને લોકલ બોય નાની જેવા ઘણા લોકપ્રિય ચહેરાઓનો સમાવેશ થાય છે. તેમના પર સટ્ટાબાજી એપ કૌભાંડમાં સામેલ હોવાનો આરોપ છે. જેમાં હૈદરાબાદ સાયબરાબાદ પોલીસની FIRના આધારે EDએ કેસ નોંધ્યો છે અને તપાસમાં સામેલ ફિલ્મ સ્ટાર્સની ભૂમિકાની તપાસ કરવામાં આવી રહી છે. આ સમગ્ર મામલાની શરૂઆત મિયાપુરના એક બિઝનેસમેન ફણિન્દ્ર શર્માની ફરિયાદથી થઈ હતી. તેમણે એવો આરોપ લગાવ્યો હતો કે ઘણા જાણીતા ફિલ્મ કલાકારો અને સોશિયલ મીડિયા સ્ટાર્સ લોકોને સટ્ટાબાજીની એપ્સ તરફ આકર્ષી રહ્યા છે. આવા એપ્સના કારણે મધ્યમ વર્ગ અને નિમ્ન-મધ્યમ વર્ગના પરિવારોને ભારે નુકસાન થઈ રહ્યું છે. આ ફરિયાદના આધારે, સાયબરાબાદ પોલીસે ૧૯ માર્ચ, ૨૦૨૫ ના રોજ ૨૯ સેલિબ્રિટી વિરુદ્ધ FIR નોંધી હતી. EDએ આ સમગ્ર કેસમાં PMLA (પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ) હેઠળ ECIR (એન્ફોર્સમેન્ટ કેસ ઈન્ફોર્મેશન રિપોર્ટ) દાખલ કરી છે. ED હાલમાં આ મામલામાં સેલિબ્રિટીએ કેટલી ફીમાં પ્રમોશન કર્યું, ચુકવણી કેવી રીતે થઈ અને તેમની ટેક્સ વિગતો શું છે વગેરે જેવી તપાસ કરી રહ્યું છે. તપાસમાં એ વાત સામે આવી છે કે આ એપ્સ દ્વારા હજારો કરોડ રૂપિયાના વ્યવહારો થયા છે. આ એપ્સ યુવાનોને ઝડપથી પૈસા કમાવવાની લાલચ આપે છે, પરંતુ પાછળથી લોકો આર્થિક અને માનસિક રીતે ભાંગી પડે છે. આ મામલે તપાસ ચાલુ છે.


ED ની તપાસમાં એપ્લિકેશન/વેબસાઈટમાં સગીરોને યુઝર તરીકે રજીસ્ટ્રેશન કરાવવાથી રોકવા માટે કોઈ પદ્ધતિ નથી, તેમાં ડ્યુ ડિલિજન્સ (KYC)નો અભાવ છે, ભ્રામક જાહેરાતો દ્વારા નવા યુઝરને આકર્ષે છે અને પરિણામો સંબંધિત અભિપ્રાય ટ્રેડિંગને પ્રોત્સાહન આપે છે. તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે કંપનીને પ્રેફરન્સ શેર જારી કરવાના બદલામાં મોરેશિયસ, કેમેન આઈલેન્ડ અને અન્ય વિદેશી સંસ્થાઓ પાસેથી ૧૩૪.૮૪ કરોડ રૂપિયા મળ્યા હતા. તપાસ દરમિયાન ગુનાહિત દસ્તાવેજો અને ડિજિટલ ડેટા જપ્ત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, તપાસ દરમિયાન ૨૮૪.૫ કરોડ રૂપિયાના FD અને શેરમાં રોકાણ અને ત્રણ બેન્ક લોકર પણ જપ્ત કરવામાં આવ્યા છે. હજુ તપાસ ચાલી રહી છે.

### આરએસએસના વડા મોહન ભાગવતે કહ્યું

## મોરોપંત પિંગલેએ ૭૫ વર્ષ પછી નિવૃત્તિ લેવાનું શીખવ્યું હતું

। (એજન્સી) નાગપુર, તા.૧૦ ।

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ના વડા મોહન ભાગવતે નાગપુરના વનમતી હોલમાં એક કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ દરમિયાન તેમણે કહ્યું કે ૭૫ વર્ષ પછી વ્યક્તિએ બીજાને તક આપવી જોઈએ. સંઘના વરિષ્ઠ અધિકારી મોરોપંત પિંગલેના જીવન પર આધારિત એક અંગ્રેજી પુસ્તકના વિમોચન સમારોહમાં સરસંઘચાલક મોરોપંત પિંગલેને યાદ કર્યા. આ પ્રસંગે તેમણે કહ્યું કે વૃંદાવનમાં યોજાયેલી સંઘની એક બેઠકમાં મોરોપંત પિંગલેને તેમના ૭૫ વર્ષના થવા પર સન્માનિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. તે સમયે, તત્કાલીન સરકાર્યવાહ શેષાદ્રીએ પણ મોરોપંતને શાલ પહેરાવીને સન્માનિત કર્યા હતા. તે સમયે મોરોપંતે કહ્યું હતું કે હું ૭૫નો અર્થ સમજું છું. મોરોપંતને યાદ કરતા મોહન ભાગવતે કહ્યું કે આ તેમનો એક ઉપદેશ છે. મોરોપંત પિંગલે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં કોઈપણ પ્રચાર વિના કામ કરવાનું અને ૭૫ વર્ષ પછી નિવૃત્તિ લેવાનું શીખવ્યું હતું. કટોકટી પછીના રાજકીય પરિવર્તન દરમિયાન આરએસએસના વડાએ પિંગલેની આગાહીઓનો ઉલ્લેખ



કર્યો અને કહ્યું કે જ્યારે ચૂંટણીઓની ચર્ચા થઈ ત્યારે મોરોપંતે કહ્યું હતું કે જો બધા વિપક્ષી પક્ષો એક સાથે આવે તો તેઓ લગભગ ૨૭૬ બેઠકો જીતશે અને જ્યારે પરિણામો આવ્યા ત્યારે ફક્ત ૨૭૬ બેઠકો જીતી શક્યા. ભાગવતે કહ્યું કે જ્યારે પરિણામો જાહેર થયા ત્યારે મોરોપંત સતારા જિલ્લાના સજ્જનગઢ કિલ્લામાં હતા, જ્યાં તેઓ આ બધી ચર્ચાઓથી દૂર હતા. ભાગવતે કહ્યું કે મોરોપંતે રામ જન્મભૂમિ ચળવળમાં પણ અશોક સિંઘલને આગળ રાખ્યા. તેઓ પોતે ક્યારેય આગળ વધ્યા નહીં. તેમણે પોતાના આચરણ દ્વારા ખ્યાતિથી દૂર રહીને કામ કરવાનો દાખલો બેસાડ્યો. તેમણે બાળપણથી જ આત્મબલિદાનની કઠિન સાધના કરી હતી. તેઓ સંઘ પ્રત્યે ખૂબ સમર્પિત હતા, પરંતુ તેમને એવું નહોતું લાગતું કે તેઓ આવા કામ કરશે.

### પ્રજાની પરેશાની સામે મંત્રીનો અજીબોગરીબ તર્ક

## કયો રસ્તો એવો છે જ્યાં વરસાદ દરમિયાન ખાડા ન પડે : રાકેશસિંહ

। (એજન્સી) ભોપાલ, તા.૧૦ ।

મધ્ય પ્રદેશમાં વરસાદ દરમિયાન રસ્તાઓ પર પડેલા ખાડાઓ અંગે પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ (PWD)મંત્રી રાકેશ સિંહે અજીબોગરીબ નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, કયો રસ્તો એવો છે જ્યાં વરસાદ દરમિયાન ખાડા ન પડે? ભારે વરસાદ અને ભારે ટ્રાફિકને કારણે રસ્તાઓ પર ખાડા પડી જાય છે. હજુ સુધી એવી કોઈ ટેકનોલોજી નથી, જેના આધારે આપણે કહી શકીએ કે આપણે એવો રસ્તો બનાવીશું જેના પર ક્યારેય ખાડા નહીં પડે. રસ્તા બનાવ્યા છે તો ખાડા પણ રહેશે.

રસ્તાઓ પર ખાડા અંગે પીડબ્લ્યુડી મંત્રી રાકેશ સિંહે કહ્યું, ચાર વર્ષ સુધી ખરાબ ન થતો રસ્તો ફક્ત છ મહિનામાં જ ખાડા પડવા લાગે છે તે ખોટું છે. પરંતુ અમે આવા કિસ્સાઓ પર કાર્યવાહી પણ કરીએ છીએ. મને દુનિયાનો કોઈ રોડ યાદ નથી જ્યાં ખાડા ન હોય અને આવી કોઈ ટેકનોલોજી હજુ સુધી PWDના ધ્યાનમાં આવી નથી. આનો અર્થ એ નથી કે રસ્તાઓ પર ખાડા હોવા જોઈએ. રસ્તાઓની ગુણવત્તા પર ધ્યાન આપવું મહત્ત્વપૂર્ણ છે અને



તેથી જ અમે ઘણાં ફેરફારો કરી રહ્યા છીએ જેથી વધુ સારા રોડ બનાવી શકાય. પીડબ્લ્યુડીના નિર્ણયને લઈને રાકેશ સિંહે કહ્યું કે, રોડના બાંધકામમાં વપરાતા બિટ્યુમેન (ડામર) હવે ભારત પેટ્રોલિયમ અથવા હિન્દુસ્તાન પેટ્રોલિયમ પાસેથી જ ખરીદવામાં આવશે. જે વિસ્તારના બિટ્યુમેન મોકલવામાં આવશે તે વિસ્તારના સબ-એન્જિનિયરને તેમના મોબાઈલ પર એક OTP પ્રાપ્ત થશે અને OTP દાખલ કર્યા પછી જ ડિજિટલ લોક ખુલશે અને બિટ્યુમેનને અનલોડ કરી શકાશે, આ ગુણવત્તા સુધારવામાં મદદ કરશે.

### કોર્ટે કહ્યું તાત્કાલિક બંધ કરો

## રૂપિયા ૨૪૩ કરોડના ખર્ચે બનેલા રામસેતુ પુલમાં મસમોટા ગાબડાં

। (એજન્સી) અજમેર, તા.૧૦ ।

રાજસ્થાનના અજમેર શહેરના રામસેતુ પુલ અંગે લાંબા સમયથી ચાલી રહેલી જાહેર ચિંતા અને કાનૂની લડાઈ હવે એક નિર્ણાયક મોડ પર પહોંચી છે. સિવિલ જજ (પશ્ચિમ) અજમેરની કોર્ટે રામસેતુ પુલ અંગે મોટો ચુકાદો આપતા વહીવટીતંત્રને ૧૧ જુલાઈ, ૨૦૨૫ સુધીમાં પુલને સંપૂર્ણપણે બંધ કરવાનો નિર્દેશ આપ્યો છે. તમને જણાવી દઈએ કે, રૂ.૨૪૩ કરોડના ખર્ચે બનેલા રામસેતુ પુલમાં મસમોટા ગાબડાં પડી ગયા હતા છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં નહોતી આવતી.

આ મામલે અજમેરના ૧૫ વકીલોએ મળીને કોર્ટમાં જાહેર હિતની અરજી (PIL) દાખલ કરી હતી. અરજીમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે, પુલની જર્જરિત હાલત હોવા છતાં વહીવટીતંત્રએ કોઈ નક્કર પગલાં નથી લીધાં, જેના કારણે સામાન્ય લોકોના જીવ પર જોખમ મંડરાઈ રહ્યું છે. ભૂતકાળમાં પણ પુલની હાલત અંગે ફરિયાદો સામે આવતી રહી છે, પરંતુ વહીવટી બેદરકારીને કારણે સમારકામનું કામ નથી થઈ શક્યું.

અરજદારોએ એ પણ જણાવ્યું છે કે, પુલની દિવાલોમાં તિરાડ પડી ગઈ છે, કાટ લાગેલા લોખંડના સળિયા બહાર નીકળી આવ્યા છે અને આ પુલ રાહદારીઓ અને ટુ-વ્હીલર સવારો માટે જીવલેણ સાબિત થઈ શકે છે. કોર્ટે મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વહીવટીતંત્રને ૧૧ જુલાઈ સુધીમાં પુલને બધી બાજુથી બંધ કરવા અને સુરક્ષા સુનિશ્ચિત કરવાનો આદેશ આપ્યો છે.

આ આદેશ બાદ વહીવટીતંત્રની કાર્યશૈલી પર સવાલ ઉઠી રહ્યા છે અને સ્થાનિક લોકો કોર્ટના નિર્ણયને જાહેર હિતમાં મોટી રાહત માની રહ્યા છે. સૌથી વિવાદાસ્પદ નિવેદન RSRDCના અધિકારી ચારુ મિત્તલનું રહ્યું છે, જેમણે રસ્તો ધસી જવાનું કારણ ઉંદરો દ્વારા પુલને કોતરવાનું ગણાવ્યું હતું. પરંતુ તપાસ સમિતિએ આ દાવાને સંપૂર્ણપણે નકારી કાઢ્યો હતો અને તેને ગંભીર બાંધકામ ખામી ગણાવી હતી. સમિતિએ કહ્યું કે જો ખરેખર કોંક્રિટને ઉંદરો નુકસાન પહોંચાડી શકે છે, તો તે સ્પષ્ટ છે કે બાંધકામ સામગ્રી ખૂબ જ હલકી ગુણવત્તાવાળી હતી. તપાસ રિપોર્ટમાં એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, રામ સેતુ પુલને માત્ર સમારકામ જ નહીં પરંતુ આખો પુલ જ નવો બનાવવાની જરૂર છે. સ્માર્ટ સિટીના નામે જનતાના ટેક્સનો દુરુપયોગ કરવામાં આવ્યો અને નબળા બાંધકામમાં કરોડો રૂપિયા પાણીમાં વહાવી દીધા. હવે વહીવટીતંત્રની કાર્યશૈલી પર સવાલ ઉઠી રહ્યા છે અને કોર્ટના આદેશને જાહેર હિતમાં મોટી જીત માનવામાં આવી રહી છે.


**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**અમદાવાદ વિભાગમાં પાર્કિંગ અને NFR કરાર**

હરાજી યાદી ક્રમાંક નં. - પાર્કિંગ-ADI-4-2 | હરાજી શરૂ - 21-07-25 12:30:00

| ક્રમાંક નં. | લોટ નંબર/શ્રેણી | વર્ણન | પ્રવાસ/ દિવસ | લોટ સમાપ્તિ તારીખ અને સમય |
|---|---|---|---|---|
| AA/1 | પાર્કિંગ-ADI-MAN-MX-53-25-1 (પાર્કિંગ - મિશ્ર) | **અમદાવાદ ડિવિઝનના મણિનગર રેલવે સ્ટેશન પર ૧૯૮૦ ચોરસ મીટરના** મિશ્ર પાર્કિંગ પ્લોટ માટે ઇ-હરાજી | 1096 | 21-07-25 13:00:00 |
| AA/2 | પાર્કિંગ-ADI-MSH-MX-48-25-1 (પાર્કિંગ - મિશ્ર) | **મહેસાણા રેલવે સ્ટેશન (પશ્ચિમ બાજુ) પર ૨૪૯૯ ચોરસ મીટરના** ટુ વ્હીલર્સ, થ્રી વ્હીલર્સ અને ફોર વ્હીલર્સ માટે પાર્કિંગ પ્લોટ | 1096 | 21-07-25 13:10:00 |
| AA/3 | પાર્કિંગ-ADI-SBIB-MX-44-25-3 (પાર્કિંગ - મિશ્ર) | **સાબરમતી રેલવે સ્ટેશન (ધરમનગર) પર ૧૭૦૬ ચોરસ મીટરના** ટુ વ્હીલર્સ, થ્રી વ્હીલર્સ અને ફોર વ્હીલર્સ માટે પાર્કિંગ પ્લોટ | 365 | 21-07-25 13:20:00 |
| AB/1 | પાર્કિંગ-ADI-VTA-RT-52-25-1 (પાર્કિંગ - રેડિયો ટેક્સી) | **વટવા (VTA) સ્ટેશન પર વટવા (VTA) સ્ટેશન પર LC ગેટ નં. ૩૦૫ તરફ ૧૧૧.૪૮ ચોરસ મીટરની** નિયુક્ત જગ્યામાં રેડિયો ટેક્સી (એપ આધારિત કેબ/ઓટો/બાઇક સેવાઓ) માટે 03 વર્ષના સમયગાળા માટે ઇ-હરાજી. સ્કેચ આ સાથે જોડાયેલ છે. | 1826 | 21-07-25 13:30:00 |

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, અમદાવાદ વિભાગ - પશ્ચિમ રેલવે, અમદુપુરા, નરોડા રોડ, અમદાવાદ - 382345

ADI103

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



**WESTERN RAILWAY - VADODARA DIVISION**

**જાહેરાતના કરારો માટે ઈ-હરાજી**

"જાહેરાત" કરારો માટે ઈ-હરાજી 24.07.2025 ના રોજ યોજાશે. ઈ-હરાજી 24.07.2025 ના રોજ 11:00 વાગ્યે શરૂ થશે. વિગતો નીચે મુજબ આપવામાં આવી છે:

**કોન્ટ્રાક્ટનો પ્રકાર:** જાહેરાત (ભાડા સિવાયની આવક)

**કોન્ટ્રાક્ટનો સમયગાળો:** ૫ વર્ષ

| કેટલોગ નંબર | લોટ નં. |
|---|---|
| ADVT-BRC-240725 | ADVT-BRC-AKV-OSN-268-24-1 (સ્ટેશન પરિસરમાં જાહેરાત (નોન-ડિજિટલ)) |
| | ADVT-BRC-BH-OSN-269-24-1 (જાહેરાત - સ્ટેશન પરિસરમાં જાહેરાત (નોન-ડિજિટલ)) |
| | ADVT-BRC-VDA-OSN-271-24-1 (સ્ટેશન પરિસરમાં જાહેરાત (નોન-ડિજિટલ)) |
| | ADVT-BRC-GER-OSN-270-24-1 (સ્ટેશન પરિસરમાં જાહેરાત (નોન-ડિજિટલ)) |
| | ADVT-BRC-BRC-OSN-297-25-1 (સ્ટેશન પરિસરમાં જાહેરાત (નોન-ડિજિટલ)) |
| | ADVT-BRC-VS-OH-92-25-1 (જાહેરાત - આઉટ ઓફ હોમ) |
| | ADVT-BRC-EKNR-OH-21-25-1 (જાહેરાત - આઉટ ઓફ હોમ) |
| | ADVT-IntExt-86019-24-2 (જાહેરાત - ટ્રેનનો આંતરિક અને બાહ્ય ભાગ) |
| | MSS-BRC-EKNR-THDPK-44-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - મુસાફરી સહાય ડેસ્ક/યાત્રીઓની માહિતી અને પ્રમોશનલ કિઓસ્ક) |

કૃપા કરીને www.ireps.gov.in ની મુલાકાત લો.

BRC101

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

## તંત્રી લેખ...

# ભારતની સરહદ ચીન સાથે નહીં પણ તિબેટ સાથે છે

નેરેટિવ સેટ કરવાના ખેલમાં અરુણાચલ પ્રદેશના CM પેમા ખાંડૂએ ચીનને તેની જ સ્ટાઈલમાં જવાબ આપ્યો છે. પેમા ખાંડૂએ ગુરુવારે એક ઈન્ટરવ્યુમાં કહ્યું કે, અરુણાચલ પ્રદેશની સરહદ ચીન સાથે નથી લાગતી તિબેટ સાથે લાગે છે. પહેલી નજરે તેનું નિવેદન વિચિત્ર અને ખોટું લાગી શકે છે કારણ કે, શરુઆતથી જ આપણને કહેવામાં આવ્યું છે કે, પૂર્વ દિશામાં ભારતની લગભગ ૧૨૦૦ કિલોમીટરની સરહદ ચીન સાથે લાગે છે પરંતુ આ તથ્યને અરુણાચલ પ્રદેશના સીએમ પેમા ખાંડૂએ ડિપ્લોમેટિક ટ્વિસ્ટ આપી દીધો છે. પેમા ખાંડૂએ કહ્યું કે, ભારતનું અરુણાચલ પ્રદેશ રાજ્ય ચીન સાથે નહીં પરંતુ તિબેટ સાથે ૧૨૦૦ કિલોમીટરની સરહદ ધરાવે છે. મુખ્યમંત્રી પેમા ખાંડૂએ આ નિવેદન ત્યારે આપ્યું છે જ્યારે દલાઈ લામાના બહાને તિબેટ ચર્ચામાં છે. આ ઉપરાંત ચીન ઘણીવાર અરુણાચલ પ્રદેશ પર પોતાનો ગેરકાયદેસર અને પાયાવિહોણો દાવો કરતું આવ્યું છે. આ દાવાની પુષ્ટિ માટે ચીન એકપક્ષીય રીતે આ પ્રદેશના ઘણા વિસ્તારોના નામ બદલતું રહે છે. ઈન્ટરવ્યુ દરમિયાન જ્યારે તેમને જણાવવામાં આવ્યું કે, અરુણાચલ પ્રદેશની ૧૨૦૦ કિલોમીટરની સરહદ ચીન સાથે લાગે છે ત્યારે તરત જ તેમને અટકાવતા કહ્યું કે, હું તમારી ભૂલ સુધારી દઉં છું, અમારી સરહદ તિબેટ સાથે છે ચીન સાથે નહીં. તેમણે આગળ કહ્યું કે, જો તમે નકશો જુઓ સત્ય એ છે કે ભારતના રાજ્યને સીધી રીતે ચીનની સરહદ નથી લાગતી, અમારી સરહદ માત્ર તિબેટ સાથે છે. એ સાચું છે કે, ૧૯૫૦માં ચીન ત્યાં આવ્યું અને બળજબરીથી તિબેટ પર કબજો કરી લીધો, આ વાતને નકારી ન શકાય, આ વાત અલગ છે, સત્તાવાર રીતે તિબેટ હવે ચીન હેઠળ છે.

## NEP 2020ના પંચ સંકલ્પ HEIs માટે માર્ગદર્શક સિદ્ધાંત બનશેઃ ધર્મેન્દ્ર પ્રધાન



કેન્દ્રીય યુનિવર્સિટીઓની બે દિવસીય વાઈસ-ચાન્સેલર્સ કોન્ફરન્સ આજે ગુજરાતના કેવડિયા ખાતે શરૂ થયું છે. જેમાં અગ્રણી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના ૫૦થી વધુ વાઈસ ચાન્સેલર્સ ભાગ લેશે. જેથી NEP ૨૦૨૦ની શરૂઆતથી અમલીકરણની સમીક્ષા, મૂલ્યાંકન અને વ્યૂહરચના બનાવી શકાય. શિક્ષણ મંત્રાલય દ્વારા ગુજરાત સેન્ટ્રલ યુનિવર્સિટીના સહયોગથી આયોજિત આ બેઠકનો ઉદ્દેશ્ય વિકસિત ભારત ૨૦૪૭ના વિઝનને મેપ કરવા માટે કેન્દ્રીય યુનિવર્સિટીઓની સંસ્થાકીય પ્રગતિને એકીકૃત અને નકશાબદ્ધ કરવાનો છે. આ પ્રસંગે બોલતા, કેન્દ્રીય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું હતું કે, છેલ્લા દાયકામાં ભારતના ઉચ્ચ શિક્ષણ ઈકોસિસ્ટ-મમાં મૂળભૂત પરિવર્તન આવ્યું છે. જે તેને લચીલું, આંતરશાખાકીય, સમાવિષ્ટ અને નવીનતા સંચાલિત બનાવે છે. શ્રી પ્રધાને ઉલ્લેખ કર્યો હતો કે, પરિણામે કુલ વિદ્યાર્થીઓની નોંધણી ૪.૪૬ કરોડને સ્પર્શી ગઈ છે, જે ૨૦૧૪-૧૫થી ૩૦%નો વધારો છે, મહિલા નોંધણી ૩૮% વધી છે, અને મહિલા GER હવે પુરુષ GER કરતાં વધી ગઈ છે. પીએચ.ડી. નોંધણી લગભગ બમણી થઈ ગઈ છે અને મહિલા પીએચ.ડી. વિદ્વાનોમાં ૧૩૬%, અનુસૂચિત જનજાતિ માટે GER ૧૦ ટકા પોઈન્ટ, SC માટે ૮ પોઈન્ટથી વધુનો વધારો થયો છે. આ સમાવિષ્ટ શિક્ષણ અને સામાજિક ન્યાય પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે. તેમણે એમ પણ ઉલ્લેખ કર્યો કે સકારાત્મક નીતિગત પહેલોના પરિણામે ૧,૨૦૦+ યુનિવર્સિટીઓ અને ૪૬,૦૦૦થી વધુ કોલેજોની સ્થાપના થઈ છે જે ભારતને વૈશ્વિક સ્તરે સૌથી મોટી સિસ્ટમોમાંની એક બનાવે છે. શ્રી પ્રધાને તેમના સંબોધન દરમિયાન NEP ૨૦૨૦ના પંચ સંકલ્પની વિભાવના પર પ્રકાશ પાડ્યો જે યુનિવર્સિટી, ગુરુકુળોમાં VCs માટે માર્ગદર્શિકા હશે. મુખ્ય થીમ્સ આગામી પેઢીનું ઉભરતું શિક્ષણ, બહુશાખાકીય શિક્ષણ, નવીન શિક્ષણ, સર્વાંગી શિક્ષણ અને ભારતીય શિક્ષણ છે. મંત્રીએ VCsને નીચેના ઉદ્દેશ્યો દ્વારા શૈક્ષણિક ત્રિવેણી સંગમના ઉદ્દેશ્યોને અમલમાં મૂકવા માટે ફેરફારો કરવા હાકલ કરી હતી. જેમાં ભૂતકાળની ઉજવણી (ભારતની સમૃદ્ધિ), વર્તમાનનું માપાંકન (ભારતનું વર્ણનાત્મક સુધારણા), અને ભવિષ્યનું નિર્માણ (વૈશ્વિક વ્યવસ્થામાં ભારતની ભૂમિકા)નો સમાવેશ થાય છે. આ ભૂતકાળને સમજવા, વર્તમાનને ઉજાગર કરવા અને સમકાલીન માળખામાં ભવિષ્યને ઉજાગર કરવાની ખાતરી કરશે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, અભ્યાસક્રમની પુનઃરચના, ડિજિટલ સિસ્ટમ્સ બનાવવા, ફેકલ્ટી તાલીમ આપવા અને બહુ-શાખાકીય અભિગમોને પ્રોત્સાહન આપવા જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં નિર્ણાયક પગલાં લઈને ૨૦૩૫ સુધીમાં ઉચ્ચ શિક્ષણમાં GERને ૫૦% સુધી વધારવાનું મહત્વપૂર્ણ છે. આ ઉદ્દેશ્ય પ્રાપ્ત કરવા માટે કુલપતિઓએ વિદ્યાર્થીઓની માનસિકતા અને આકાંક્ષાઓને આકાર આપવામાં ઉત્પ્રેરક તરીકે કાર્ય કરવું જોઈએ. શ્રી પ્રધાને ભાર મૂક્યો હતો કે યુનિવર્સિટીઓએ "વિદ્યાર્થી-પ્રથમ" અભિગમનું પાલન કરવું જોઈએ. વિદ્યાર્થીઓ આપણા બધા સુધારાઓનું કેન્દ્ર હોવા જોઈએ કારણ કે તેઓ ભવિષ્ય માટે આપણી રાષ્ટ્રીય શક્તિનો મુખ્ય ભાગ છે. તેમણે કુલપતિઓને ખાતરી કરવા હાકલ કરી હતી કે ભવિષ્ય માટે બનાવવામાં આવી રહેલી સંસ્થાઓ જ્યાં કુશળ અને ભવિષ્યમાં તૈયાર કાર્યબળ અને વિદ્યાર્થીઓને રોજગાર સર્જકો, સામાજિક ઉદ્યોગસાહસિકો અને નૈતિક નવીનતાઓ બનવા માટે સશક્ત બનાવવામાં આવે. તેમના સંબોધન દરમિયાન, મંત્રીએ બેઠકના સહભાગીઓને દરેક યુનિવર્સિટીમાં NEP ૨૦૨૦ના સંપૂર્ણ અમલીકરણ માટે વ્યૂહરચના પેપર તૈયાર કરવા હાકલ કરી હતી. જેમાં વિષયોનું બહુ-શાખાકીય એકીકરણ, ભારતીય જ્ઞાન પ્રણાલી (IKS) ને મુખ્ય પ્રવાહમાં લાવવી, કૌશલ્ય અને અપ-સ્કિલિંગને પ્રોત્સાહન આપવા માટે ટેકનોલોજી સંચાલિત શિક્ષણ માટે વ્યૂહરચનાઓ ઘડવી, નવીનતા પર ધ્યાન કેન્દ્રિત કરતી કેમ્પસ પહેલ અને પરંપરાગત મૂલ્યો સાથે ટેકનોલોજીનું એકીકરણ તેમજ વ્યક્તિગત યુનિવર્સિટી કેમ્પસમાં ફઝ કોન્ફરન્સ જેવી પરિષદોનું આયોજન કરવું જોઈએ.

### માનવી ધીરે ધીરે સત્યથી વિમુખ થતો જાય છે આપણે ત્યાં સત્યને જ ઈશ્વર કહેવાયો છે

# સત્યનાં ચાર અંગ, ઉચ્ચાર, વિચાર, આચાર અને મૌન, જેનાથી સત્ય રૂપી ઈશ્વર સુધી પહોંચાય!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**વાણીના સત્યને સાબિત કરવા આપણે ત્યાં તટસ્થ, મધ્યસ્થ, અને સત્યસ્થ એવાં શબ્દ પ્રયોગ પણ પ્રચલિત છે. પણ શું સત્ય ને માત્ર વાણી સુધી સિમિત રાખી શકાય? વાણીથી સાચું જ બોલવું જોઈએ, વ્યક્તિગત વાતમા પણ આપણાં ગુણ દોષ સ્વીકારી લેવા જોઈએ.**

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. સમય સંજોગ અને સંબંધનાં ત્રણ ખૂણા વાળા અસાર સંસારને કંસાર જેવો ગળ્યો કેમ બનાવવો? એનો પંથ તો સદગુરુ જ ચીંધી શકે! પણ કાળ ગણના પ્રમાણે સાચાં સાધુ સંત પણ કેમ પારખવા ! સિદ્ધીની ચકાચૌંધમાં શુદ્ધિ કેમ દેખાય? યોગ્ય નિદાન ન થવાથી જેમ રોગ વકરે, એમ આમ આ ત્રણેય ખૂણાનું સંતુલન બગડેલું હોવાથી આજનો સમાજ અશાંત છે, અથવા તો ગમે તેટલું સુખ મળે સંતોષ નથી, સદા બેચેન છે. એનું બીજું કારણ એ છે, કે માનવીનાં ચરણ થંભી ગયા છે, એટલે કે શ્રમ ઘટી ગયો છે, પણ મન સતત દોડે છે! બોલવા માટે, ગમે તે સારું સારું બોલશે! પણ આચરણ શૂન્ય અને સત્યાચરણ તો સાવ ભૂલી જ ગયો છે! માનવી ધીરે ધીરે સત્યથી વિમુખ થતો જાય છે, આપણે ત્યાં સત્યને જ ઈશ્વર કહેવાયો છે. જેમ કે રામ નામ સત્ય હૈ! અથવા સત્યમ શિવમ સુંદરમ! તો આ કહેવાતું સત્ય શું છે?કે જે ખુદ ઈશ્વરની અનૂભૂતિ કરાવે! કારણ કે આપણે સત્ય નિષ્ઠ હોવાનો દાવો તો કરીએ છીએ, છતાં પણ ઈશ્વર મળી ગયો હોય, કે એનો સાક્ષાત્કાર થયો હોય, કે પછી એનું સાનિધ્ય માણ્યું હોય, એવી કોઈ અનૂભૂતિ આપણે બતાવી શકતા નથી! અને એ પણ એટલું જ સત્ય છે! તો આખરે સત્યને કંઈ રીતે વર્ણવી શકાય! કે અનુસરી શકાય!: હમણાં ચોમાસાની ઋતુ અનુસાર ઘરના વડીલોની તબિયત સારી નરસી રહે! અને સ્વાભાવિક એક ધારો સમય ન મળે! પણ જેટલું થાય એટલું કથાનું શ્રવણ કરું, જેથી મન કાબૂમાં રહે! એકવાર કથામાં પૂજ્ય બાપુએ સત્યનાં ચાર અંગ કહ્યાં, (૧)ઉચ્ચાર, (૨)વિચાર, (૩)આચાર, અને (૪)મૌન, જેને અનુસરીને સત્ય રુપી ઈશ્વર સુધી પહોંચી શકાય છે, એમણે તો ચાર અંગ કહી છોડી દીધું, પણ આપણે એને વિશે આજે ચિંતન મનન કરીશું.

ઉચ્ચાર** ઉચ્ચાર એટલે કે વાણી! અને સાંપ્રત સમયનો સમાજ સત્ય એટલે માત્ર વાણીથી બોલાયેલું જે હોય! ત્યાં જ અટકી જાય છે. એટલે કે એણે આમ કહ્યું હતું! અને આમ નહોતું કહ્યું! આ તેનું નિવેદન હતું! હવે તે ફરી જાય છે! એ બોલ્યો જ હશે!: કારણ કે એની ફિતરત જ એવી છે. કે પછી એણે આમ કર્યું હતું! હવે ફરી જાય છે! હું એનો સાક્ષી છું! વાણીના સત્યને સાબિત કરવા આપણે ત્યાં તટસ્થ, મધ્યસ્થ, અને સત્યસ્થ એવાં શબ્દ પ્રયોગ પણ પ્રચલિત છે. પણ શું સત્ય ને માત્ર વાણી સુધી સિમિત રાખી શકાય? વાણીથી સાચું જ બોલવું જોઈએ, વ્યક્તિગત વાતમા પણ આપણાં ગુણ દોષ સ્વીકારી લેવા જોઈએ. કે પછી કોઈ પૂછે કે આમ કોણે કર્યું ? તો આપણે કર્યું હોય તો આપણે કબૂલી લેવું જોઈએ! અથવા આપણે જાણતા હોઈએ તો એનું નામ પણ દેવું જોઈએ! પણ ચૂકી જવાય છે, ક્યાંક આપણે સમાજની નજરમાં નીચા થઈ જશું! તો ક્યાંક એમાં મારે શું કામ પડવું! એવું વિચારીને સાક્ષી હોવા છતાં એને ટાળીએ છીએ! કે પછી થોડો ડર પણ લાગે છે! જેમ કે કોઈની હત્યા થઈ, આપણે તે જોયું! પણ કોર્ટમાં સાક્ષી બનવા જતા નથી! રસ્તા પર એક્સિડન્ટ થયો સ્કૂટરવાળાને ગાડીની સ્પીડને કારણે ટલ્લો લાગ્યો, આપણે જાણીએ છીએ કે ગાડીનો દોષ હતો, છતાં સાક્ષી બનતા નથી! આસપાસના ઘરમાં કે પછી પોતાના ઘરમાં જાતીય હિંસા કે અન્ય કોઈ ગુના સંબંધીત કાર્ય કરી રહ્યું છે, છતાં આપણે એને અણદેખ્યું કરીએ છીએ! આવા તો નાના-મોટા કેટલાએ કારણો મળે, જેમાં આપણે સારી રીતે વાણીનું સત્ય પણ નિભાવી શકતાં નથી. સત્ય રૂપે ઈશ્વરને અનુભવો હોય તો ઉચ્ચારના સત્યને તટસ્થતાથી, તન અને મનની વચ્ચે મધ્યસ્થ રહી, તેમજ તેના ઉચ્ચારમાં સૌનું શુભ કે હિત સમાયેલું છે એમ સત્યને ત્રિપરિમાણીય સ્તરે મૂલવવુ જોઈએ.

વિચાર** સીધા સાદા શબ્દોમાં વિચારની વ્યાખ્યા કરીએ તો બુદ્ધિ પ્રેરક મનની ગતિ! વાણીથી આપણે ગમે તેટલા સત્યનિષ્ઠ હોઈએ, પણ વિચારમાં સદા સત્યને કેન્દ્રસ્થ રાખીને જીવવું એ જીવનની માત્રા વધારનાર છે, અને આપણે હાથીની જેમ દેખાડવાના દાંત જુદા અને ચાવવાના જુદા એવો ઘાટ હોવાથી, સત્યને પામી શકતા નથી. કારણ કે વિચાર એ ગતિશીલ છે, આપણે ત્યાં બોલવા પહેલા સો વાર વિચારવું એવું એક સૂત્ર આવ્યું છે! પણ આજનો સમાજ તડાંફડમાં માને છે! એટલે જે હોય તે તરત જ રિયેક્શન આપે છે! અને પોતાને હાજર જવાબી માં ખપાવે છે, કે પછી હું તો કોઈની સાડીબાર કરું નહીં, આમ અહંકાર વધારે છે કે કોઈવાર પસ્તાય પણ છે. મનની ચંચળતાને કારણે વિચારોની ગતિશીલતા વધુ કે ઓછી હોય છે, એટલે કે કોઈનું મન શાંત અને સંતોષી હોય તો એના વિચારો પ્રમાણમાં શાંત હોય, અને એની સાથે સંગતિ કરવી સરળ પડે છે, પણ જો મન અતિ ચંચળ છે, અથવા તો અશાંત છે, તો પછી વિચારોનો ઉપદ્રવ એટલો વધી જાય, કે એની સાથે સંગતિ સાધી શકાતી નથી, અને એ રીતે સત્ય છૂટી જાય છે. દાખલા તરીકે આપણે સત્ય નિષ્ઠ હોઈએ તો આપણાં વિચારો આવાં હોવા જોઈએ! કે હું માનવ તરીકે જન્યો છું, તો માનવતા એ જ મારો પરમ ધર્મ છે!: સૌને મદદ કરવી એ મારું કર્તવ્ય છે, મારાથી ઓછી આવક ધરાવતાં પરિવારને સમસ્યા સમયે શારીરિક, માનસિક અને આર્થિક ટેકો આપવો જોઈએ!: બીજું કંઈ ન થાય તો કોઈની ઈર્ષા કરવી, નિંદા કરવી, ઉપેક્ષા કરવી, ઉતારી પાડવા, કે પછી અન્ય કોઈ રીતે હેરાન પરેશાન કરવા! એવું તો નહીં જ કરું! મારી આસપાસ રહેતાં તમામનો હું આદર કરીશ! તથા કોઈની પ્રગતિમા અવરોધ નહીં બનું. મારુ પોષણ કરનારી આ પ્રકૃતિનું જતન કરીશ!: અને એના સંવર્ધન માટે મારાથી બનતા તમામ પ્રયાસ કરીશ. વિચારવાની દ્રષ્ટિએ આપણા સૌના વિચારો આવાં જ છે, પણ એમા સમયાન્તરે કંઈક દૂષણ આવે છે, ક્યાંક ચૂકી જવાય છે! અને એ જ કારણ છે કે આપણે સત્યને અનુભવી શકતાં નથી.

પણ કાળ એટલે કે સમયની ગતિ પણ બહુ ન્યારી છે! જે ઉચ્ચાર, વિચાર, આચાર, અને મૌનને ભગવાન શ્રી રામ અનુસર્યા હતાં! એ જ રીતે ભગવાન શ્રી કૃષ્ણ અનુસર્યા નથી! એમણે સર્વ જન હિતાય માટે ક્યારેક ક્યારેક ઉચ્ચારનાં સત્યમાં ભ્રમણા પેદા કરી છે! અને વિચારો પણ કાળ પ્રમાણે ક્રાંતિકારક ખરાં! જે સત્યની જૂની પરિભાષા મુજબ ન પણ હોય! ગીતામાં છૂટ પણ આપી છે, કે આતતાયી ને મારવા એ હિંસા નથી! ઉલટું સમાજ સેવા છે, અને આ રીતે પણ કોઈનું હિત થતું હોય, તો આપણાં એ વચન કે કર્મ ખોટાં નથી! એનાથી કર્મ બંધનની જાળમાં આપણે ફસાતા નથી! પણ આપણા દ્વારા કોઈની નીંદા, ઈર્ષા, ફરેબ, કપટ, દંભ, દેખાદેખી, વેરઝેર વગેરેનાં વિચારો આપણને ખોટું કરવા પ્રેરે છે, આપણે જાણવા છતાં એ વિચારોને રોકી શકતાં નથી! કારણ કે આપણું આચરણ વ્યવહાર મય હોય છે. દિન પ્રતિ દિન સમાજ વધુ ને વધુ ઉગ્ર થતો જાય છે! કારણ જાણે ગમે તે હોય! તો ઉચ્ચાર ના કે વિચાર ના કોઈ પણ એક સત્ય કથિત વિધાન ને પકડી એ મુજબ નિષ્ઠાથી જીવવામાં આવે તો અવશ્ય પરિણામ મળે છે, અને આપણે સૌ આ રીતે સત્યનું વિશ્લેષણ કરી એને પ્રતિપાદિત કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.



### મારી હાર પણ મારા ભક્તોની જીત, ભીષ્મ કહે છે કે, મારી પ્રતિજ્ઞા પણ સાચી અને શ્રી કૃષ્ણની પ્રતિજ્ઞા પણ સાચી

# પોતાનું હૃદય જેમને મંદિર ન લાગે તેમનું હૃદય કોઈપણ મંદિરમાં ચોટતું નથી



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**આખું જીવન જેની પાછળ જશે તે જ અંતકાળે યાદ આવશે. મનુષ્ય પ્રયત્ન વિના ઈશ્વરકૃપા કરતા નથી. આખું જીવન જે ભાગવત સ્મરણ કરશે, તે કદાચ અંતકાળે ભગવાનને ભૂલી જાય, તો પણ ભગવાન તેને યાદ કરશે.**

ગુરૂ પૂર્ણિમા વ્યાસ પૂર્ણિમાની ગઈકાલે બહુ ઉત્સાહ ઉમંગભેર ઉજવણી કરી ત્યારે ગુરૂ શિષ્ય વચ્ચેની એ મર્યાદા ક્યાં?આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો આ જીવ ઠાકોરજીને કાંઈક અર્પણ કરે છે ત્યારે ભગવાન પ્રસન્ન થાય છે ભીષ્મ કહે છે મને યુદ્ધના સમયની પ્રભુની એ વિરલ છબી યાદ આવે છે તેમના મુખ ઉપર લહેરાતી વાળની લટો ઘોડાના પગની ઉડતી ધૂળથી મેલી થઈ હતી અને પરસેવાના નાનાં નાનાં બિંદુઓ શોભી રહ્યા હતા મારા તીક્ષ્ણ બાણો વડે હું તેમની ચામડીને વિંધિ રહ્યો હતો એવા સુંદર કવચધારી શ્રીકૃષ્ણ પ્રતિ મારુ શરીર અંતઃકરણ અને આત્મા સમર્પિત થઈ જાઓ. આપણે પણ પ્રાર્થના કરીએ કે, આપ મારા શરીર રથ ઉપર વિરાજો મારા ઈન્દ્રિયોરૂપી ઘોડાઓ કાબૂ બહાર જાય તો તેને અટકાવજો.મેં મારા શરીર રથની લગામ તમારા હાથમાં સોંપી છે. મારી ઈન્દ્રિયોને કબજે રાખો. મારો રથ સહી સલામત પાર ઉતારો!

ભીષ્મ કહે, હે નાથ, જગતમાં તમે મારી કેટલી પ્રતિષ્ઠા વધારી? મને કેટલું માન આપ્યું?મારી પ્રતિજ્ઞા સત્ય કરવા તમે તમારી પ્રતિજ્ઞા જતી કરી!

શ્રીકૃષ્ણે મહાભારત યુદ્ધમાં કોઈ અસ્ત્રશસ્ત્ર હાથમાં ન લેવાની પ્રતિજ્ઞા કરેલી. ભીષ્મે કહેલું, હું એવું લડીશ કે શ્રીકૃષ્ણને હાથમાં શસ્ત્ર લેવું જ પડશે. હું શ્રીકૃષ્ણ પાસે શસ્ત્ર લેવડાવીશ. ભીષ્મનાં બાણોથી અર્જુનને મૂર્છા આવી ગઈ. શ્રીકૃષ્ણે વિચાર્યું, આ ડોસો મારા અર્જુનને મારી નાખશે તો અનર્થ થશે. મારી પ્રતિજ્ઞા ગઈ ખાડામાં! ભગવાન રથ ઉપરથી કૂદી પડ્યા અને હાથમાં રથનું પૈડું લઈ ભિષ્મ તરફ દોડ્યા. ભીષ્મે તે વખતે નમન કર્યું. ભગવાનનો જય જયકાર કર્યો. ભગવાન કેવા દયાળુ છે? ભક્તોની પ્રતિજ્ઞા સત્ય કરવા તે પોતાની પ્રતિજ્ઞા જતી કરે છે. ઠાકોરજીની આ લીલા છે. ભગવાન ભક્તોને ખૂબ માન આપે છે. મારી હાર, પણમારા ભક્તોની જીત. ભીષ્મ કહે છે કે, મારી પ્રતિજ્ઞા પણ સાચી અને શ્રી કૃષ્ણની પ્રતિજ્ઞા પણ સાચી. તે વખતે મને શ્રીકૃષ્ણનાં બે સ્વરૂપો દેખાયાં હતાં.એક સ્વરૂપે તે રથમાં બિરાજલાં હતા અને બીજા સ્વરૂપે તે રથમાં કૂદી પડ્યા હતા.

અર્જુન મૂર્છામાં છે. આ ઘોડાઓ રથને ખાડામાં લઈ જાય તો અર્જુનને શું થાય? તેથી એક સ્વરૂપે રથમાં રહ્યા. જે સ્વરૂપે રથમાં હતા તે સ્વરૂપે અસ્ત્રશસ્ત્ર લીધું નથી.ભીષ્મ એટલે ભયંકર. ભયંકર કોણ? મન એ ભયંકર છે. ભીષ્મ એટલે મન.અર્જુનએ જીવાત્મા છે મન આવેશમાં આવે ત્યારે સંકલ્પ વિકલ્પરૂપી બાણ મારે છે.એટલે જીવ અર્જુનઘાયલ થાય છે.તેને મૂર્છા આવે છે. પછી ભગવાન સુદર્શનચક્ર લઈને મનને મારવા જાય છે ત્યારે મન શાંત થાય છે.એટલે કે આ જીવ પરમાત્માને શરણે જાય ત્યારે પરમાત્મા આ મનને શાંત કરે છે. મન સંકલ્પ-વિકલ્પ ન કરે તો તે મન આત્મસ્વરૂપમાં મળી જાય છે ત્યારે જીવને શાંતિ મળે છે. ભીષ્મે કરેલી સ્તુતિ અનુપમ છે.તે કંઠસ્થ કરવા જેવી છે. એને ભીષ્મસ્તવ રાજ સ્તોત્ર પણ કહે છે. તે પછી ભીષ્મ ઉત્તરાયણમાં દેહ છોડે છે. ભીષ્માચાર્ય ભાગવત સ્વરૂપમાં લીન થાય છે. ઉત્તરાયણ મરણ એટલે જ્ઞાનની અથવા ભક્તિની ઉત્તરાવસ્થામાં પરિપક્વ દશામાં મરણ.બાકી ઘણા પાપીઓ ઉત્તરાયણમાં મરણ પામે છે. તેઓ સદગતિ પામતા નથી.ઘણા યોગીઓ દક્ષિણાયણમાં મરણ પામે છે તેઓની દુર્ગતિ થતી નથી.દક્ષિણ દિશામાં યમપુરી છે, નરકલોક છે. નરકલોક એટલે અંધકાર. પરમાત્માનું જેને અજ્ઞાન છે, પરમાત્માનો અનુભવ કર્યા વગર જે મરે છે.તેનું દક્ષિણાયણમાં મરણ થયું કહેવાય. સંતોનો જન્મ આપણી જેમ સાધારણ હોય છે પણ મૃત્યુ મંગલમય હોય છે.

ભીષ્મ મહાજ્ઞાની હતા તેમ છતાં પ્રભુપ્રેમમાં તન્મય થઈને માર્યા છે. તે બતાવે છે કે ભક્તિ શ્રેષ્ઠ છે.

મરણ કોનું સુધાર્યું? જેના મરણ વખતે દેવો વાજાં વગાડે તેનું. ભીષ્મના પ્રયાણ વખતે દેવોવાજાં વગાડે છે.માટે કરણી એવી કરો કે તમે આવ્યા ત્યારે ત્યારે દુનિયા હસી હતીને તમે રોયા હતા પણ તમે જાઓ ત્યારે તમે હસો ને દુનિયા રડે! માનવજીવનની છેલ્લી પરીક્ષા મૃત્યુ છે.જેનું જીવન સુધરે છે એનું મૃત્યુ સુધરે છે.જેનું મૃત્યુ બગડ્યું એનું જીવન બગડયું. પ્રતિક્ષણનો જે સદુપયોગ કરશે તેનું મૃત્યુ સુધરશે.કણનો અને ક્ષણનો દુરુપયોગ ન કરો. કણનો દુરુપયોગ કરે એ દરિદ્રી થાય છે અને ક્ષણનો દુરુપયોગ કરે તેનું જીવન બગડે છે. પ્રતિદિન સંયમને વધારો.સંયમ વધારી પ્રભુનાસતત સ્મરણની આદત પડે તો મરણ સુધરે. અંતકાળનો સમય બહુ કઠણ છે. આખું જીવન જેની પાછળ જશે તે જ અંતકાળે યાદ આવશે.મનુષ્ય પ્રયત્ન વિના ઈશ્વરકૃપા કરતા નથી. આખું જીવન જે ભાગવત સ્મરણ કરશે, તે કદાચ અંતકાળે ભગવાનને ભૂલી જાય, તો પણ ભગવાન તેને યાદ કરશે.સત્કર્મ વ્યર્થ જવાનું નથી. મારો ભક્ત મને ભૂલે પણ હું નહીં ભૂલું એ ભગવાનનો કોલ છે. ભીષ્મદાદાના મરણથી યુધિષ્ઠિરને દુઃખ થયું, પરંતુ દાદાને સદગતિ મળી તેથી તેમને આનંદ થયો.

ધર્મરાજા યુધિષ્ઠિર ગાદી ઉપર વિરાજ્યા છે.ધર્મરાજાનારાજ્યમાં દુકાળ નથી, અતિવૃષ્ટિ નથી, અના વૃષ્ટિ નથી. ધર્મરાજાના પવિત્ર રાજ્યમાં કોઈ મૂર્ખ નથી, કોઈને રોગ નથી. બધા ધર્મની મર્યાદાનું પાલન કરે છે.

અનેક જન્મોની ભોગવાસના મનમાં છે. તેનો જલ્દી ત્યાગ થઈ શકતો નથી,પરંતુ વિવેકભોગ ભોગવે તો અંતકાળ સુધી ઈન્દ્રિય સાજી રહે. ધર્મની મર્યાદામાં રહી મનુષ્ય અર્થ,કામ ભોગવે તો દુઃખી થાય નહીં. સદાચાર અને સંયમ નહીં વધારો,તો સંપત્તિ પણ આનંદ નહીં આપે. મનને એકદમ સંકલ્પરહિત કરવું કઠણ છે,માટે પવિત્ર સંકલ્પ કરો અને પરમાત્મા ના ચરણનો દૃઢ આશ્રય કરો.


સૂર્યનારાયણ પ્રત્યક્ષ ભગવાન છે ઈતર સર્વ દેવોની ભાવના કરવી પડે છે પણ સૂર્યનારાયણ પ્રત્યક્ષ દેખાય છે પ્રત્યક્ષ દેવની આરાધના કરો સૂર્યનારાયણની આરાધના વગર બુદ્ધિ શુદ્ધ થતી નથી કાંઈ નહીં તો ઓછામાં ઓછા ૧૨ સૂર્ય નમસ્કાર રોજ કરો મારા શ્રીકૃષ્ણ સૂર્યનારાયણમાં છે કારણ કે ભગવાને ગીતામાં કહ્યું છે જ્યોતિ માં હું સૂર્ય છું. સૂર્યનારાયણની ઉપાસના કરનારો કદી દરિદ્રી થતો નથી યુધિષ્ઠિર સૂર્યની ઉપાસના કરતા સૂર્યદેવે અક્ષયપાત્ર આપ્યું હતું. રામજીને સૂર્ય શક્તિ આપી ત્યારે તેઓ રાવણને મારી શક્યા. રામજીએ આદર્શ બતાવ્યો છે ઈશ્વર છું છતાં સૂર્યનારાયણની આરાધના કરું છું.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી,મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર તરફના માર્ગને જોડતો મહી નદી પરનો ગંભીરા પુલ વહેલી સવારે ધડાકાભેર તૂટી પડતા તેરથી વધુ લોકોના કરુણ મોત થયા ત્યારે આજે આ બધું જોઈને નેપોલિયન બોનાપાર્ટના શબ્દો યાદ આવે છે કે જો તમે સફળ થવા ઈચ્છતા હો તો દુનિયા ભરનાં વાયદા કરો પણ પછી કશુંય કરવું નહીં. આજે દાદાની સરકારમાં.. સમજાય તો ધન્યવાદ બાકી ખુશ રહો ..જિંદગીનો કોઈ ભરોસો નથી.છેલ્લે પુલ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા દિવંગત આત્માઓને ચિર શાંતિ અને પરીવાર જનોને સ્વજન ગુમાવ્યાનું દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના સહ શ્રદ્ધા સુમન અર્પણ કરું છું.અસ્તુ.



# ડોન ૩ માં શાહરૂખ અને પ્રિયંકા ના સરપ્રાઈઝ કેમિયોની શક્યતા

## ફરહાન અખ્તર સાથે મુલાકાત બાદ શાહરૂખે કેમિયો માટે તૈયારી દર્શાવી



શાહરૂખ ખાન માટે લાંબો સમય રાહ જોયા પછી ફરહાન અખ્તરે આખરે 'ડોન ૩'નું શૂટિંગ શરૂ કરી દીધું છે. આ ફિલ્મમાં રણવીર સિંહનો લીડ રોલ છે, પરંતુ ફરહાનને શાહરૂખ વગર આ ફિલ્મ અધૂરી લાગી રહી છે. જેથી ફરહાને સરપ્રાઈઝ કેમિયો માટે શાહરૂખને રાજી કરી લીધો હોવાનું કહેવાય છે. ફિલ્મમાં આકર્ષણ વધારવા માટે શાહરૂખ ઉપરાંત પ્રિયંકા ચોપરાને પણ સ્પેશિયલ રોલ ઓફર થયો હોવાની ચર્ચા છે. 'ડોન ૩'માં શાહરૂખની જગ્યાએ રણવીર સિંહની પસંદગી થઈ છે, પરંતુ ઓડિયન્સને સરપ્રાઈઝ આપવા ડાયરેક્ટર ફરહાન અખ્તરને શાહરૂખની જરૂર છે. શાહરૂખને સાંકળવા માટે ફિલ્મમાં ડ્રામેટિક ટવિસ્ટ લાવવાનો વિચાર થયો છે. શાહરૂખ ખાનના 'ડોન' કેરેક્ટરને ધ્યાનમાં રાખીને ફિલ્મની સ્ટોરીમાં પણ ટ્વિસ્ટ લવાયો છે. શાહરૂખના રોલ અંગે કોઈ જાણકારી બહાર આવી નથી. જો કે સરપ્રાઈઝ કેમિયોની ઓફર સાથે ફરહાને શાહરૂખ સાથે મુલાકાત કરી હોવાનું કહેવાય છે. શાહરૂખ હાલ તો 'કિંગ'ના શૂટિંગમાં બિઝી છે, પરંતુ ફરહાન સાથેના ગાઢ સંબંધોને ધ્યાને રાખી શાહરૂખે ઓફર સ્વીકારી હોવાનું કહેવાય છે. કેટલાક લોકોનું માનવું છે કે, રોમાના રોલમાં પ્રિયંકા ચોપરા પણ આવી શકે છે. 'ડોન ૩'માં શાહરૂખની જેમ પ્રિયંકાને પણ કેમિયો ઓફર થયો છે. પ્રિયંકા તરફથી આવેલા જવાબ અંગે કોઈ માહિતી મળી શકી નથી.

**'ડોન ૩'માં શાહરૂખની જગ્યાએ રણવીર સિંહની પસંદગી થઈ છે, પરંતુ ઓડિયન્સને સરપ્રાઈઝ આપવા ડાયરેક્ટર ફરહાન અખ્તરને શાહરૂખની જરૂર છે**

### રણવીર સિંહની આગામી ફિલ્મ 'ધુરંધર'નો ફર્સ્ટ લૂક જાહેર

# 'ધુરંધર' એજ ગેપ : ૪૦ વર્ષનો રણવીર સિંહ અને ૨૦ વર્ષની સારા



રણવીર સિંહની આગામી ફિલ્મ 'ધુરંધર'નો ફર્સ્ટ લૂક જાહેર થયા પછી ફિલ્મની લીડ એક્ટ્રેસ સારા અર્જુન ટ્રેન્ડમાં આવી છે. સારાની ઉંમર ૨૦ વર્ષની છે, જ્યારે રણવીર ૪૦ વર્ષનો છે. ફિલ્મની પહેલી ઝલકને ઓડિયન્સે વખાણી છે, પરંતુ આટલો મોટો એજ ગેપ ચર્ચાનું કારણ બન્યો છે. સોશિયલ મીડિયા પર આ અંગે સંખ્યાબંધ મીમ પણ બની રહી છે.

એજ ગેપ બાબતે ફિલ્મના મેકર્સ અથવા રણવીર તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નથી. 'ધુરંધર'માં રણવીર સિંહનો આક્રમક અંદાજ ઓડિયન્સને પસંદ આવ્યો છે. ફિલ્મના પ્રોમોમાં રણવીરની સાથે સારા અર્જુન પણ જોવા મળે છે. આમ તો સારા અર્જુને તમિલ ફિલ્મોમાં ઘણી લોકપ્રિયતા મેળવી છે, પરંતુ 'ધુરંધર'માં તેનું નામ જોડાયા પછી તે દેશભરમાં ટ્રેન્ડ થઈ રહી છે. સારાએ સાઉથની ફિલ્મોમાં ચાઈલ્ડ એક્ટ્રેસ તરીકે શરૂઆત કરી હતી. સારાના પિતા રાજ અર્જુન પણ સાઉથના જાણીતા એક્ટર છે. ૨૦૧૦ના વર્ષમાં એટલે કે માત્ર ૫ વર્ષની ઉંમરે સારાએ ચિયાન વિક્રમની ફિલ્મ 'દૈવા થિરુમગલ'માં કામ કર્યુ છે. સારાએ આ ફિલ્મમાં મેન્ટલી ચેલેન્જ્ડ પિતાની છ વર્ષની દીકરીનો રોલ ર્યો હતો. આ ફિલ્મમાં સારાની એક્ટિંગના ખૂબ વખાણ થયા હતા. ૨૦૧૪માં સારાએ તમિલ ફિલ્મ 'શૈવમ'માં મહત્ત્વનો રોલ કર્યો હતો. ત્યારબાદ સારાએ હિન્દી અને મલયલામ ફિલ્મોમાં પણ કામ કરેલું છે. ૨૦૧૯માં બે હિન્દી ફિલ્મો 'એક લડકી કો દેખા તો ઐસા લગા' અને 'સાંડ કી આંખ'માં સારા જોવા મળી હતી. ૨૦૨૨માં મણિ રત્નમની બિગ બજેટ 'પોન્નિયન સેલ્વન'માં સારાએ નાનપણની ઐશ્વર્યા રાયનો રોલ કર્યો હતો. ત્રણ વર્ષ પહેલાની નાનકડી 'નંદિની' હવે 'ધુરંધર'ની લીડ એક્ટ્રેસ બની છે. ૬ જુલાઈએ રણવીરના જન્મદિવસ નિમિત્તે ફિલ્મનો પ્રોમો શેર થયો હતો અને આ સાથે જ સારા અર્જુન ચર્ચામાં આવી છે. કેટલાકને ૪૦ વર્ષના રણવીર અને ૨૦ વર્ષની સારાના ઓન સ્ક્રિન રોમાન્સમાં કંઈક અજુગતું દેખાઈ રહ્યું છે ત્યારે ફિલ્મની સ્ટોરી પણ ઘણી ચર્ચામાં છે. આ ફિલ્મ ભારતના સુપર સ્પાય અને નેશનલ સિક્યુરિટી એડવાઈઝર અજિત દોવાલના જીવન આધારિત હોવાનું કહેવાય છે. આદિત્ય ધરના ડિરેક્શનમાં બની રહેલી આ ફિલ્મમાં સંજય દત્ત, માધવન, અક્ષય ખન્ના અને અર્જુન રામપાલ પણ મહત્ત્વના રોલમાં છે. ફિલ્મને ૫ ડિસેમ્બરે રિલીઝ કરવાનું આયોજન છે ત્યારે બોક્સઓફિસ પર તેની સીધી ટક્કર પ્રભાસની 'રાજા સાબ' સાથે થવાની છે.

**'ધુરંધર'ની લીડ એક્ટ્રેસ સારા અર્જુને 'પોન્નિયન સેલ્વન'માં ઐશ્વર્યા રાયનો નાનપણનો રોલ કર્યો હતો**

### આ ફિલ્મે ૧૭ દિવસમાં ૧૪૮.૭ કરોડ રૂપિયાની કમાણી કરી છે

# ૩ ઈડિયટ્સ'નો રેકોર્ડ તોડવાની નજીક પહોચી ગઈ સિતારે જમીન પર




આમિર ખાનની 'સિતારે જમીન પર' બોક્સ ઓફિસ પર ૧૮ દિવસ વિતાવ્યા છતાં સારી કમાણી કરી રહી છે. શાનદાર કન્ટેન્ટ અને મૌખિક રીતે સકારાત્મક પ્રચાર હજુ પણ તેને દર્શકોમાં પ્રિય રાખે છે.આ ફિલ્મ આજે એક ખાસ સ્થાન બનાવવાની નજીક છે. આ પહેલા, આમિર ખાનની ફક્ત ૪ ફિલ્મો જ આવું કરી શકી હતી. હવે 'સિતારે જમીન પર' આ યાદીમાં પાંચમું સ્થાન મેળવવા જઈ રહી છે.સુત્રો અનુસાર, આમિર ખાન અને જેનેલિયા દેશમુખની આ ફિલ્મે ૧૭ દિવસમાં ૧૪૮.૭ કરોડ રૂપિયાની કમાણી કરી છે. આજે સવારે ૧૦:૦૫ વાગ્યા સુધીમાં, ફિલ્મે ૧.૧૧ કરોડ રૂપિયાની કમાણી કરીને ૧૪૯.૮૧ કરોડ રૂપિયાની કમાણી કરી છે. કૃપા કરીને નોંધ લો કે સેકક્લિક પર ઉપલબ્ધ આ આંકડા અંતિમ નથી. તેમાં ફેરફાર થઈ શકે છે.'સિતાર જમીન પર' આમિર ખાનની કારકિર્દીની પાંચમી ફિલ્મ બનવા જઈ રહી છે જેણે ઘરેલુ બોક્સ ઓફિસ પર ૧૫૦ કરોડ રૂપિયાનો આંકડો પાર કર્યો છે. આ પહેલા, આ યાદીમાં નંબર વનથી નંબર ૪ પર 'દંગલ' (૩૭૪.૪૩ કરોડ), પીકે (૩૪૦.૮ કરોડ), ધૂમ ૩ (૨૭૧.૦૭ કરોડ) અને ૩ ઈડિયટ્સ (૨૦૨.૪૭ કરોડ) હતા.સિતારે જમીન પર થોડા દિવસો પહેલા ઠગ્સ ઓફ હિન્દુસ્તાન (૧૪૫.૫૫ કરોડ) ને પાછળ છોડી દીધી છે. હવે જો આ ફિલ્મ થોડા વધુ દિવસો ટકી રહે છે, તો તે લગભગ ૫૨ કરોડ વધુ કમાણી કરી શકે છે અને ૩ ઈડિયટ્સનો રેકોર્ડ તોડી શકે છે. જોકે, આવું થાય છે કે નહીં, તે ભવિષ્ય જ કહેશે.

# ૩૨ વર્ષીય પાકિસ્તાની અભિનેત્રીની લાશ ૨ સપ્તાહ સુધી ઘરમાં જ સડતી રહી

પાકિસ્તાની મનોરંજન ઉદ્યોગમાંથી એક ચોંકાવનારા સમાચાર આવ્યા છે. અભિનેત્રી હુમૈરા અસગર અલી તેના એપાર્ટમેન્ટમાં મૃત હાલતમાં મળી આવી છે. હુમૈરા ૩૨ વર્ષની હતી. તે કરાચીમાં ડિફેન્સ હાઉસિંગ ઓથોરિટીના એક એપાર્ટમેન્ટમાં રહેતી હતી, જ્યાં તેનો મૃતદેહ મળી આવ્યો હતો. એવું માનવામાં આવે છે કે અભિનેત્રીનું મૃત્યુ ૨ અઠવાડિયા પહેલા થયું હતું, પરંતુ કોઈને તેના વિશે ખબર પડી ન હતી.હુમૈરા અસગર અલી પાકિસ્તાની મનોરંજન ઉદ્યોગમાં એક જાણીતું નામ હતું. તેણે નાની ઉંમરે પોતાની ઓળખ બનાવી હતી. દક્ષિણ ડીઆઈજી સૈયદ અસદ રઝાએ જણાવ્યું હતું કે 'અલીનો મૃતદેહ ફેઝ-વીઆઈ માં ઈત્તેહાદ કોમર્શિયલના એક ફ્લેટમાંથી મળી આવ્યો હતો. તેનો મૃતદેહ સડેલી હાલતમાં જોવા મળ્યો હતો.' તેમણે એમ પણ કહ્યું કે 'તેનું મૃત્યુ બે અઠવાડિયા પહેલા થયું હતું, પરંતુ નજીકમાં રહેતા લોકોએ તેના પર ધ્યાન આપ્યું ન હતું.ડીઆઈજીએ કહ્યું કે 'સ્થાનિક કોર્ટના આદેશ પર ગિઝરી પોલીસ એપાર્ટમેન્ટ ખાલી કરવા માટે સ્થળ પર પહોંચી હતી. જ્યારે પોલીસે બપોરે ૩:૧૫ વાગ્યે દરવાજો ખખડાવ્યો, ત્યારે કોઈએ જવાબ આપ્યો નહીં. ત્યારબાદ પોલીસ તાળું તોડીને એપાર્ટમેન્ટની અંદર પહોંચી, જ્યાં તેનો મૃતદેહ પડેલો મળી આવ્યો. પુરાવા એકત્રિત કરવા માટે પોલીસના ક્રાઈમ સીન યુનિટને સ્થળ પર બોલાવવામાં આવ્યું હતું.

### ૨ ઓક્ટોબરે અજયની ફિલ્મનું શૂંટિંગ શરૂ થશે

# અજય દેવગન સાથે 'દૃશ્યમ ૩'માં અક્ષય ખન્ના અને તબ્બુ પણ જોડાયાં



અજય દેવગનની ફિલ્મ 'દશ્યમ ૩'નું ત્રીજું પ્રકરણ શરૂ થવા જઈ રહ્યું છે. આ ફિલ્મના પહેલા ભાગમાં ૨ ઓક્ટોબરની તારીખ ઘણી મહત્વની હતી, તે આ ફ્રેન્ચાઈઝીના દર્શકો જાણે જ છે. તેથી આ મહત્વની તારીખે જ હવે તેના ત્રીજા પ્રકરણનું શૂટિંગ શરૂ થશે. મહત્વની વાત એ પણ છે કે મોહનલાલની મલયાલમ ફિલ્મ અને અજય દેવગનની હિન્દી ફિલ્મનું શૂટિંગ એકસાથે જ ચાલશે. હિન્દી વર્ઝન આ વખતે પણ અભિષેક પાઠક જ ડિરેક્ટ કરશે. ડિરેક્ટરની સાથે કાસ્ટમાં પણ કોણ કોણ હશે, એ પણ હવે નક્કી થઈ ગયું છે.નવા અહેવાલોને આધારે હવે તબુ અને અક્ષય ખન્ના, જેઓ પહેલાં બે ભાગમાં પોલિસ ઓફિસર્સના રોલમાં હતાં, તેઓ ફરી ત્રીજા ભાગમાં પણ આ રોલમાં જોવા મળશે. અભિષેક પાઠક તાજેતરમાં જ આ રોલ માટે તબુ અને અક્ષય ખન્નાને પણ મળ્યા હતા અને તેમની સાથે આ ફિલ્મનાં આઈડિયા અને સ્ક્રિપ્ટ અંગે ચર્ચા કરી હતી. બંને કલાકારોને ફિલ્મનો સ્ક્રિનપ્લે ખૂબ ગમ્યો છે અને તેઓ તરત જ આ ફિલ્મ માટે રાજી થઈ ગયાં છે. ટૂંક સમયમાં જ આ ફિલ્મની સ્ક્રિપ્ટ ફાઈનલ કરવાનું કામ શરૂ થઈ જશે. આ અહેવાલો તરફથી માહિતી મળે છે કે હવે 'દૃશ્યમ ૩' સાથે આ ફ્રેન્ચાઈઝીનો અંત આવી જશે. તેથી ફિલ્મના ત્રણેય મુખ્ય પાત્રો આ ફિલ્મમાં કેન્દ્રમાં હશે – અજય દેવગન, અક્ષય ખન્ના અને તબુ. જ્યાંથી બીજી ફિલ્મનો અંત આવ્યો હતો, ત્યાંથી જ તરત ત્રીજી ફિલ્મની વાર્તા શરૂ થશે. જેમાં હવે એક દૃઢનિશ્ચયી પોલિસ ઓફિસર અને પોતાના પરિવારને બચાવવા માગતા એક માણસનો સીધો આમનો-સામનો જોવા મળશે. શ્રિયા સરન પણ આ ફિલ્મમાં અજયની પત્નીના રોલમાં ફરી એક વખત જોવા મળશે.૨ ઓક્ટોબરથી ફિલ્મનું કામ શરૂ થઈ રહ્યું છે, એક જ શિડ્યુલમાં ફિલ્મનું શૂટિંગ પૂરું થઈ જશે. સુત્રએ આગળ જણાવ્યું કે મહત્વના પાત્રો માટેનું કાસ્ટિંગ હાલ થઈ રહ્યું છે, પરંતુ વિજય સલગાંવકરના પરિવારની આ છેલ્લી સફર હશે, તેવી શક્યતા સૌથી વધુ છે. અજય દેવગન હાલ 'ધમાલ ૪' અને 'રેન્જર'ને જ પ્રાથમિકતા આપવા માગે છે, પછી તે 'દૃશ્યમ ૩'નું કામ શરૂ કરશે. તેના પછી તે 'ગોલમાલ ૫'નું કામ શરૂ કરશે. ત્યાર બાદ 'શૈતાન રિટર્ન્સ' કરશે, આમ અજય આવનારા વર્ષમાં પણ સતત વ્યસ્ત રહેવાનો છે.

**અક્ષય કુમારે પરેશ રાવલ ૨૫ કરોડ રૂપિયાની કાનૂની નોટિસ મોકલી છે**



# સૈયામીએ બીજી વખત આયર્નમેન ૭૦.૩ ટ્રાયથ્લોન રેસ પૂરી કરી


એક્ટ્રેસ અને સ્પોર્ટ્સમાં ઊંડો રસ ધરાવતી સૈયામી ખેરે સફળતાપૂર્વક એક વર્ષમાં બીજી વખત આયર્નમેન ૭૦.૩ ટ્રાયથ્લોન રેસ પૂરી કરી છે, આ રેસ ૬ જુલાઈએ યોનકોપિંગ, સ્વીડન ખાતે યોજાઈ હતી. આ સિદ્ધિ સાથે સૈયામી એવી પહેલી એક્ટ્રેસ બની ગઈ છે, જેણે એક વર્ષની અંદર બીજી વખત આ રેસ પૂરી કરી છે. આ એક એવી પડકારજનક અને અઘરી રેસ છે, જેમાં ૧.૯ કિમી. તરવાનું હોય છે, ૯૦ કિમી. સાઈકલ ચલાવવાની હોય છે અને ૨૧.૧ કિમી. હાફ મેરેથોન દોડવાની હોય છે, આ બધું જ ખેલાડીઓએ એક જ દિવસમાં પૂરું કરવાનું હોય છે. સૈયામીએ પોતાની પહેલી રેસ સપ્ટેમ્બર ૨૦૨૪માં પૂરી કરી હતી, જે વખતે તેણે પહેલી વખત આ રેસમાં ભાગ લીધો હતો. હવે તેણે બીજી વખત સ્વીડનમાં ભાગ લીધો ત્યારે તે પહેલાં કરતાં પણ વધુ પડકારજનક રેસ હતી કારણ કે આમાં ઠંડુ પાણી, સીધું ચઢાણ અને ભારે પવન પણ સામેલ હતો. સૈયામી આ પડકારજનક રેસ પણ અગાઉ કરતાં ૩૨ મિનિટ વહેલી પૂરી કરી દીધી હતી. સૈયામીએ સફળતા અંગે પોસ્ટ કરતાં કહ્યું, ''લોકો મને ઘણી વખત પુછે છે કે હું મારી જાતને આવો ત્રાસ કેમ આપું છું. હકિકત એવી છે કે આવું કરીને હું દુનિયા સામે કંઈ જ સાબિત કરવા માગતી નથી. મને ક્યારેય બહારના લોકોનાં પ્રમાણની જરૂર પડી નથી. મારા માટે રમત-ગમતમાં જોડાવું એ અતિ અંગત બાબત છે – આ મારી પોતાની શંકાઓ સામેની રેસ છે. આ વર્ષે મારું લક્ષ્ય ગયા વર્ષ કરતાં સારું બનવાનું હતું. મેં બસ એવું જ કર્યુ.''સૈયામીએ આગળ લખ્યું, ''એક સ્ત્રી તરીકે, ખાસ તો પિરીયડ્ઝની પીડા સાથે આ પ્રકારના શારિરીક પડકારોનો સામનો કરવો એ ઘણી વધુ પીડાદાયક બાબત હોય છે, પરંતુ એ ફરી યાદ અપાવે છે કે મુદ્દાઓ કરતાં મનની શક્તિ મહત્વની હોય છે. તેમાં એક વિચિત્ર, શાંત ગૌરવ સમાયેલું હોય છે, આવું કશુંક અશક્ય લાગતું કામ તમે પૂરું કર્યું.

### કુલી ૧૪ ઓગસ્ટના રોજ રિલીઝ થશે

# નાગાર્જુને રજનીકાંતની ફિલ્મ કુલીમાં આમિરની ભૂમિકાની કુંડલી ખોલી



લોકેશ કનાગરાજની ફિલ્મ કુલી કે જે જાણીતા સુપર સ્ટાર રજનીકાંત બનાવી રહ્યા છે તે આ વર્ષની સૌથી વધુ રાહ જોવાતી ફિલ્મોમાંની એક છે. એક મુલાકાતમાં, નાગાર્જુને ફિલ્મમાં તેમની અને આમિર ખાનની ભૂમિકાઓ વિશે મુખ્ય સ્પોઈલર્સ આપ્યા, જેમાં એવી નવી વિગતો જાહેર કરી જેના વિશે દર્શકો જાણતા ન હતા.તાજેતરમાં, 'કુલી'ના નિર્માતાઓએ પુષ્ટિ આપી હતી કે આમિર ફિલ્મમાં દહાનું પાત્ર ભજવશે, જેમાં તે વેસ્ટ અને જીન્સ પહેરીને પાઈપ પીતો હોય તેવો એક મોનોક્રોમ ફોટો શેર કરવામાં આવ્યો હતો. નાગાર્જુને ખુલાસો કર્યો કે આમિર અને મારા સાથે કોઈ દ્રશ્યો નથી. ફિલ્મમાં અમારી પાસે બે અલગ અલગ પ્રકરણો છે. પરંતુ મેં પછી તેનું કામ જોયું; તેનો અભિનય શાનદાર છે. તમે એક નવો આમિર જોશો અને ચોંકી જશો.વધુમાં, નાગાર્જુને એ પણ ખુલાસો કર્યો કે તે 'કુલી'માં મુખ્ય વિરોધી, સિમોન, ની ભૂમિકા ભજવે છે અને ફિલ્મમાં રજનીકાંતનો સામનો કરશે. ''આ એક મજેદાર અનુભવ હતો કારણ કે તે અત્યાર સુધી મેં જે કર્યુ છે તેનાથી તે કેટલું અલગ છે. મુખ્ય વિરોધી હોવાને કારણે, મેં રજની સર સાથે ઘણા દ્રશ્યો કર્યા હતા. તે મારી વિરુદ્ધ છે!'' અભિનેતાએ કહ્યું. જો કે તેમણે ફિલ્મની વાર્તા વિશે કંઈપણ જાહેર કરવાનું ટાળ્યું, જે સોનાની દાણચોરીની આસપાસ ફરે છે.કુલીનું દિગ્દર્શન લોકેશ કનાગરાજ દ્વારા કરવામાં આવ્યું છે અને કલાનિધિ મારનના સન પિક્ચર્સ દ્વારા નિર્મિત છે. આ ફિલ્મ ૧૪ ઓગસ્ટના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે અને બોક્સ ઓફિસ પર અયાન મુખર્જીની ઋતિક રોશન અને જુનિયર એનટીઆર-અભિનીત ફિલ્મ વોર ૨ સામે ટકરાશે.



### વિધાર્થીઓ અને શિક્ષકો દ્વારા ગુરુનુ જીવનમાં મહત્વ શુ છે તે બતાવવામાં આવ્યુ

# ઝાલોદ બી.એમ. હાઈસ્કૂલ ખાતે ગુરુ પૂર્ણિમાના પર્વની ઉજવણી કરવામાં આવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૦ ।

આજરોજ ૧૦-૦૭-૨૦૨૫ ગુરુવારના રોજ બી.એમ.હાઈસ્કૂલના પ્રાંગણમાં કેળવણી મંડળના પ્રમુખ અતુલ પટેલ અને ઉપપ્રમુખ હેમલ પંચાલ તેમજ બી.એમ.હાઈસ્કૂલના પ્રિન્સિપાલ યુક્તિ પંચાલની ઉપસ્થિતિમાં શિક્ષકો દ્વારા વિધાર્થીઓના જીવનમાં ગુરૂનું શું મહત્વ છે તે વિશે માર્મિક ખ્યાલ આપવામાં આવેલ હતો. સમગ્ર પ્રોગ્રામનુ સંચાલન વિધાર્થીઓ દ્વારા કરવામાં આવેલ હતું.

સ્કૂલના પ્રાંગણમાં સહુ પ્રથમ પ્રાર્થના ગીત થી ચાલુ કર્યા બાદ પુષ્પગુચ્છ થી મહેમાનોનુ સ્વાગત કરી સરસ્વતી પૂજા કરવામાં આવી હતી તેમજ સ્કૂલના સહુ શિક્ષકોનુ વિધાર્થીઓ દ્વારા પુષ્પ તેમજ કુમકુમ તિલક કરી ગુરુપૂર્ણિમા નિમિતે શિક્ષકોના આશીર્વાદ લીધા હતા. બાળકો દ્વારા ગુરુ વિશે ટૂંકમાં માહિતી આપી એક ગુરુ વિશે સુંદર ભજન સ્ટેજ પર રજૂ કર્યું હતું. ગુરુ વિશે વિદ્યાર્થિની દ્વારા વક્તવ્ય રજૂ કરતા આજના આધુનિક જીવનમાં ગુરુનું માર્મિક મહત્વ સમજાવવામાં આવ્યું હતું તેમજ સારા ગુરુ એ પૃથ્વી પરના ભગવાન છે જે સાચો રસ્તો બતાવી જીવન જીવવાની રાહ બતાવે છે. ગુરુ વિશે વિધાર્થીઓ દ્વારા ભજન, વક્તવ્ય, ગુરૂ ગીત દ્વારા અલગ અલગ રીતે રજૂઆત કરવામાં આવી હતી. સ્કૂલમાં પ્રથમ વખત ગુરુપૂર્ણિમા ઉત્સવને લઈ વિધાર્થીઓમા અનેરો ઉત્સાહ અને ઉમંગ જોવા મળેલ હતો. આ વખતે યોજાયેલ ગુરુપૂર્ણિમા ઉત્સવ હાઈસ્કૂલના ચૂંટાયેલ વિદ્યાર્થી સાંસદ દ્વારા કરવામાં આવેલ હતો આ સમગ્ર કાર્યક્રમમા શિક્ષકોના પૂર્ણ સહયોગ થકી ગુરુ પૂર્ણિમાનો ઉત્સવ ખૂબ જ સુંદર રીતે યોજવામાં આવેલ હતો. છેલ્લે શિક્ષકોના સુંદર માર્ગદર્શન હેઠળ આ ઉત્સવ પૂર્ણ કરવામાં આવેલ હતો.

# લીમપુર ગામે બહેનો દ્વારા બ્રાહ્મણ પૂજન



તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

। (પ્રતિનિધી) દિવડા કોલોની, તા.૧૦ ।

કડાણા તાલુકાના લીમપુર ગામે આજરોજ જયા પાર્વતી વ્રત કરનાર બહેનો દ્વારા હરસિધ્ધેશ્વર મહાદેવના મંદિરે પૂજન નો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જેમાં બહેનો દ્વારા ભૂદેવ શ્રી ને કુમકુમ તિલક અક્ષત પુષ્પ કરી આજના દિવસે આશીર્વાદ મેળવવામાં આવ્યા હતા. ગુરૂવાર અને પૂર્ણિમાના પાવન સમન્વય પર જીવનમાં પ્રગતિ સાધી વિદ્યાભ્યાસમાં તેજસ્વી અને નીડર બનવાની શિખ આપવામાં આવી હતી. આજના દિવસે ગુરુ અને સૂર્યનો ફરક બસ એટલો જ કે સૂર્ય બહારથી પ્રકાશ આપે છે અને ગુરુ ભીતરથી.

### શ્રાવણ મહિનામાં ઘેર બેઠા સ્પીડ પોસ્ટથી મેળવો

# શ્રી સોમનાથ અને કાશી વિશ્વનાથ મંદિરોનો પ્રસાદ : પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

### સોમનાથ માટે રૂપિયા ૨૭૦ અને કાશી વિશ્વનાથ માટે રૂપિયા ૨૫૧ નો ઈ-મનીઓર્ડર મોકલવો પડશે : પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવ





। અમદાવાદ, તા.૧૦ ।

ભગવાન શિવને સમર્પિત પવિત્ર શ્રાવણ મહિનો થોડાં જ દિવસોમાં શરૂ થવાનો છે. દરેક ભક્તની ઈચ્છા હોય છે કે તેઓ ભગવાન શિવના જ્યોતિર્લિંગ સ્વરૂપના દર્શન અને આશીર્વાદ રૂપ પ્રસાદની પ્રાપ્તિ કરે. હવે આવા ભક્તોને નિરાશ થવાની જરૂર નથી. ભારતીય ડાક વિભાગની સ્પીડ પોસ્ટ સેવા દ્વારા લોકો દેશના કોઈ પણ ખૂણામાં ઘરે બેઠા પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ (ગુજરાત) અને શ્રી કાશી વિશ્વનાથ (વારાણસી) મંદિરનો પ્રસાદ મંગાવી શકે છે. શ્રાવણ મહિનામાં ડાક વિભાગ દ્વારા આ માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. ઉપરોક્ત માહિતી ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્ર અને કચ્છ પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ દ્વારા આપવામાં આવી.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવએ જણાવ્યું કે શ્રી સોમનાથ ટ્રસ્ટ અને ભારતીય ડાક વિભાગ વચ્ચે થયેલા એક કરાર અંતર્ગત કોઈપણ શ્રદ્ધાળુ ''મેનેજર, શ્રી સોમનાથ ટ્રસ્ટ, પ્રભાસ પાટણ, જિલ્લો – જૂનાગઢ, ગુજરાત – ૩૬૨૨૬૮'' ને રૂા. ૨૭૦ નો ઈ-મનીઓર્ડર મોકલીને સ્પીડ



પોસ્ટ દ્વારા પ્રસાદ મંગાવી શકે છે. આ ઈ-મનીઓર્ડર પર 'પ્રસાદ માટે બુકિંગ' નો ઉલ્લેખ કરવાનો રહેશે. ત્યારબાદ શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા સંબંધિત શ્રદ્ધાળુને ૪૦૦ ગ્રામનું પ્રસાદ પેકેટ સ્પીડ પોસ્ટથી મોકલવામાં આવશે. આ પ્રસાદમાં ૨૦૦ ગ્રામના બેસનના લાડૂ, ૧૦૦ ગ્રામ તલની ચિક્કી અને ૧૦૦ ગ્રામ માવાની ચિક્કી સમાવેશ થાય છે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવએ જણાવ્યું કે આદિ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથની જેમ જ, વારાણસી સ્થિત શ્રી કાશી વિશ્વનાથ મંદિર ટ્રસ્ટ અને ભારતીય ડાક વિભાગ વચ્ચે થયેલા કરાર હેઠળ દેશના કોઈપણ ખૂણે રહેલા શ્રદ્ધાળુ માત્ર રૂા.૨૫૧ નો ઈ-મનીઓર્ડર પોતાના નજીકના ડાકઘરથી ''પ્રવર અધિક્ષક ડાકઘર, વારાણસી (પૂર્વ) મંડળ – ૨૨૧૦૦૧''ના નામે મોકલીને સ્પીડ પોસ્ટ દ્વારા શ્રી કાશી વિશ્વનાથનો પ્રસાદ મંગાવી શકે છે. ઈ-મનીઓર્ડર પ્રાપ્ત થતા જ ડાક વિભાગ દ્વારા આપેલા સરનામા પર તરત જ સ્પીડ પોસ્ટ મારફતે પ્રસાદ મોકલી દેવામાં આવશે. શ્રી કૃષ્ણ કુમાર યાદવએ જણાવ્યું કે આ પ્રસાદમાં શ્રી કાશી વિશ્વનાથ જ્યોતિર્લિંગની છબી, મહામૃત્યુન્જય યંત્ર, શ્રી શિવ ચાલીસા, ૧૦૮ દાણા રુદ્રાક્ષની માળા, બેલપત્ર, માતા અન્નપૂર્ણા પાસેથી ભિક્ષા લેતા ભગવાન શિવની છબીવાળો સિક્કો, ભભૂતિ, રક્ષા સૂત્ર, રુદ્રાક્ષ મણકો, મેવો, મિશ્રીના પેકેટ વગેરે સામેલ છે. સૂકા સ્વરૂપમાં હોવાના કારણે આ પ્રસાદ લાંબા સમય સુધી સાચવી શકાય એવો છે.

તેમણે જણાવ્યું કે, ડાક વિભાગે ભક્તોને તેમના મોબાઈલ નંબર પર એસએમએસ મારફતે સ્પીડ પોસ્ટની વિગતો મળી રહે તે માટે પણ વ્યવસ્થા કરી છે. આ માટે ભક્તોએ ઈ-મનીઓર્ડરમાં પોતાનું પૂરું સરનામું, પિન કોડ અને મોબાઈલ નંબર લખવો ફરજિયાત રહેશે.

# અંધજન મંડળ, અમદાવાદ દ્વારા સામુદાયિક નેત્રરોગ ચિકિત્સા પર રાષ્ટ્રીય પરિષદનું આયોજન કરાયું

। (માહિતી) અમદાવાદ, તા.૧૦ ।

અંધજન મંડળ, અમદાવાદ દ્વારા તારીખ ૧૧ થી ૧૩ જુલાઈ દરમિયાન સામુદાયિક નેત્રરોગ ચિકિત્સા પર રાષ્ટ્રીય પરિષદનું આયોજન કરવામાં આવ્યું છે.

'વિઝન ૨૦૨૦: ધ રાઈટ ટુ સાઈટ-ઈન્ડીયા' થીમ સાથે યોજાનાર ત્રિદિવસીય કોન્ફરન્સના ૧૯માં સંસ્કરણમાં દેશભરમાંથી ૭૦૦ જેટલા નેત્રરોગ વ્યાવસાયિકો સહભાગી થશે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યમાં પ્રથમ વખત યોજાનારા આ પ્રકારની રાષ્ટ્રીય પરિષદ નેશનલ લેવલે અંધત્વ નિવારણ અને ઉપચારની ઝુંબેશને પ્રોત્સાહન આપવામાં મહત્વની સાબિત થશે.

આ પરિષદનું ઉદ્ઘાટન ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સંયુક્ત સચિવ શ્રી વિજય નેહરા દ્વારા કરવામાં આવશે. શ્રી નેહરા ભારતના અગ્રણી નેત્રરોગ ચિકિત્સકો સાથે એક બેઠક પણ યોજશે, જેમાં રાષ્ટ્રીય અંધત્વ નિયંત્રણ કાર્યક્રમની સમીક્ષા કરવામાં આવશે. વિકસિત ભારત ૨૦૨૪૭ના નિર્માણના સંકલ્પને સાકાર કરવાની દિશામાં નેત્ર ચિકિત્સા અને દ્રષ્ટિ આરોગ્યની દરકાર થકી વિકસિત સમાજના નિર્માણમાં આ પરિષદ મહત્વનો ભાગ ભજવશે. આ પરિષદમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય દ્વર્ય, સરકારી સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, નેત્ર ચિકિત્સકો, ઓપ્ટોમેટ્રિસ્ટ્સ અને પ્રોગ્રામ મેનેજર્સ ભાગ લેશે. પરિષદમાં જ્ઞાન-આદાન-પ્રદાન સત્રો, નીતિ સંવાદો સહિત આંખના સ્વાસ્થ્ય ઈકોસિસ્ટમને મજબૂત બનાવવાના હેતુસર વિવિધ વ્યૂહાત્મક ચર્ચાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પરિષદમાં સ્થાનિક રાજકીય, સામાજિક, શૈક્ષણિક આગેવાનો અને મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હોટ મિક્સ પ્લાન્ટમાંથી ડામરનો ઉપયોગ કરી ક્ષતિગ્રસ્ત માર્ગોના સમારકામની કામગીરી પૂરજોશમાં

### ક્ષતિગ્રસ્ત માર્ગોના સમારકામની કામગીરીમાં ૩૮૫૩.૬૨ હોટ મિક્સ, ૧૩૭૮૯.૫૯ મેટ્રિક ટન વેટ મિક્સ અને ૩૭૦ મેટ્રિક ટન કોલ્ડ મિક્સનો ઉપયોગ થયો







। (માહિતી) અમદાવાદ, તા.૧૦ ।

અમદાવાદ શહેરમાં ભારે વરસાદની સ્થિતિ બાદ શહેરના અનેક રોડ પર પાણી ભરાવાના કારણે રસ્તાઓને થયેલાં ભારે નુકસાનના પગલે અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાની દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીશ્રીઓને યુદ્ધનાં ધોરણે અસરગ્રસ્ત રસ્તાઓના સમારકામના આદેશો આપવામાં આવ્યાં હતા. જે અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રસ્તાઓની મરામતની ઝડપી કામગીરી હાથ ધરવામાં આવી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ક્ષતિગ્રસ્ત થયેલાં રસ્તાઓને રિપેરિંગ, રિસરફેસિંગ, મેટલવર્ક કરી મોટરેબલ કરવાની કામગીરી કરાઇ રહી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હોટ મિક્સ પ્લાન્ટમાંથી ડામરનો ઉપયોગ કરી રોડ રસ્તા સરખા કરવામાં આવી રહ્યા છે.

અમદાવાદ શહેરમાં વરસાદને કારણે માર્ગો ઉપર પડેલા ખાડાઓ દુરસ્ત કરવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. ચોમાસાની શરૂઆત થઈ ત્યારથી અત્યાર સુધીમાં ખાડાઓ પૂરી રોડ દુરસ્ત કરવા માટે ૩૮૫૩.૬૨ હોટ મિક્સ, ૧૩૭૮૯.૫૯ મેટ્રિક ટન વેટ મિક્સ અને ૩૭૦ મેટ્રિક ટન કોલ્ડ મિક્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

અમદાવાદ શહેરમાં ઘાટલોડિયા વોર્ડમાં સર્વોદયનગર સોસાયટી રોડ, બોડકદેવ વોર્ડમાં જજીઝ બંગ્લો રોડ, થલતેજ વોર્ડમાં અક્ષયની બંગલો ચાર રસ્તા થી આનંદ નિકેતન સ્કૂલ રોડ, ચાંદલોડીયા વોર્ડમાં સેવી સ્વરાજ સપોર્ટ કોમ્પ્લેક્ષ પાસે ગોદરેજ ગાર્ડેન રોડ, નરોડા વોર્ડમાં ખારીકટ કેનાલથી સુરેલ બિઝનેસ હૂબ-દેવાશિશ સકાય ફ્લેટ, સરદાર નગર વોર્ડમાં કૈલાશ ઓજસ ફ્લેટ પાસે નાના ચિલોડા, બંસરી સર્કલ થી એસ. બી. ફાર્મ સુધીનો મુખ્ય રોડ નાના ચિલોડા, અમરાઈવાડી રોડ, વાડજ સર્કલ, પાલડી - ફલાવર પાર્ક, અખબાર નગર અંડરપાસ પાસે, પોલિટેક્નિક રોડ, નારણપુરા રેલવે ક્રોસિંગ પાસે, વિજયનગર ક્રોસિંગ પાસે, નવા વાડજ શિપ એવન્યુ રોડ, નવકાર દેરાસર રોડ, સોલા પટેલ ડેરી રોડ, ઠક્કરનગર રોડ, શાહિબાગ, અસારવા, વલ્લભસદન, પાલડી ક્રોસ રોડ, વતન ગલી રોડ અમરાવાડી, વાડિલાલ હાઉસ મીઠાખળી પાસે રોડની મરામતની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આમ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના દ્વારા વરસાદના કારણે માર્ગો પર પડતા ખાડાનું મરામતકામ સત્વરે કરી અને માર્ગો પર વાહનોની અવરજવર સરળતાથી થઈ શકે તે ઉદેશ સાથે આ કામગીરી સત્વરે પૂર્ણ કરવામાં આવી રહી છે.

# બેંક ઓફ બરોડાએ ઘરના લોનના વ્યાજદરો ઘટાડયા, ૭.૪૫% ની મોખરાની દરે લોન અને શૂન્ય પ્રોસેસિંગ ફી-લોન વૃદ્ધિને મળશે પ્રોત્સાહન

। (માહિતી) દાહોદ, તા.૧૦ ।

જૂન મહિનામાં રિપો દરમાં ઘટાડા બાદ બેંકે ઘરના લોનનો વ્યાજ દર ૮.૦૦% થી ઘટાડીને ૭.૫૦ % કર્યો હતો. મુંબઈ, ૪ જુલાઈ ૨૦૨૫ ના રોજ ભારતમાં ટોચની સરકારી બેંકોમાંની એક એવી બેંક ઓફ બરોડા એ ફરીવાર ઘરલોનના વ્યાજ દરો ઘટાડયા છે. આ દર તરત અસરથી લાગુ પડશે અને હવે ઘરલોન માત્ર ૭.૪૫ % વાર્ષિક વ્યાજદર પર મળશે. તેમાં કોઈ પણ પ્રોસેસિંગ ફી લાગુ નહીં પડે. આ પગલાં બેંકની લોન વૃદ્ધિને પ્રોત્સાહન આપવા અને ગ્રાહકો માટે લોનને વધુ સસ્તું બનાવવા પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ તાજેતરના દર ઘટાડી પૂર્વે જૂનમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ નીતિ દરો ઘટાડ્યા બાદ બેંકે ઘરલોનના વ્યાજદરો ૮.૦૦ % થી ઘટાડીને ૭.૫૦ % કર્યા હતા. બેંકના કાર્યપાલક નિદેશકશ્રી સંજય મુદાલિયર જણાવે છે કે, અમે ઘર માલિક બનવાની ઈચ્છાને વધુ હકીકત બનાવવા માટે સતત પ્રયત્નશીલ છીએ.

# ઝાલોદ ખાતે જય દશામાં વિદ્યામંદિર તથા કેસરિયાજી દશામાં કોલેજમાં ગુરૂપૂર્ણિમાની ભક્તિભર્યા માહોલમાં ઉજવણી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૦ ।

આજરોજ ૧૦ જુલાઈ ગુરૂપૂર્ણિમાના પાવન અવસરે *જય દશામાં કેળવણી મંડળ સંચાલિત જય દશામાં વિદ્યામંદિર તેમજ શ્રી કેસરિયાજી દશામાં કોલેજ ઓફ નર્સિંગ ખાતે ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી .

શાળામાં ગુરૂપૂર્ણિમાનો પાવન પર્વ ઉત્સાહપૂર્વક અને ભક્તિભાવથી ઉજવાયો હતો આ ખાસ દિવસે વિદ્યાર્થીઓએ પોતાના શિક્ષકો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી અને ગુરૂઓના માર્ગદર્શન માટે આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમની શરૂઆત ઈશ્વરની આરાધનાથી થઈ. ત્યારબાદ પ્રાર્થના, કાવ્ય, ગુરૂભક્તિ ગીત અને વિધાર્થીઓ ની ગુરુજનો માટે પોતાના ભાવ વ્યકત કર્યા તેમજ વિદ્યાર્થીઓએ પુષ્પગુચ્છ તથા કાર્ડ આપી ગુરૂઓ પ્રત્યે પ્રેમ વ્યક્ત કર્યો. શાળાના પ્રમુખ મુકેશભાઈ ગુરૂ પૂર્ણિમાના મહત્વ પર પ્રકાશ પાડ્યો અને ગુરૂ શિષ્યની પરંપરાનું મહત્વ સમજાવ્યું. શિક્ષકોએ પણ પોતાની વાણી દ્વારા શિષ્યોને પ્રેરણા આપી. આ કાર્યક્રમે વિદ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચેના સંબંધોને વધુ ઘનિષ્ઠ બનાવ્યો અને શાળામાં ભક્તિમય વાતાવરણ સર્જાયું.



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ



# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમે ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. નોકરી માટેના ઈન્ટરવ્યુમાં હાજર થવા અથવા તમારો બાયો-ડૅટા મોકલવા માટે સારો દિવસ.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજે આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. તમારા માતા પિતા આજે તમારી ફિજૂલખર્ચી જોઈ ચિંતિત થયી શકે છે અને તમને તેમના ગુસ્સા નો ભોગ બનવો પડી શકે છે. તમારો થોડો સમય અન્યોને આપવા માટે સારો દિવસ. સફળતા ચોક્કસ જ તમારી છે- જો તમે મહત્વના ફેરફારો એક સમયે એક પગલું લઈને કરશો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના તમારી ખરાબ આદતો તમારી માટે મુશ્કેલીઓ સર્જશે. જીવનસાથી જોડે પૈસા થી સંબંધિત મુદ્દા વિષે દલીલ થયી શકે છે. આજે તમે ફિજૂલખર્ચી વિષે પોતાના જીવન સાથી ને ભાષણ પણ આપી શકો છો. તમારો થોડો સમય અન્યોને આપવા માટે સારો દિવસ. પ્રેમ પ્રકરણમાં તમને ખાટી રીતે લેવામાં આવે એવી સક્યતા છે. તમારા કાર્ય અને પ્રાથમિકતાઓ પર ધ્યાન આપો.

**કર્ક (ડ,હ) :**
આજે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. તમારી માટે પ્રેમ પવનમાં છે. તમારે માત્ર તમારી આસપાસ જોવાની જરૂર છે, બધું જ ગુલાબી દેખાશે. તમને લાભ થવાની શક્યતા છે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસ માં હાલની ઘટનાઓને કારણે તમારૂં મગજ ખલેલ પામ્યું છે. આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ધ્યાન તથા યોગ લાભકારક સાબિત થશે. સમજદારીપૂર્વક સરેલું રોકાણ જ વળતર આપશે-આથી તમે તમારી પરસેવાની કમાણી ક્યાંય રોકો તે પૂર્વે પૂરેપૂરી ખાતરી કરી લેજો. મિત્રો સાથે કશુંક ઉત્સાહજનક અને મનોરંજક કરવાનો દિવસ.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો. તમારા ઉદાર વર્તનનો લાભ તમારા મિત્રોને ન લેવા દો. આજે કામના સ્થળે તમે કશુંક ખરેખર અદભુત કરશો. તમે ભૂતકાળ માં કાર્ય ક્ષેત્ર માં ઘણા કામ અધૂરા છોડી દીધા છે, જેની તમારે આજે ચૂકવણી કરવી પડી શકે છે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે બિનજરૂરી તાણ અને ચિંતા તમારા જીવનનો રસ ચૂસી લઈ તમને શુષ્ક બનાવી શકે છે. તેનાથી મુક્ત થવું જ સારૂં છે અન્યથા આ તાણ તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે મુશ્કેલીઓ પર નિવાસ કરવાની તથા તેને એનેકગણી વધારવાની તમારી ટેવ તમારા તંતુને નબળો પાડી શકે છે. આજે તમે સારૂં એવું ધન કમાશો. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. પ્રિયપાત્ર સાથે કૅન્ડલ લાઈટમાં ભોજન શૅર કરશો. તમે જો ઘણા સમયથી કામના સ્થળે મુશ્કેલી અનુભવતા હશો તો આજનો દિવસ ખરેખર સારો રહેશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે ઘરની બહારની પ્રવૃત્તિઓ આજે થકવનારી તથા તાણયુક્ત હશે. ભૂતકાળના રોકાણમાંથી આવકમાં વધારો જોવાય છે. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. ખોટો સંવાદ અથવા સંદેશ તમારા દિવસને નીરસ બનાવી શકે છે. કોઈ બાબત કે ઘટના બને તેની રાહ ન જોતા-બહાર નીકળો અને નવી તકોને શોધો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે બાળકોની સંગતમાં આશ્વાસન પ્રાપ્ત થશે. માત્ર તમારા પરિવારના જ નહીં પણ અન્યોના સંતાનોમાંની રોગનિવારક શક્તિ તમને આશ્વાસન આપી શકે છે તથા તમારી બેચેનીને શાંત કરી શકે છે. વગર વિચાર્યે પોતાના પૈસા કોઈને પણ ના આપવા જોઈએ નહીંતર આવનારા સમય માં તકલીફ થયી શકે છેતમારા પ્રિયપાત્ર સાથે પિકનિક પર જઈ તમારી અમૂલ્ય ક્ષણોને ફરીથી જીવો.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે વ્યસ્તતા છતાં તમારું સ્વાસ્થ્ય સારૂં રહેશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. એકાએક થયેલો રૉમેન્ટક મેળાપ તમને મૂંઝવી નાખશે. નવી બાબતો શીખવાની અભિરૂચિ નોંધપાત્ર રહેશે. એવા ઉતાવળા નિર્ણય લેતા નહીં.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. માતા અથવા પિતા ની સેહત પર આજ તમારે વધારે ધન ખર્ચ કરવું પડી શકે છે. આનાથી તમારી આર્થિક સ્થિતિ બગડશે પરંતુ સંબંધો માં મજબૂતી આવશે? કલ્પનાઓ કે તરંગ-તુક્કા પાછળ દોડશો નહીં તથા વધુ વાસ્તવવાદી બનવાનો પ્રયાસ કરો-તમારા મિત્રો સાથે વધુ સમય વિતાવો.




રાંચીમાં પૂર્વીય ઝોનલ કાઉન્સિલની ૨૭મી બેઠક દરમિયાન ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેન દ્વારા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનું સન્માન કરવામાં આવ્યું.

### ભારત ડિફેન્સ, સિક્યોરિટી ક્ષેત્રે સહયોગ વધારવા તૈયારઃ PM

# ભારત, આફ્રિકા ભાગીદારી અને સંવાદ આધારિત ભાવિનું નિર્માણ કરેઃ PM મોદી

### ભારતની આફ્રિકામાં વિકાસ ભાગીદારીનું મૂલ્ય ૧૨ અબજ ડોલર જેટલું છે. પરંતુ તેની વાસ્તવિક કિંમત સહિયારો વિકાસ તથા હેતુમાં છે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।**

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાંચ દેશોના પ્રવાસના અંતિમ પડાવમાં બુધવારે આફ્રિકન દેશ નામીબિયા પહોંચ્યા હતા. પીએમ મોદીએ રીપબ્લિક ઓફ નામીબિયાના સંયુક્ત સંસદીય સત્રને સંબોધતા આફ્રિકાને માત્ર કાચા માલના સ્રોત પુરતું સિમિત નહીં રહેતા મૂલ્ય નિર્માણ તથા ટકાઉ વિકાસનું નેતૃત્વ કરવા આહ્વાન કર્યું હતું. પીએમએ જણાવ્યું કે, ભારત વિદેશી બાબતોમાં આફ્રિકાની ભૂમિકાની કદર કરે છે. બંને દેશોએ પ્રભુત્વ અને સત્તાને બદલે ભાગીદારી તેમજ વાટાઘાટ આધારિત ભવિષ્ય નિર્માણની દિશામાં કામ કરવું જોઈએ. પીએમએ નામીબિયાને સૌપ્રથમ



મહિલા રાષ્ટ્રપતિ ચૂંટવા બદલ અભિનંદન આપ્યા હતા. ભારતની આફ્રિકામાં વિકાસ ભાગીદારીનું મૂલ્ય ૧૨ અબજ ડોલર જેટલું છે. પરંતુ તેની વાસ્તવિક કિંમત સહિયારો વિકાસ તથા હેતુમાં છે. ભારત ડિફેન્સ અને સિક્યોરિટી ક્ષેત્રમાં આફ્રિકા સાથે સહયોગ વધારવા તૈયાર હોવાનું પણ વડાપ્રધાને ઉમેર્યું હતું. તેમણે તેમના સંબોધનમાં ભારત અને નામીબિયાના સમૃદ્ધ સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાનો ઉલ્લેખ પણ કર્યો હતો. દ્વિપક્ષીય વેપારનું કદ વધીને ૮૦૦ મિલિયન યુએસ ડોલર થયું છે.ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને બુધવારે નામીબિયાનું સર્વોચ્ચ નાગરિક સન્માન ધ 'ઓર્ડર ઓફ ધ મોસ્ટ એન્શિયન્ટ વેલવિટિશ્યા મિરાબિલિસ' એનાયત કરાયું હતું. નામીબિયાના રાષ્ટ્રપતિ નેતુમ્બો નાંદી-નદૈતવાહે આ સન્માન પીએમ મોદીને એનાયત કર્યું હતું. આ સાથે જ વડાપ્રધાન મોદીએ આંતરરાષ્ટ્રીય સ્તરે ૨૭મું સન્માન મેળવ્યું હતું. આ એવોર્ડનું નામ સ્થાનિક છોડ પરથી રખાયું છે. પીએમ મોદીએ જણાવ્યું હતું કે, વેલવિટિશ્યા કોઈ સામાન્ય છોડ નથી, તે ઘરમાં એક વડીલ સમાન છે જેણે ઘણો સમય પસાર થતા જોયો હોય.

### દિલ્હીના રસ્તાઓ બેટમાં ફેરવાઈ ગયા

# ભારતમાં વરસાદી આફતઃ પૂર્વોત્તરમાં પૂર, ઉત્તરાખંડ-હિમાચલમાં ભૂસ્ખલન

### ઝાખીરા અંડરપાસ અને રોડ નંબર ૪૦ પર પાણી ભરાઈ જવાને કારણે દિલ્હી ટ્રાફિક પોલીસે ટ્રાફિક ડાયવર્ટ કર્યો હતો

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।**

દેશભરમાં ચોમાસુ સંપૂર્ણપણે સક્રિય થઈ ગયું છે. એક તરફ લોકોને ગરમીમાંથી રાહત મળી છે, તો બીજી તરફ ભારે વરસાદને કારણે પાણી ભરાઈ જવા, ટ્રાફિક જામ, ભૂસ્ખલન અને પૂર જેવી સમસ્યાઓ સર્જાઈ છે. તેની સૌથી વધુ અસર દિલ્હી-એનસીઆરમાં જોવા મળી રહી છે, જ્યાં થોડા કલાકોના વરસાદથી શહેરના રસ્તાઓ તળાવમાં ફેરવાઈ ગયા હતા. પરિસ્થિતિ એવી હતી કે ઘણાં વિસ્તારોમાં રસ્તાઓ પર વાહનો તરતા જોવા મળ્યા હતા. આ ઉપરાંત, ઉત્તરાખંડ, હિમાચલ, આસામ અને મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં પરિસ્થિતિ ચિંતાજનક છે. અહેવાલો અનુસાર, દિલ્હી અને NCRના ઘણા ભાગોમાં બુધવારે (નવમી જુલાઈ) સાંજે ભારે વરસાદ પડ્યો હતો, જેના કારણે ભારત મંડપમ (પ્રગતિ મેદાન), ઝિલમિલ અંડરપાસ, કૃષ્ણા નગર, ITO, આઉટર રિંગ રોડ, કાલકાજી, આશ્રમ, વઝીરાબાદ, અક્ષરધામ અને મથુરા રોડ જેવા વિસ્તારોમાં ભારે પાણી ભરાઈ ગયા હતા. ઘણી જગ્યાએ રસ્તાઓ બેટમાં ફેરવાઈ ગયા હતા. RTR રોડ અને NH-48 પર ભારે ટ્રાફિક જામ થયો હતો. ઝાખીરા અંડરપાસ અને રોડ નંબર ૪૦ પર પાણી ભરાઈ જવાને કારણે દિલ્હી ટ્રાફિક પોલીસે ટ્રાફિક ડાયવર્ટ કર્યો હતો. ભારે વરસાદ બાદ ઉત્તરાખંડના ચમોલી અને બદ્રીનાથ હાઈવે પર ભૂસ્ખલનની સ્થિતિ યથાવત રહી. ચમોલીમાં વરસાદને કારણે કામેડા નંદપ્રયાગ અને અન્ય સ્લાઈડ ઝોન પર પથ્થરો પડી રહ્યા છે, જેના કારણે મુસાફરોને સલામત સ્થળોએ રોકવામાં આવ્યા છે. જ્યારે રુદ્રપ્રયાગમાં બદ્રીનાથ હાઈવે પર મુસાફરી કરવી મુશ્કેલ બની ગઈ છે. જિલ્લા મુખ્યાલયથી લગભગ સાત કિ.મી. દૂર બદ્રીનાથ હાઈવે પર નારકોટા નજીક ટેકરી પરથી પથ્થરોનો વરસાદ થઈ રહ્યો છે. જેના કારણે હાઈવે પર કલાકો સુધી જામ રહે છે અને ચાર ધામ યાત્રાળુઓ ઉપરાંત, સ્થાનિક લોકોને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદના કારમે પરિસ્થિતિ વધુ ગંભીર બની છે. અત્યાર સુધીમાં ૩૧ પૂર, ૨૨ વાદળ ફાટવાના બનાવો અને ૧૭ ભૂસ્ખલનના બનાવો નોંધાયા છે.

## ન્યૂઝ બ્રિફ

### અમેરિકાના ન્યૂ મેક્સિકોમાં જળપ્રલયમાં ત્રણ લોકોનાં મોત

**। (એજન્સી) સાંતા, તા.૧૦ ।**

દક્ષિણ ન્યૂ મેક્સિકોમાં ચોમાસના વરસાદના કારણે અચાનક આવેલા પૂરમાં ત્રણ લોકોના મોત થયા છે. આ પૂરપ્રકોપ એટલો ભારે હતો કે એક પર્વતીય ગામમાં એક આખું ઘર તણાઈ ગયું હતું. આ સ્થળ ગરમીના સમયમાં લોકપ્રિય વિશ્રામ સ્થળ તરીકે જાણીતું છે. પ્રાથમિક માહિતી મુજબ, મંગળવારે પૂરમાં એક ચાર વર્ષીય બાળકી, એક સાત વર્ષીય બાળક અને એક વયસ્ક વ્યક્તિ તણાઈ ગયો છે.મેયર લિન ક્રોફર્ડે એક નિવદનમાં કહ્યું કે, આ ભયાનક ત્રાસદીમાં પોતાના સ્નેહીજનો ગુમાવનાર પરિવાર માટે અમે સંવેદના વ્યક્ત કરીએ છીએ. અમે દુખમાં પીડિતોના પરિવારો સાથે છીએ. આ પૂરમાં ફસાયેલા ડઝનો લોકોને બચાવી લેવાયા છે. મીડિયા અહેવાલ મુજબ ન્યુ મેક્સિકોના એક પર્વતીય શહેરમાં ભારે વરસાદ પડ્યો અને ત્યાર પછી ભારે પૂર આવ્યું હતું. પૂરનો અંદાજ એના પરથી લગાવી શકાય છે કે રુઈદોસોના પર્વતીય ક્ષેત્રમાં ભારે વરસાદે રિયો રુઈદોસો નદીના જળસ્તર ફક્ત ગણતરીની મિનિટોમાં લગભગ ૨૦ ફૂટ ઉપર લાવી દીધા હતા. ત્યાર પછી અચાનક આવેલા પૂરમાં કેટલાક ઘરો-દુકાનો તણાઈ ગયા હતા. અમેરિકાની રાષ્ટ્રીય હવામાન સેવાએ ન્યૂ મેક્સિકોના દક્ષિણમાં આવેલા એક નાનકડા વિસ્તાર રુઈદોસોમાં અચાનક પૂરને લીધે ઈમરજન્સી જાહેર કરી દીધી છે. રુઈદોસોના મેયર લિન ક્રોફર્ડે કહ્યું કે પૂરમાં તણાઈ ગયેલા કે નુકસાનગ્રસ્ત ઘરોમાં ગેસ લીકેજના અહેવાલ મળ્યા છે. અચાનક આવેલા પૂરમાં કેટલાય લોકો ફસાઈ ગયા છે.

### શુભાંશુ શુક્લાને અંતરિક્ષમાં મગ-મેથી ઉગાડવામાં સફળતા મળી

**। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૦ ।**

ભારતીય અંતરિક્ષયાત્રી શુભાંશુ શુક્લાને સ્પેસમાં મગ અને મેથી ઉગાડવામાં સફળતા મળી છે. ભારતીય ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા એક્સિયમ-૪ મિશન હેઠળ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર ગયા છે. તેઓ ત્યાં ઘણાં એક્સપેરિમેન્ટ્સ કરી રહ્યાં છે. એમાંથી એક એક્સપેરિમેન્ટ ઝીરો ગ્રેવિટીમાં છોડ ઉગાડવાનો હતો. એ એક્સપેરિમેન્ટમાં હવે સફળતા મળી છે અને એને હવે ધરતી પર લાવી એના પર રિસર્ચ કરવામાં આવશે. અંતરિક્ષમાં ખેતી કેવી રીતે કરવી એ અંતરિક્ષયાત્રી માટે સૌથી મોટો વિષય છે. અંતરિક્ષમાં ભોજનની સૌથી વધુ તકલીફ પડે છે. તેમણે પ્રોસેસ્ડ ફૂડ પર આધાર રાખવો પડે છે. ફ્રોઝન ફૂડ પર નિર્ભર રહેવું પડે છે. જો અંતરિક્ષમાં નાના-મોટા બીજને ઉછેરી શકાતો હોય તો એ અંતરિક્ષયાત્રીને ઘણો ફાયદો થઈ શકે છે. તેઓ અંતરિક્ષમાં પણ તાજું ખાવાનું આરોગી શકે છે. આથી આ બીજને જમીન પર લાવ્યા બાદ એમાં શું બદલાવ આવ્યો એના પર રિસર્ચ કરવામાં આવશે. ઝીરો ગ્રેવિટીમાં ઉગાડેલી વસ્તુ ખાવા લાયક છે કે નહીં એ પણ ચેક કરવી જરૂરી છે. છોડ ઉગાડ્યા બાદ શુભાંશુ શુક્લા માઈક્રોગ્રેવિટીમાં માઈક્રોએલ્ગીના ત્રણ જુદા જુદા સ્ટ્રેન્સનું પરીક્ષણ પણ કરશે. માઈક્રોએલ્ગીનો ઉપયોગ ફૂડ, ફ્યુઅલ અને ઑક્સિજન જનરેશનમાં થઈ શકે છે. અંતરિક્ષમાં કઈ ઈજા થઈ હોય તો એ જલદી સારું થઈ શકે એ માટે સ્ટેમ સેલના રિસર્ચનું પણ મિશન છે.



હરિદ્વારમાં ગુરુ પૂર્ણિમા નિમિત્તે મોટી સંખ્યામાં લોકોએ ગંગા નદીમાં પવિત્ર ડૂબકી લગાવી હતી.

### અમેરિકાને આપી ખુલ્લી ધમકી

# ડોનાલ્ડ ટ્રમ્પ પર ગમે ત્યારે થઈ શકે છે ડ્રોનથી હુમલો

### ઈરાનના સુપ્રીમ કમાન્ડર ખામેનીના વરિષ્ઠ સલાહકાર જવાદ લારીજાનીએ ડોનાલ્ડ ટ્રમ્પની હત્યા કરવાની ધમકી આપી છે

**। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૦ ।**



ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લાહ ખામેનીના વરિષ્ઠ સલાહકાર જવાદ લારીજાનીએ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને મારી નાખવાની ધમકી આપી છે. તેમણે કહ્યું કે શક્ય છે કે ટ્રમ્પ તેમના વૈભવી ઘર માર-એ-લાગોમાં સૂર્યસ્નાન કરી રહ્યા હોય અને તેને ગોળી વાગી જાય. ઈરાન ઈન્ટરનેશનલ વેબસાઈટ અનુસાર, તેમણે કહ્યું, "જ્યારે તેઓ તડકામાં પેટના બળે સૂતા હોય છે, ત્યારે એક નાનું ડ્રોન તેમના પર હુમલો કરી શકે છે. તે ખૂબ જ સરળ છે." તમને જણાવી દઈએ કે લારીજાનીને આયાતુલ્લાહ ખામેનીની નજીક માનવામાં આવે છે.

આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે બ્લડ પેક્ટ નામનું એક ઓનલાઈન પ્લેટફોર્મ ઉભરી આવ્યું છે, જે ખામેનીને અપમાનિત કરનારા અને તેમના જીવનને જોખમમાં મૂકનારાઓ સામે બદલો લેવા માટે ભંડોળ એકત્ર કરી રહ્યું છે. વેબસાઈટનો દાવો છે કે અત્યાર સુધીમાં તેણે ઈ૨૭ મિલિયનથી વધુ એકત્ર કર્યા છે અને તેનું લક્ષ્ય ઈ૧૦૦ મિલિયન સુધી પહોંચવાનું છે. વેબસાઈટ પર પ્રકાશિત એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, અલ્લાહના દુશ્મનો અને ખામેનીના જીવનને જોખમમાં મૂકનારાઓને ન્યાય અપાવનારાઓને અમે પુરસ્કાર આપીશું. ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સ સાથે સંકળાયેલી ફાર્સ ન્યૂઝ એજન્સીએ આ ઝુંબેશ શરૂ થવાની પુષ્ટિ કરી છે અને ધાર્મિક જૂથોને પશ્ચિમી દેશોના દૂતાવાસો અને શહેર કેન્દ્રોમાં વિરોધ કરવા અપીલ કરી છે. એવું પણ કહેવામાં આવ્યું હતું કે મોહરેબેહ જેવા ઈસ્લામિક કાયદા ટ્રમ્પ અને ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ પર લાગુ કરવા જોઈએ. ઈરાની કાયદામાં, મોહરેબેહ એટલે કે અલ્લાહ સામે યુદ્ધ એ મૃત્યુદંડની સજાપાત્ર ગંભીર ગુનો છે.

ઈરાનના નવા રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને અમેરિકન પત્રકાર ટકર કાર્લસન સાથે વાત કરતા કહ્યું કે આ ફતવો ન તો સરકારનો છે કે ન તો ખામેનીનો. પરંતુ ખામેનીના નેતૃત્વ હેઠળ સંચાલિત કાયહાન અખબારે આ નિવેદનને નકારી કાઢ્યું અને લખ્યું, આ કોઈ શૈક્ષણિક અભિપ્રાય નથી, પરંતુ ધર્મનું રક્ષણ કરવા માટેનો ધાર્મિક આદેશ છે. અખબારે ચેતવણી આપી હતી કે જો ભવિષ્યમાં કોઈ આવી ચિંગારી સળગાવશે, તો તેના પરિણામો ખતરનાક હશે. લેખના અંતે લખ્યું હતું - ઈસ્લામિક રિપબ્લિક ઈઝરાયલને લોહીમાં ડુબાડી દેશે. ઈરાનના ભૂતપૂર્વ સાંસદ ગુલામાલી જાફરઝાદેહ ઈમેનાબાદીએ કૈહાનના વલણની ટીકા કરી અને કહ્યું, મને નથી લાગતું કે કૈહાનના સંપાદક શરિયાતમદારી ઈરાની છે. ટ્રમ્પને મારી નાખવાની વાત કરવાથી ઈરાની લોકો પર દબાણ વધશે. આના જવાબમાં કૈહાને લખ્યું - આજે, ટ્રમ્પ પાસેથી બદલો લેવો એક રાષ્ટ્રીય માંગ બની ગઈ છે. ઈમેનાબાદીના નિવેદનો ઈરાની મૂલ્યો સાથે મેળ ખાતા નથી. ડોનાલ્ડ ટ્રમ્પ ૨૦૨૦ માં ઈરાકમાં ઈરાની જનરલ કાસિમ સુલેમાનીની હત્યાનો આદેશ આપ્યા પછી સતત ઈરાની હુમલાઓના નિશાના પર છે.

## અશ્વિની વૈષ્ણવે કરી રેલવે સેફ્ટીની સમીક્ષા

### બધા લેવલ ક્રોસિંગ ગેટ પર લગાવવામાં આવશે સીસીટીવી કેમેરા અને વોઇસ રેકોર્ડર

**। નવી દિલ્હી, તા.૧૦ ।**

પિતાના અવસાનના એક દિવસ પછી અંતિમ સંસ્કારની વ્યસ્તતા વચ્ચે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે ૦૯ જુલાઈ, ૨૦૨૫ ના રોજ રેલવેની મહત્વપૂર્ણ સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી. આ દરમિયાન, તેમણે રેલવે અધિકારીઓને કડક સૂચનાઓ પણ આપી. રેલ મંત્રીએ રેલવે બોર્ડના અધ્યક્ષ અને અન્ય ઉચ્ચ અધિકારીઓ સાથેની સમીક્ષામાં 'લેવલ ક્રોસિંગ ગેટ સુરક્ષા' વિષય પર ઊંડાણપૂર્વક ચર્ચા કરી અને આ સંદર્ભમાં ૧૧ મહત્વપૂર્ણ નિર્ણયો લીધા.

અશ્વિની વૈષ્ણવે તમામ લેવલ ક્રોસિંગ (LC) ગેટ પર ઝઝ્રફ કેમેરા અને રેકોર્ડિંગ સિસ્ટમ લગાવવાનો નિર્દેશ આપ્યો. આ સાથે તેમણે કહ્યું કે વીજ પુરવઠાની વ્યવસ્થા સોલાર પેનલ, બેટરી બેકઅપ, UPS વગેરે સુનિશ્ચિત કરવામાં આવે અને આ કાર્ય મિશન મોડમાં પૂર્ણ કરવામાં આવે. આ માટે, રેલવે પીએસયુ ઈન્ટરલોકિંગ કામો અને બાંધકામના કામો માં કરવામાં આવશે. રેલવે મંત્રીએ કહ્યું કે ટીવીયુ (TVU)ની મર્યાદા ઘટાડવામાં આવી છે. હવે ઈન્ટરલોકિંગ ફક્ત ૧૦,૦૦૦ ટીવીયુ પર જ શરૂ કરવામાં આવશે. પહેલા આ મર્યાદા ૨૦,૦૦૦ હતી. ૧૦,૦૦૦ TVU થી વધુ ધરાવતા તમામ ગેટો પર રોડ ઓવરબ્રિજ, અને અંડરબ્રિજ અને મર્યાદિત ઊંચાઈવાળી સબવે યોજનાઓને ભિન્ન થઈને પણ ઈન્ટરલોકિંગ ફરજિયાત રહેશે. વધુમાં, નોન-ઈન્ટરલોક ગેટ પર દરરોજ બે રેન્ડમ વૉઈસ રેકોર્ડિંગ તપાસ દરેક ડિવિઝન મુજબ કરવામાં આવશે. રેલ મંત્રીએ જણાવ્યું હતું કે નોન-ઈન્ટરલોક ગેટ પર વોઈસ લોગર સિસ્ટમની કાર્યક્ષમતાની પુષ્ટિ બધા ડીઆરએમ દ્વારા કરવામાં આવશે. ઉપરાંત બધા લેવલ ક્રોસિંગ ગેટ પર સ્પીડ બ્રેકર, ચેતવણી બોર્ડ વગેરેને પ્રમાણિત કરવામાં આવશે અને જરૂરી સુધારા કરવામાં આવશે.

### અરૂણાચલના મુખ્યમંત્રીની ચેતવણી

# ચીનમાં વિશ્વનો સૌથી મોટો ડેમ પ્રોજેક્ટ ભારત માટે વોટર બોમ્બ

### ચીન તિબેટનાં યારલુંગ ત્સાંગપોમાં બ્રહ્મપુત્રા નદી પર વિશ્વનો સૌથી વિશાળ ડેમ બનાવી રહ્યો છે, જેને લઈને ચિંતા વ્યક્ત કરી

**। (એજન્સી) ઈટાનગર, તા.૧૦ ।**

અરૂણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પેમા ખાંડૂએ ચીનના વોટર બોમ્બને લઈને ભારતને ચેતવણી આપી છે. ચીન તિબેટનાં યારલુંગ ત્સાંગપોમાં બ્રહ્મપુત્રા નદી પર વિશ્વનો સૌથી વિશાળ ડેમ બનાવી રહ્યો છે, જેને લઈને મુખ્યમંત્રી ખાંડૂએ ચિંતા વ્યક્ત કરી છે. તેમણે ચીનના વિશાળ ડેમને 'વોટર બોમ્બ' ગણાવ્યો છે અને આ ડેમથી આખા પ્રદેશનું અસ્તિત્વ જોખમમાં મુકાવાની આશંકા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે, 'ચીનનો ડેમ પ્રોજેક્ટ કોઈપણ આંતરરાષ્ટ્રીય જળ સંધિનો ભાગ નથી, તેથી તે ખૂબ જ ખતરનાક છે. ચીન પર વિશ્વાસ ન કરી શકાય. જો તેઓ અચાનક પાણી છોડશે તો સિયાંગ



નદીનો સંપૂર્ણ વિનાશ થઈ જશે. ડેમની અસર માત્ર અરૂણાચલ પ્રદેશમાં જ નહીં, આસામ અને બાંગ્લાદેશને પણ મુશ્કેલીમાં મુકી શકે છે. જો ચીને પાણી વહેંચણી કરારો પર હસ્તાક્ષર કર્યા હોત, તો આ પ્રોજેક્ટનો ઉપયોગ પૂરને નિયંત્રિત કરવામાં મદદ કરવા માટે થઈ શક્યો હોત.' સીએમ પેમા ખાંડૂએ વધુમાં કહ્યું કે, 'સિયાંગ નદી કિનારે વસતા આદિ જાતિ અને અન્ય સમુદાયોની આજીવિકા પર સંકટ આવી શકે છે. જો ચીનનો ડેમ પ્રોજેક્ટ પૂરો થશે તો બ્રહ્મપુત્રા અને સિયાંગ નદીઓ બહોળા પ્રમાણમાં સુકાઈ શકે છે. અરૂણાચલ સરકારે ભારત સરકાર સાથે ચર્ચા-વિચારણા કરી છે, ત્યારબાદ સિયાંગ અપર બહુહેતુક પ્રોજેક્ટ નામની એક યોજના બનાવી છે, જે પાણી સંગ્રહ અને સુરક્ષાની દ્રષ્ટિએ ખૂબ જ મહત્ત્વની હશે. ચીને ડેમ પ્રોજેક્ટનું નિર્માણ કાર્ય શરૂ કરી દીધું હોવાની આશંકા છે અને તે કોઈપણ પ્રકારની માહિતી આપી રહ્યું નથી. જો ભારત સમયસર પોતાનો પ્રોજેક્ટ પૂરો કરશે તો પૂરને નિયંત્રિત કરી શકાશે.' બીજીતરફ કેન્દ્ર સરકારે પણ માર્ચમાં સ્પષ્ટ કહ્યું હતું કે, 'સરકાર બ્રહ્મપુત્રા નદી સંબંધીત પ્રવૃત્તિઓ પર નજર રાખી રહ્યું છે અને દેશહિતમાં જરૂરી પગલાં ભરી રહ્યું છે.'

## ૧૫ જુલાઈ સુધી રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

ગુજરાતમાં છેલ્લા બે દિવસથી બંધ રહેલો વરસાદ ફરી શરૂ થવાની આગાહી કરવામાં આવી છે. આજે રાજ્યમાં ભારે પવન અને ગાજવીજ સાથે ધોધમાર વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં આવતીકાલથી વરસાદનું જોર વધી શકે છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે સાયક્લોનિક સર્ક્યુલેશન અને ટ્રફના કારણે ભારે વરસાદ રહેશે. ૧૦ થી ૧૫ જૂલાઈ રાજ્યમાં ભારે વરસાદની શક્યતાઓ છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે રાજ્યમાં કેટલાક જિલ્લાઓમાં મધ્યમથી ભારે વરસાદ થશે. ૧૨ અને ૧૩ જુલાઈએ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરાઈ છે. દરિયામાં ભારે કરંટ હોવાથી માછીમારોને પાંચ દિવસ દરિયો નહીં ખેડવા સૂચના અપાઈ છે.

### વધુ બે મૃતદેહ મળતા મૃત્યુઆંકમાં વધારો

# ગંભીરા બ્રિજ દુર્ઘટનામાં મૃત્યુઆંક વધીને ૧૭ થયો

। (એજન્સી) વડોદરા, તા.૧૦ ।

વડોદરાનાં ગંભીરા બ્રિજ દુર્ઘટનાએ ફરી એકવાર ગુજરાતને શોકમગ્ન કરી મુક્યું છે. આ દુર્ઘટના બાદ સતત એક બાદ એક અપડેટ સામે આવી રહી છે. આ ઘટનામાં મૃત્યુઆંક ૧૭ પહોંચ્યો હતો. જે બાદમાં હવે સમાચાર સામે આવ્યા છે કે, વધુ દુર્ઘટના બાદ હવે ફાયર બ્રિગેડની ટીમને વધુ બે મૃતદેહ મળી આવ્યા છે. આજના દિવસમાં આ નદીમાંથી વધુ ૫ મૃતદેહ મળી આવ્યા છે. ગંભીરા બ્રિજ દુર્ઘટનામાં મૃત્યુઆંકમાં વધારો થયો છે. આજે વધુ બે મૃતદેહ બ્રિજ નીચે નદીમાંથી મળી આવ્યા છે. વિગતો મુજબ NDRF, ફાયર વિભાગની ટીમે મૃતદેહ બહાર કાઢ્યા છે. આ તરફ હવે ગંભીરા બ્રિજ દુર્ઘટનામાં મૃત્યુઆંક ૧૭ પર પહોંચ્યો છે. વડોદરાના ગંભીરા બ્રિજ દુર્ઘટનામાં મૃત્યુઆંકમાં વધારો થયો છે. વિગતો મુજબ અત્યાર સુધીમાં કુલ ૧૭ લોકોના મૃતદેહ મળ્યા છે. હજુ પણ ૨ જેટલા વ્યક્તિઓ લાપતા છે. આ તરફ આજે વહેલી સવારથી જ શરુ થયેલ રેસ્ક્યુ ઓપરેશન હજી પણ યથાવત છે. વિગતો મુજબ હાલ નદીનાં પટમાં કાદવ હોવાથી રેસ્ક્યુ કરવામાં મુશ્કેલી પડી રહી છે. અ સાથે હવે બ્રિજમાં ખાબકેલા વાહનો સુધી પહોચવા માટીનો બ્રિજ બનાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. બ્રિજ ઉપર રહેલા ટેક્રરને સ્ટેબલ કરવાની કામગીરી ચાલી રહી છે અગાઉ વડોદરા કલેક્ટર અનિલ ધામેલિયાએ જણાવ્યું હતું કે, ગઈકાલે રાત્રે વહીવટી તંત્ર દ્વારા દરેક વ્યક્તિના પરિવારજનોનાં મિસિંગ ઈન્ફોર્મેશન પોલીસ મારફતે તેમજ ઈજાગ્રસ્ત વ્યક્તિઓ મારફતે માહિતી મેળવી હતી. તેમજ મિસિંગ વ્યક્તિઓનું લીસ્ટ પણ બનાવેલ હતું. ગઈકાલે ૬ વ્યક્તિઓનું લીસ્ટ મળ્યું હતું. જે મિસિંગ હતા. એમની શોધખોળ પણ શરૂ કરવામાં આવ્યું હતું. SDRF અને NDRF ની ટીમો દ્વારા ફરી શોધખોળ શરૂ કરી હતી. સવારે ૭.૩૦ કલારે પ્રથમ મૃતદેહ મળ્યો હતો. જે બાદ તબક્કાવાર બીજી બે મૃતદેહ મળ્યા હતા.

### ગયા વર્ષે ૧.૧૮ કરોડના ખર્ચે કરાયું હતું બ્રિજનું સમારકામ

વડોદરાના ગંભીરા બ્રિજ દુર્ઘટનાને લઈ મોટો ખુલાસો થયો હતો. ગયા વર્ષે જ ૧.૧૮ કરોડના ખર્ચે બ્રિજનું સમારકામ કરવામાં આવ્યું હતું. સુરતની એજન્સી ધ્રુવિન પી.પટેલને ૧.૧૮ કરોડનો વર્ક ઓર્ડર આપ્યો હતો. બ્રિજનું સ્ટ્રક્ચર તકલાદી થયું હોવા છતા કન્સલટન્ટે કોઈ સૂચન કર્યું ન હતું. ગયા વર્ષે જૂનમાં જ દુર્ઘટનાગ્રસ્ત ગંભીરા બ્રિજના સમારકામ ૧.૧૮ કરોડના ખર્ચે કરાયું હતું. માર્ગ મકાન વિભાગે આ કામગીરી સુરતની ધ્રુવિન પી.પટેલ એજન્સીને આપી હતી. આ એજન્સીએ બ્રિજની પેરાપિટ તેમજ બ્રિજ પર રિસરફેસિંગની કામગીરી જુલાઈ ૨૦૨૪ સુધી પૂર્ણ કરી હતી. આ ઉપરાંત આ વર્ષે પણ ચોમાસામાં બ્રિજ ઉપર તેમજ એપ્રોચ રોડ પર મોટા મોટા ખાડા પડી જતા તેને પૂરવામાં આવ્યા હતા. ગયા વર્ષે જ કન્સલ્ટન્ટ દ્વારા સ્થળની વિઝિટ કરવામાં આવી હતી. જે દરમિયાન વિયરિંગ કોટ કરાવવાની જરૂર હોવાનું સૂચન કર્યું હતુ. પરંતુ બ્રિજના સ્ટ્રક્ચરને લગતું કોઈ સજેશન આપવામાં આવ્યું ન હતુ. આ બ્રિજનું નિર્માણ ૧૯૮૫માં થયું હતુ. આ બ્રિજ ભરૂચ જિલ્લામાંથી તેમજ મધ્ય ગુજરાતમાંથી સૌરાષ્ટ્ર તરફ જવાના માર્ગો માટે મહત્વનો હતો.

### કોંગ્રેસની આંદોલનની ચિમકી

## બ્રિજ દુર્ઘટનામાં જવાબદારો સામે હત્યાનો ગુનો નોંધવાની માગણી

। (એજન્સી) વડોદરા, તા.૧૦ ।

વડોદરા નજીક ગંભીરા બ્રિજ તૂટી પડવાના બનાવમાં મૃત્યુ આંક ૧૫ ઉપર પહોંચ્યો છે. ત્યારે આ બ્રિજ પ્રત્યે ગંભીર બેદરકારી રાખનાર બાંધકામ વિભાગના કાર્યપાલક ઈજનેર સહિત તમામ જવાબદારો સામે માનવવધનો ગુનો દાખલ કરવા કોંગ્રેસે માગ કરી છે, અને તે સદર્ભે વડોદરા જિલ્લા પોલીસ વડાને અરજી કરી છે, સાથે જ આ મુદ્દે આગામી સમયમાં આંદોલન કરવાની પણ કોંગ્રેસ દ્વારા ચિમકી આપવામાં આવી છે. વડોદરા જિલ્લા પંચાયતના વિરોધ પક્ષના નેતાએ બ્રિજની દુર્ઘટનાની ગંભીરતાપૂર્વક તપાસ કરી છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન માર્ગ અને મકાન વિભાગમાં ફરજ સંભાળનાર જવાબદાર અધિકારીઓ તેમજ કોન્ટ્રાક્ટરો સામે ઊંડાણપૂર્વક તપાસ કરી માનવવધનો ગુનો દાખલ કરવા માંગણી કરી છે. તેમણે કહ્યું છેકે, આ મુદ્દે આંદોલનની સાથે સાથે હાઈકોર્ટમાં પણ દાદ માંગવામાં આવશે. વડોદરા જિલ્લા પંચાયતના વિપક્ષના નેતા એમ. આઈ પટેલે જિલ્લા પોલીસ વડાને લખેલી અરજીમાં રજૂઆત કરી છે કે, અમારા જિલ્લા પંચાયતના સદસ્યએ ત્રણ વર્ષથી વારંવાર રજૂઆત કરી છે પરંતુ કોંગ્રેસના સદસ્યને અને તેમની રજૂઆતને ગંભીરતાથી નહીં લેવાની માનસિકતાને કારણે આ પરિણામ જોવા મળ્યું છે. આવી જ રીતે વડોદરા જિલ્લા પંચાયતની પ્રાથમિક સ્કૂલો બાબતે પણ વારંવાર રજૂઆત કરી છે. પરંતુ તે રજૂઆતને પણ ગંભીરતાથી લેવાતી નથી અને તેને કારણે આવી દુર્ઘટના બનવાની શક્યતા રહેલી છે.

મહત્વનું છે કે, એક જાગૃત નાગરિકે ૨૭ જૂન, ૨૦૨૩ ના રોજ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક વીડિયો પોસ્ટ કરીને આ જ ગંભીરા બ્રિજ અંગે ચેતવણી આપી હતી.

તેમણે મુખ્યમંત્રી, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી સહિત મીડિયાને ટેગ કરીને લખ્યું હતું કે, "તમારા માટે બ્રેકિંગ ન્યૂઝ આવશે, જેવા મોરબીના આવ્યા હતા. કવરેજ માટે તૈયાર રહેજો." આ સ્પષ્ટ અને ભયાવહ ચેતવણી છતાં, તંત્ર દ્વારા તેને ગંભીરતાથી લેવામાં આવી ન હતી. અને છેવટે ગંભીરા બ્રિજ દુર્ઘટના બની. મુજપુર જિલ્લા પંચાયતના સભ્ય હર્ષદસિંહ ચંદુભાઈ પરમારે ૪ ઓગસ્ટ, ૨૦૨૨ ના રોજ જિલ્લા કલેક્ટર અને માર્ગ અને મકાન (R&B) વિભાગને પત્ર લખીને બ્રિજની જોખમી સ્થિતિ અંગે ધ્યાન દોર્યું હતું. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે બ્રિજના પીલરોમાં "મોમેન્ટ" આવી ગઈ છે, બ્રિજ પરથી પસાર થતી વખતે ધ્રુજારી અનુભવાય છે અને તેની સપાટી સતત બગડી રહી છે. પત્રમાં સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી હતી કે જો ભવિષ્યમાં કોઈ જાનહાનિ થાય, તો તેની સંપૂર્ણ જવાબદારી તંત્રની રહેશે.

## જામજોધપુરના આંબેડકર ચોકમાં એલસીબીનો જુગાર અંગે દરોડા પડ્યા

। (એજન્સી) જામનગર, તા.૧૦ ।

જામનગર જિલ્લાના જામજોધપુર ટાઉનમાં આંબેડકર ચોકમાં ગઈકાલે મોડી રાત્રે એલસીબીની ટુકડીએ જુગાર અંગે દરોડો પાડયો હતો, અને પત્તા પ્રેમીઓની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૧,૯૪,૬૫૦ ની માલમતા કબજે કરી છે. જામનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે પૂર્વ બાતમીના આધારે ગઈ કાલે રાત્રે જામજોધપુર ટાઉનમાં આંબેડકર ચોકમાં જુગાર અંગે દરોડો પાડયો હતો. જ્યાં ગંજી પાના વડે જુગાર રમી રહેલા ઈશાભાઈ ઓસમાણભાઈ રાવકડા, બસીર અહેમદભાઈ સમા, હુસૈન સુમારભાઈ સંધિ, હનીફ મહમ્મદભાઈ રાવકડા, ઈબ્રાહીમ મુસાભાઈ રાવકડા, તેમજ મહંમદ મુસાભાઈ કટારીયા ની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૨૩,૬૫૦ ની રોકડ રકમ, ચાર નંગ મોબાઈલ ફોન અને ચાર બાઈક સહિત રૂપિયા ૧,૯૪,૬૫૦ ની માલમતા કબજે કરી છે.

### તહેવારો પૂર્વે તેલના ભાવમાં ભડકો

# સીંગતેલ, કપાસિયા તેલમાં ચાર દિવસમાં ૮૦ રૂપિયાનો વધારો

### સિંગતેલના ડબ્બાનો ભાવ વધી ૨,૪૫૦ થયો છે જ્યારે કપાસિયા તેલના ડબ્બાનો ભાવ ૨,૩૦૦ રૂપિયા થયો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

હાલ ચોમાસા બાદ શાકભાજીના ભાવો આસમાને છે. કોથમીર, લીંબુ, સહિત તમામ લીલા શાકભાજીના ભાવમાં વધ્યા છે ત્યારે જતા પર વધુ એક મોંઘવારીનો માર ઝીંકાયો છે. ફરી એકવાર તેલના ભાવમાં ધરખમ વધારો થયો છે. તહેવારો પહેલા સીંગતેલના ભાવમાં ફરી ભડકો થયો છે. સીંગતેલ, કપાસિયા તેલમાં ચાર દિવસમાં ૮૦ રુપિયાનો વધારો થયો છે. સિંગતેલના ડબ્બાનો ભાવ ૨,૩૮૦થી વધી ૨,૪૫૦ રૂપિયા થયો છે. ત્યારે કપાસિયા તેલના ડબ્બાનો ભાવ ૨,૨૨૦થી વધી ૨,૩૦૦ રૂપિયા થયો છે. તહેવારો નજીક આવતા જ તેલના ભાવમાં એકાએક કૃત્રિમ તેજી જોવા મળી છે. જૂના ડબ્બામાં ખાદ્યતેલનું વેચાણ ન કરવાનો નિયમ લાગુ થયો છે. નિયમની કડક અમલવારીથી કૃત્રિમ



તેજી ઉભી થયાનું અનુમાન લગાવવામાં આવ્યું છે. નવા ડબ્બાનો પુરતો સ્ટોક ન હોવાથી વેપારીઓ, મિલમાલિક મુંઝાયા હોવાનું સામે આવ્યું છે. ઉલ્લેખનીય છે કે હવે સાતમ-આઠમ તેમજ જન્માષ્ઠમીનો તહેવાર આવી રહ્યો છે.તેવા સમયે જ તેલના ભાવમાં ફરી ભડકો નોંધાતા મધ્યમ વર્ગ પર તેની અસર જોવા મળશે.

### ૬૫ વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો

# પીએમ શ્રી જવાહર નવોદય વિદ્યાલય, હાથીજણ ખાતે જિલ્લા કક્ષાનો પ્રેરણા ઉત્સવ યોજાયો

। અમદાવાદ, તા.૧૦ ।

અમદાવાદમાં જિલ્લા કક્ષાના પ્રેરણા ઉત્સવનું આયોજન પીએમ શ્રી જવાહર નવોદય વિદ્યાલય, હાથીજણ ખાતે કરવામાં આવ્યું હતું. જિલ્લા સ્તરે આયોજિત આ કાર્યક્રમમાં અમદાવાદના ૬૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ભારત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આ મહત્ત્વાકાંક્ષી પ્રેરણા ઉત્સવ અંતર્ગત વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને કેન્દ્રમાં રાખીને તેમના કૌશલને ઉજાગર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં નિબંધ, વાર્તા લેખન, કાવ્ય લેખન, સંગીત, ચિત્રકલા વગેરે સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ વિષયોની સાથે સામગ્રીની સર્જનાત્મક અભિવ્યક્તિ રજૂ કરવામાં આવી હતી જે નિહાળીને નિર્ણાયકો દ્વારા ક્રમ આપી વિજેતાઓની પસંદગી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓમાં બાળકોની સમજશક્તિનું પણ મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. વિવિધ



સ્પર્ધાઓમાં શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ તેમની કળાનું પ્રદર્શન કર્યું હતું. અ કાર્યક્રમના સંયોજક અને નવોદય વિદ્યાલય, અમદાવાદ-ગુજરાતના પ્રિન્સિપલ શ્રી રવીન્દ્રકુમાર દીક્ષિતે પ્રેરણા કાર્યક્રમના મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો હતો. આ કાર્યક્રમનું સંચાલન શ્રી મંગલ મુખી તથા વરિષ્ઠ શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું હતું. નવોદય વિદ્યાલયમાંથી નિર્ણાયક તરીકે શ્રીમતી નિલિક્ષા ડાબી, શ્રી પ્રદીપકુમાર, શ્રી હાફિઝ કાદરી, શ્રીમતી મયૂરી રાઠોડ, તેમજ કેન્દ્રીય વિદ્યાલય કેન્ટમાંથી શ્રીમતી દીપિકા પાંડે, શ્રીમતી ચીતલ સોલંકી અને શ્રી રંધાવા પ્રસાદ ઉપસ્થિત રહ્યા.

### ST વિભાગે પણ વિશેષ વ્યવસ્થા ઉભી કરી

# શ્રાવણ માસ નિમિતે ST વિભાગ દ્વારા વિશેષ AC Volvo બસની સુવિધા ઉપલબ્ધ કરાશે

### સવારે ૬ કલાકે રાણીપથી આ બસ ઉપડશે અને સાંજે ૪ કલાકે સોમનાથ પહોંચ છે આ માટે બે દિવસ અને એક રાત્રિ રોકાણ સાથેની ટ્રિપ પેકેજ જાહેર કરાયું છે

। (એજન્સી) અમરેલી, તા.૧૦ ।

આ વર્ષે વિશેષ રીતે, આગામી શ્રાવણ માસના દરેક સોમવારે એટલે કે તા.૧૪, ૨૧, ૧૮ જુલાઈ અને ૦૪, ૧૧ અને ૧૮ ઓગસ્ટ-૨૦૨૫ એમ કુલ ૬ સોમવારે વંદે સોમનાથ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમ માટે સોમનાથ ખાતે શ્રી સોમનાથ મંદિર ચોપાટી, પ્રોમોનેડ વોક વે પર શ્રી સોમનાથ મંદિર સામે તેમજ સાગરદર્શન ભવનથી શ્રી સોમનાથ મંદિર તરફ જતા માર્ગ-સ્થળની પસંદગી કરવામાં આવી છે. સોમનાથ મંદિર ખાતે આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મહત્વને રજૂ કરતા આ ક્લાસિકલ-શાસ્ત્રીય સ્વરૂપે વંદે સોમનાથ કાર્યક્રમને વધુમાં




વધુ ભક્તો માણી શકે તે માટે ગુજરાત ST વિભાગે પણ વિશેષ વ્યવસ્થા ઉભી કરી છે. જે માટે અમદાવાદના રાપીણ બસ સ્ટેશનથી વિશેષ AC Volvo બસો દોળશે. સવારે ૬ કલાકે રાણીપથી આ બસ ઉપડશે અને સાંજે ૪ કલાકે સોમનાથ પહોંચ છે. આ માટે બે દિવસ અને એક રાત્રિ રોકાણ સાથેની ટ્રિપ પેકેજ જાહેર કરાયું છે.

આ બસમાં એક યાત્રી માટે જવા- આવવાની ટિકિટ રૂ.૪૦૦૦ તેમજ બે વ્યક્તિ માટે જવા-આવવાની રૂ.૭,૦૫૦ નક્કી કરવામાં આવી છે. જેમાં અલ્પાહાર, બે ટાઈમ ભોજન, હોટલમાં રાત્રિ રોકાણ અને ગાઈડની સુવિધા પણ આપવામાં આવે છે. આ પેકેજમાં સોમનાથ ખાતે લાઈટ એન્ડ સાઉન્ડ શો, ત્રિવેણી સંગમ આરતી, ભાલકા તીર્થ, રામ મંદિર અને ગીતા મંદિરનો સમાવેશ થાય છે. આ બસ બીજા દિવસે સોમનાથથી સવારે ૯.૩૦ કલાકે નિકળીને રાત્રે ૧૦.૩૦ કલાકે રાણીપ, અમદાવાદ પરત ફરશે, તે ગુજરાત પ્રવાસન વિભાગની યાદીમાં વધુ જણાવ્યું છે.

## જસદણમાં રસ્તાઓ પર ઠેરઠેર ખાડારાજ જોવાયા

। (એજન્સી) રાજકોટ, તા.૧૦ ।

રાજકોટમાં વરસાદ બાદ ઠેર ઠેર ખાડારાજ જોવા મળી રહ્યું છે. ત્યારે જસદણના સ્મશાન વાળા રોડની બિસ્માર હાલતથી મૃતકની નનામી લઈ જવામાં પણ લોકોને પરેશાનીનો સામનો કરવો પડે છે, રસ્તા પર ખાડાઓ અને ખુલ્લી ભૂગર્ભ ગટરથી પ્રજા પરેશાન છે. ત્યારે લોકોનું કહેવું છે કે બે દિવસ પહેલા જ્યાં નનામીને વિસામો આપવામાં આવે તે જગ્યાએ કાંધ દેનાર વ્યક્તિનો પગ લપસી પડતા નનામી નીચે પડી ગઈ હતી.

સ્મશાન વાળા મુખ્ય રસ્તાની બાજુમાં ગેબનશા સોસાયટી આવેલી છે, સોસાયટીના લોકો ખાડાઓ વાળા રસ્તાથી પરેશાન છે. છેલ્લા ૧૫ વર્ષથી આવી હાલાકીનો સામનો કરી રહ્યા છે. વારંવાર તંત્રને રજૂઆત કરવા છતાં લોકોની ફરિયાદનું કોઈ નિવારણ આવતું નથી, રસ્તા પર મોટા મોટા ખાડા પડી ગયા છે. જેમાં વાહન ચાલકોનું વાહન ખાડામાંથી પસાર થાય છે, ત્યારે વાહનમાં નુકસાન પણ થાય છે. મોટા મોટા ખાડાઓને લઈને ટ્રાફિક જામ થાય છે, ચાલુ વરસાદમાં રસ્તા પર પસાર થનાર રાહદારીઓ અને ટુ-વ્હીલર ચાલકો ગબડીને પડી જાય છે.સ્મશાન વાળા મેલડી માનું મંદિર આવેલું છે. મંદિરે રવિવાર અને મંગળવારે લોકો દર્શન કરવા આવતા હોય છે. ત્યારે લોકોને રસ્તા પર પસાર થવામાં બહુ જ તકલીફ પડે છે, જ્યારે ગેબનશા સોસાયટીના લોકોની એક જ માગ છે કે તાત્કાલિક ખાડા પુરવામાં આવે અને તે સિવાયની અન્ય બીજી સમસ્યાઓનું પણ નિરાકરણ કરવામાં આવે, જ્યારે ચૂંટણી આવે છે ત્યારે મત માગનારા લોકો મુસીબતના સમયે કોઈ પણ દેખાતા નથી, જ્યારે નળવેરો, સફાઈવેરો, મકાનનો વેરો લેવો હોય છે. ત્યારે તો તાત્કાલિક આવી જાય છે પણ પબ્લિકનું કામ કરવાનું આવે ત્યારે કોઈ દેખાતું નથી એવું વિસ્તારના લોકો કહી રહ્યા છે.

# થરા શ્રી ઓગડ વિદ્યા મંદિર ખાતે ખાતે ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી

### કાંકરેજ તાલુકાના પૂર્વ. ધારાસભ્ય સ્વ.ભગતભાઈની ૩૮મી પુણયતિથીએ શ્રદ્ધા સુમન અર્પણ કરવામાં આવ્યા



તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૧૦ ।

કાંકરેજ તાલુકા કેળવણી મંડળ સંચાલિત શ્રી ઓગડ વિદ્યા મંદિર થરા ખાતે ગુરૂ પૂર્ણિમાની ઉજવણી સાથે કેળવણી મંડળના જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ, કાંકરેજ તાલુકાના પૂર્વ ધારાસભ્ય સ્વ.શાંતિલાલ છોટાલાલ ધાણધારા (ભગત)ની ૩૮મી પૂણ્યતિથિની ઉજવણી કાંકરેજ તાલુકા કેળવણી મંડળના મંત્રી જીતુભાઈ શાહના અધ્યક્ષ સ્થાને કરવામાં આવી. આ પ્રસંગે શાળા ની બાળાઓએ ગુરુવંદના ગીત, ભજન રજુ કરી ગુરુનો મહિમા અપરંપાર છે તેવી ભાવના સાથે ગુરૂજીઓનું કુમકુમ તિલક કરી પૂજન કરેલ અને સ્વ.શાંતિલાલ છોટાલાલ ધાણધારા (ભગત)ની ૩૮મી પૂણ્યતિથિએ તેમને શ્રદ્ધા સુમન અર્પણ કરેલ.આ પ્રસંગે ભજન વકતૃત્વ સ્પર્ધા પણ યોજવામાં આવી હતી.આ પ્રસંગે આચાર્ય અશોકભાઈ વાલાણી, યશપાલસિંહ ટી વાઘેલા, ભૂપેન્દ્રભાઈ શાહ, દિલીપભાઈ ધાણધારા સુરેશભાઈ ત્રિવેદી સમકિતભાઈ શાહ, ચંપકભાઈ પરમાર, કે.એલ. વાઘેલા, વી.કે. ચૌધરી, કે.એ. દલ વાડી, વી. આર. જોશી, વી.એન. ઠાકોર,જે. એમ.ચરમટા, નારણભાઈ ચૌધરી, અનિલભાઈ, ભલાભાઈ વિગેરે ગુરુજીઓના આશીર્વાદ વિદ્યાર્થી ભાઈબહેનોએ લીધા હતા.કાર્યક્રમનું સંચાલન વી.એમ. રાવળ અને સુહાગભાઈ બારોટે ભાવમયી શૈલીમાં કરેલ.

